


સને ૧૯૫૬ જુલાઈ ૨૧ મી તારીખની કાળરાત્રીએ અંજાર ભૂમિ પર થયેલ ભયંકર ભૂકંપથી શ્રી શાન્તિનાથ જિનાલયને પણ નુકશાન થયું હતું. તે મૂળ પાયામાંથી નવેસરથી જિનાલય થયું છે તેનું આ એક દૃશ્ય છે. શ્રી નંદલાલ ચુનીલાલ સોમપુરાની દેખરેખ નીચે તૈયાર થયું છે.


વર્ષ ૧૭ : વીરસ. ૨૪૮૬ : વિ. સં. ૨૦૧૬ : વાર્ષિક લવાજમ

અંક ૧ : માર્ચ-૧૯૬૦ : ફાગણ : રૂા. ૫-૫૦



—: સંપાદક :—

સોમચંદ ડી. શાહ


# કલ્યાણ

## વિષય દર્શન


ઉઘડતે પાને 1

એનો જવાબ ક્યાં છે? ૩
શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

સુખદુઃખનાં ચક્ર
પૂ. નિત્યાનંદવિજયજી મહારાજ ૫

હું અને અમે શ્રી મફતલાલ સંઘવી ૯

પ્રભુજીના બિંબની આકૃતિ
શ્રી નેમિદાસ અભેચંદ શાહ ૧૦

કષાયન્ સંવૃણું પ્રાજ્ઞઃ શ્રી પ્રિયદર્શન ૧૩

મનન અને ચિંતન
ડૉ. શ્રી વલ્લભદાસ નેણશીભાઈ ૧૬

સ્યાદ્વાદ
પૂ. પં. શ્રી સુશીલવિજયજી ગણિવર ૧૮

મનન માધુરી શ્રી વિમર્શ ૨૧

સ્ત્રી-સ્વાતંત્ર્ય શ્રી પ્રિયદર્શન ૨૩

જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા શ્રી કિરણ ૨૯

પરિમલ શ્રી શિશિર ૩૨

ફુલ અને ફોરમ
પં. શ્રી પ્રવિણવિજયજી ગણિવર ૩૪

સંસાર ચાલ્યો જાય છે.
વૈદ્ય શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી ૩૭

કુલ દીપક શ્રી સૂર્યશિશુ ૪૫

સાભાર સ્વીકાર શ્રી અભ્યાસી ૪૯

અધિકાર અને ફરજ
શ્રી ઉજમશી જુઠલાલ શાહ ૫૧

આજની કેળવણી શ્રી નવિન કોઠારી ૫૨

પુનરૂત્થાનના મંગલમાર્ગે
કુ. જ્યોત્સનાબેન શાહ ૫૩

હા....એ જીવન ૬૨

શ્રી નવકાર મંત્રનો ચમત્કાર
શ્રી ભદ્રભાનુ ૬૪

સમાચાર સાર શ્રી સંકલિત ૭૩



**રજીસ્ટર્ડ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ ના અન્વયે**

**કલ્યાણ માસિક અંગેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.**

પ્રસિદ્ધિ સ્થળ : વઢવાણ સીટી (સૌરાષ્ટ્ર)
પ્રસિદ્ધિનો ક્રમ : દર અંગ્રેજી માસની ૨૦ મી
મુદ્રકનું નામ : જશવતસિંહજી પ્રી. પ્રેસ
સોમચંદ ડી. શાહ

કઈ જ્ઞાતિના : ભારતીય
ઠેકાણું : શીયાણીની પોળ
પ્રકાશક : કલ્યાણ પ્રકાશન મંદિર
ઠેકાણું : શીયાણીપોળ વઢવાણ સીટી
તંત્રીનું નામ : સોમચંદ ડી. શાહ
કઈ જ્ઞાતિના : ભારતીય
ઠેકાણું : જીવન નિવાસ સામે
પાલીતાણા
માલીકનું નામ : કલ્યાણ પ્રકાશન મંદિર
ઠેકાણું : જીવન નિવાસ સામે
પાલીતાણા

આથી હું જાહેર કરૂં છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

૨૦-૩-૬૦ **સોમચંદ ડી. શાહ**


### કેટલુંક અગત્યનું

★ સ્થળ સંકોચને કારણે કેટલાક લેખો રહી જવા પામ્યા છે તે હવે પછીના અંકમાં પ્રથમ સ્થાન આપીશું લેખકો અમને દરગુજર કરે.

★ મનીઓર્ડર કે પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અવશ્ય લખવા.

★ કલ્યાણ દર મહિનાની ૨૦ તારીખે પ્રગટ થાય છે.

★ નવા દશ ગ્રાહકો બનાવી આપનારને 'કલ્યાણ' એક વર્ષ ફ્રી મોકલીશું.

★ ટાઈટલ પેજ ઉપર માટે ફોટાઓ કે બ્લોકો સારા હોય તે જ મોકલવા.

# ઉઘડતે પાને

સત્તરમા વર્ષના મંગલ પ્રભાતે ડગ ભરતું 'કલ્યાણ' માસિક, સમાજના સર્વ કોઈ સાહિત્યરસિક ધર્મશીલ વર્ગના શુભાશિષોની અપેક્ષા રાખે છે. સોળ-સોળ વર્ષથી જૈનસમાજના અવાંતર મતભેદોને ગૌણ કરી, શાસનના પ્રાણપ્રશ્નોની રક્ષા કાજે જેણે દરેક રીતે શકયું કર્યું છે. તે 'કલ્યાણ' માટે અમે કેવલ આપના શુભાશિષ, સદ્ભાવ તથા સહકારની પ્રાર્થના કરીએ છીએ.'

કાગળો, છાપકામ તથા અન્યાન્ય સાધનોની કારમી મોંઘવારીના આ કાલમાં દર-મહિને દશ ફર્મા લગભગનું વાંચન 'કલ્યાણ' સમાજની સેવામાં આપી રહ્યું છે, તે જૈન સમાજના કોઈ પણ માસિક, પાક્ષિક કે અઠવાડિક કરતાં તેની વિશિષ્ટતા છે, એ સર્વ કોઇ કબૂલશે જ.

ગત વર્ષમાં કલ્યાણે ૯૩૨ પેજનું વાંચન આપ્યું: અને દરમહિને ટાઈટલ આદિના ૪ પેજ જુદા: એ રીતે મહિને ૧૦ ફર્મા ઉપરનું સાહિત્ય કલ્યાણે સમાજની સમક્ષ ધર્યું છે. જે માટે અમે ગૌરવ લઈએ છીએ. સાહિત્ય કેટલું આપ્યું? કે કેટલા પાનાનું આપ્યું? તે જ કેવલ અમારે મન મહત્ત્વની હકીકત નથી. અમે તો નક્કર, તાત્ત્વિક તથા સાત્વિક વાંચન, સમાજના શ્રદ્ધા, સંસ્કાર તથા સાહિત્યના ખપી ધર્મશીલવર્ગની સમક્ષ ધરવા નિરંતર સજાગ છીએ, ને તે દિશામાં અમારો પ્રયત્ન ચાલુ છે.

અમે પરિપૂર્ણ હોવાનો અમારો દાવો નથી. અનેક પ્રકારની ખામીઓ અમારા પ્રયત્નમાં રહેલી છે, તે સર્વ બદ્દલ અમે સર્વ કોઇની ક્ષમાના અર્થી છીએ. સર્વ કોઇને એટલું જણાવવાનું કે, જૈનશાસનની વફાદારી, તેની નિષ્ઠા તથા તેની સેવા એ અમારૂં જીવન વ્રત છે. સર્વ કોઇને જૈનશાસનના મૂલ માર્ગ પ્રત્યે રૂચિ જાગ્રત થાય, બહુમાન ભાવ વધે, શ્રધ્ધા પ્રગટે, નિષ્ઠા આવે, તે માટે અમારો આ પ્રયત્ન છે. ને તેમાં સર્વ કોઇ ધર્મશીલ સંસ્કારી: આત્માઓના સહકારની અમે અપેક્ષા રાખીએ છીએ.

છેલ્લે અમારી એક જ માંગણી છે, સારા સારા શ્રદ્ધાશીલ સંસ્કારી લેખકોના જેમ બને તેમ સુરુચિપૂર્ણ લેખોનો પ્રચાર કરી તે દ્વારા સમાજમાં શ્રદ્ધા, સમભાવ, શિક્ષણ, સંયમ તથા સંસ્કારપોષક સાહિત્યના પ્રચાર કાજે મથતા 'કલ્યાણ' નો જેમ બને તેમ વધુ ને વધુ પ્રચાર થાય તે રીતે સર્વ કોઈ અમને સહકાર આપતા રહે! તો આથી પણ અનેક રીતે 'કલ્યાણ' ને સમૃદ્ધ કરવાના અમારા મનોરથો ફળતા રહે!

શાસનદેવ! અમને સંસાર સમસ્તના મંગલ કાજે પ્રયત્નશીલ બનવાના અમારા મનોરથો સફલ બનાવવામાં સહાયક બનજો!

**સંસાર સમસ્તનું કલ્યાણ હો!**

તા. ૫-૩-૬૦

( અનુસંધાન પેજ ૪ નું ચાલુ )

પંડિતજીનો એકરાર ગમે તેટલો પ્રામાણિક હોય પરંતુ શાસક પક્ષના ફુટી ગયેલા પરપોટાને ફરીવાર જીવતો કરી શકે એમ નથી એ એક નગ્ન સત્ય છે.

અને આવા સત્તાને સાચવી રાખવાના પ્રશ્નો ખાતર શાસક પક્ષ આકરામાં આકરી તપશ્ચર્યા જહેમત કરવા ચૂકતો નથી.

પણ જનતાના પોતાના જીવતરના પ્રશ્નો પ્રત્યે જાણ્યે કોઈ નેતાને પડી નથી.

દિવસે દિવસે મોંઘવારી વધતી જાય છે અને ખુશામતખોરો એને જીવનધોરણ ઉંચે આવ્યાનું બિરુદ આપતા જાય છે.

દિવસે દિવસે ભુખમરો વધતો જાય છે. જીવનથી કંટાળેલા અનેક નરનારીના આપઘાતોની પરંપરા સરજાતી જતી હોય છે. બેકારીનું ખપ્પર રાષ્ટ્રની કાયા પર લાવા પાથરતું હોય છે.

અને યોજનાના ગીતોમાં ખોવાઈ ગયેલા રાષ્ટ્રના આગેવાનો રોમ સળગતું હતું ત્યારે નીરો જે મસ્તી માણતો હતો એવી ભયંકર મસ્તીના જામ હાથમાં રાખીને હસતા હોય છે!

સરહદના પ્રશ્નો સળગતા જ રહે છે.

દેશમાં પડેલાં વિદેશી ચાંદાઓ રૂઝાઇ શકતાં નથી.

એક દિવસે દ્વિભાષી થાય છે તો બીજે દિવસે વિભાજનના તરંગો નાચતા હોય છે.

જનતાનો એક પણ પ્રશ્ન હલ થતો નથી. કયારે હલ થશે એની કોઇ કલ્પના પણ પણ સાકાર બનતી નથી.

હા...લોકો પાસેથી અન્ય સ્વતંત્ર રાષ્ટ્રો કરતાં યે વધારે કરભારણ લેવામાં આવે છે.

અને એના બદલામાં લોકોને શું મળે છે!

પોતાની જાતને રાષ્ટ્રની શકિત માની રહેલા અથવા તો પોતાના પક્ષને ભારતનો તારણહાર મનાવી રહેલા માણસો આ સવાલનો જવાબ કયારે આપશે?

એનો જવાબ છે નહિં. એનો જવાબ તો પડયો છે મોંઘવારીના કાતિલ અટ્ટહાસ્યમાં! જન–યાતનાઓના છૂપા ક્રંદનમાં! ધર્મ અને નીતિના પાયા પરથી ફંગોળાઈ રહેલી જનતાની દર્દનાક ચીસોમાં!


## આત્મ કલ્યાણ માટે અનોખી યોજના

એકાંત, શાંત અને પવિત્ર વાતાવરણમાં ધર્મારાધના કરવાની સુંદર તક છે. સર્વવિરતિ ચારિત્રધર્મના સાધ્યપૂર્વક અંશે પણ દેશવિરતિ ધર્મનું આરાધન કરવું અને કરાવવું એ આ સંસ્થાનો ઉદ્દેશ છે. ( ફક્ત પુરુષો માટે )
પાલીતાણા તળેટીના પવિત્ર વાતાવરણમાં જીવન સુવાસ પ્રગટાવવા માસિક રૂા. ૪૦, માં રહેવા તથા જમવાની ઉત્તમ સાનુકૂળતા. વિશેષ વિગત માટે મળો યા લખો.

**શ્રી જૈન શ્વે. મૂ. મુમુક્ષુ શાંતિનિકેતન, તલાટી, ગિરિવિહાર પાલીતાણા.**

# કલ્યાણ

વર્ષ : ૧૭ ✱ અંક ૧ : ફાગણ ★ ૨૦૧૬


## એનો જવાબ કયાં છે?

લેખક : વૈદ્યરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

લોકશાહીના પાયા પર રચાયેલી કોઈ પણ પક્ષની સરકાર જો લોકોનાં દુઃખ દૂર ન કરી શકે અથવા લોકોના પાયાના પ્રશ્નોનું નિવારણ ન સાધી શકે અથવા સુચારુ તંત્ર નિર્માણ ન કરી શકે તો લોકશાહીનો હેતુ કેવળ બોલવા પુરતો અથવા તો કાગળ પર જ શોભતો હોય છે.

આપણા લોકશાહી તંત્રની દશા લગભગ આવી જ છે. જેમ જેમ દિવસો જતા જાય તેમ તેમ લોકોના જીવન વ્યવહારની મુશ્કેલીઓ વધતી જાય છે, લોકોની યાતનાઓનો અંત દેખાતો નથી. લોકોના પ્રશ્નો દિવસે દિવસે જટિલ બનતા જાય છે. ઉકેલના બદલે કોકડું વધારે ગુંચવાતું જાય છે.

એક દિવસે ખાંડની અછત દેખાતી હોય છે તો બીજે દિવસે અનાજની બુમ પડતી હોય છે.

ઘી-દૂધની નદીઓ વહેતી હતી એતો આજે પાતાળમાં પરવારી છે! પરંતુ ઘી-દૂધની નદીઓ વહેવડાવવાની વાતો કરનારાઓ જ જાણે ઘી-દૂધના વિનાશનો માર્ગ નિર્માણ કરતા હોય છે.

દિવસ ઉગે છે ને એક સમિતિ નિમાતી હોય છે અથવા એક નિયમ ઘડાતો હોય છે.

અને દિવસ આથમે તે પહેલાં કાંતો એક કાયદો લદાતો હોય છે અથવા લોકોને વધુ ભોગ આપવાનું આહ્વાન થતું હોય છે અથવા નવો કર નાખતો હોય છે અથવા જુનો કોઈ કર વધારે સમૃદ્ધ બનતો હોય છે.

અને લોકોના કલ્યાણમાર્ગના નામે પહેલી પંચવર્ષીય યોજના શરૂ થઈ હતી તે પછી આજ બીજી પણ પુરી થવા આવી છે અને ત્રીજી પંચવર્ષીય યોજનાનાં હાલરડાં ગવાવાં શરૂ થઇ ચૂકયાં છે.

પહેલી પંચવર્ષીય યોજનાએ જનતાનું કોઈ દારિદ્ર દૂર કર્યું નથી. એ એની એક સશ્યિામ કરુણ નિષ્ફળતા હોવા છતાં યોજનાને ચગાવનારાઓ અથવા સત્તાધારી પક્ષના ખવાસો એના ગુણગાન ગાવામાં જરાયે સંકોચ રાખતા નથી કે જરાયે કૃપણતા દાખવતા નથી.

અને બીજી પંચવર્ષીય યોજનાનું પરિણામ પણ જનતાના પ્રાણને વિસામો આપે એવું અંશતઃ દેખાતું ન હોવા છતાં સત્તાખોર જમાતના ખવાસો એની બોલબાલા બોલતા હોય છે.

અને લોકો સામે સંતોષપૂર્વક જીવવાનો પાયાનો પ્રશ્ન દિવસે દિવસે વિકટ બનતો જાય છે.

ગરીબો વધારે ગરીબ બનતા જાય છે. નવી રાજાશાહીના ખાંધીયાઓ વધુ ને વધુ માલદાર બનતા જાય છે.

છતાં સમાજવાદી સમાજ રચનાનાં નિર્ગંધ ગુલાબો બિછાવતા જાય છે.

આજનો શાસક પક્ષ એક દિવસે જે નિર્ણય કરે છે તે વળતે જ દિવસે કાંતો ભુંસાઈ જતો હોય છે, કાં વાસી બની જતો હોય છે, કાં હવામાં એકાદ અટ્ટહાસ્ય જેવો બનીને લોકોના અંતસ્તલને કંપાવી જતો હોય છે.

શાસક પક્ષના ખવાસો આજ સુધી પક્ષની બિન આવડતને ઢાંકવા ખાતર અથવા તો નિષ્ફળતા અને અનિશ્ચિત નીતિને છૂપાવવા ખાતર કોમવાદ સામે જેહાદ પોકારતા હતા. કોમવાદનો કનકવો ચગાવીને લોકોને જુદા માર્ગે વાળવાનો પ્રયત્ન કરતા હતા. પરંતુ એ ખુશામતખોરો અને જીલબ્બે કરનારાઓનો પરપોટો કેરલની ચુંટણી વખતે સાવ ફુટી ચૂકયો છે.

સત્તા પ્રાપ્ત કરવા ખાતર—જેના પ્રાણમાં કોમવાદનું તીવ્ર વિષ ભરેલું છે અને જેના ચુંટણીનામામાં એ વિષની ખુલ્લી ઝલક મૂકવામાં આવેલ છે તે મુસ્લીમ-લીગ સાથે સંધિ કરીને વિભાજન વખતે ભારતે સહેલી યાતનાઓની ક્રૂર મશ્કરી કરી નાખી છે. કેવળ સત્તા પ્રાપ્ત કરવા ખાતર !

અને વધારે કમનશિબ બીના તો એ છે કે ચુંટણી પત્યા પછી....શાસક પક્ષનાં વિજયદુંદુભી વાગ્યા પછી પંડિતજી કહે છે કે મને લીગના ચુંટણી નામાની ખબર જ નહોતી !

સફેદ જુઠ્ઠાણાઓ આવાં જ હોય છે. જેના આગેવાનો મહિનાઓથી કેરલની ધરતી પર પથરાયેલા પડયા હોય છે, જેના ભૂતપૂર્વ પ્રમુખ કેરલની ચુંટણીનો સમગ્ર તમાશો સંચાલિત કરતા હોય છે અને જેના અનેક નેતાઓ ચુંટણી પ્રચારની ડમરી ચગાવવા કેરલની ધરતી પર ગયા હોય છે, તે સંસ્થાના અગ્રણીને લીગના ચુંટણી નામાની ખબર પણ ન પડે એ કેટલું અંધેર ગણાય ? નાનામાં નાની વાતની ખબર પડે અને મોટામાં મોટી વાત આંખ સામે ન આવે !

( અનુસંધાન પેજ ૨ જું )

# સત્તરમા વરસનાં માંગલિક વચન

પૂ. મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજ

**સ** સસ્સો કહે સૂણો સહુ, સમકિત અનુપમ યાન; ગ્રહણ કરે જે ભવિજન, પહોંચે પદ **કલ્યાણ**. ૧

**ત્ત** ત્તો કહે તરવાર ગ્રહી, સજ્જ થાઓ સૌ આજ; મોહરિપુને હણીને, પામો **કલ્યાણ** રાજ. ૨

**ર** કહે છે સાંભળો, રતિ અરતિ ભય શોક; દ્વેષ ઈત્યાદિ ટાળતાં, **કલ્યાણ** કેલી થોક. ૩

**મા** કહે છે માનવી, મમતા મોહ નિવાર; માયાને દૂરે કરો, **કલ્યાણને** નહિ વાર. ૪

**વ** વવો તો વાતો વદે, વૈર વિરોધ વંટોળ; વખોડી નાખો તમે, **કલ્યાણના** રંગરોળ. ૫

**ર** કહે છે જીવને, કર આતમ ઉજમાળ; ધર્મ કર શુભ ભાવથી, તો **કલ્યાણ** રસાળ. ૬

**સ** કહે છે સાનમાં, દુર્લભ છે જિન ધર્મ; મળ્યો છે બહુ પુન્યથી, સાધો **કલ્યાણ** શર્મ. ૭

**ના** કહે કરશો નહિ, નિંદા ને નીચ કામ; ગાઓ ગુણ ગુણી તણાં, **કલ્યાણના** નહિ દામ. ૮

**માં** કહે છે ધન્ય આ, મનુષ્ય ભવ મનોહાર; પ્રમાદ જો કરો નહિ, તો **કલ્યાણનું** દ્વાર. ૯

**ગ** ગગો તો ગંભીર છે, ગયો કાલ અનંત; સંયમને સાધ્યા વિના, **કલ્યાણ** કેમ સાધંત. ૧૦

**લિ** કહે છે લેખાશમાં, લહો સંયમ ભરપૂર; નિરતિચારે પાળતાં, થાયે **કલ્યાણ** સનૂર. ૧૧

**ક** ક્કો કહે કાપો તમે, કામ-ક્રોધના દોર; સમતા યોગે આદરો, **કલ્યાણ** ચારે કોર. ૧૨

**વ** કહે વહેલા ઉઠી, કરો પરમેષ્ઠિ ધ્યાન; જે ઇચ્છો તે સંપજે, નિત્ય હોવે **કલ્યાણ**. ૧૩

**ચ** ~~કહે છે~~ જીવને, સાંભળજો હિત કાજ; રોકી ચંચલ ચિત્તને, ચઢો **કલ્યાણને** પાજ. ૧૪

**ન** નનો કહે છે જીવને, ચારિત્ર મનોહાર; નિત્ય આનંદે સેવતાં, **કલ્યાણ** હારોહાર. ૧૫

# સુખદુઃખનાં ચક્ર

પૂ. મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજ

જીવનમાં ન્હાનો પણ નિયમ, થોડી પણ સાદી સમજણ કેવી રીતે લાભદાયી થાય છે? તે હકીકતને આલેખતી ગુણદત્તની કથાનો બીજો હપ્તો 'કલ્યાણ'ના ૧૦મા અંકમાં પ્રસિધ્ધ થયેલ, તેનાં અનુસંધાનમાં તેનો ત્રીજો હપ્તો અહિં પ્રસિધ્ધ થાય છે, જે આ અંકે પૂર્ણ થાય છે.

ઉજ્જૈની નગરીના સઘળા લોકો આજે આનંદમાં છે. કેમકે આજે ગુણદત્ત શેઠ આવી રહ્યા છે. અને તેમનો નગરમાં ખુદ રાજા પોતે પ્રવેશ કરાવવાના છે.

ગામોગામમાં ગુણદત્તની જે કીર્તિ ફેલાતી હતી. તે ઉજ્જૈની નગરીના રાજાએ પણ સાંભળી હતી. તેમને ખબર મળી હતી કે અમુક દિવસે ગુણદત્તશેઠ ઉજ્જૈની આવે છે. આથી રાજાએ આખા નગરમાં ઢંઢેરો પીટાવી ખબર આપ્યા હતા. તેથી વહેલી સવારથી સૌ ઉત્સાહિત થઇ ગયા હતા.

શાંતા ઝુંપડીમાં રહેતા ગામના બાળકોને સારા સારા સંસ્કાર પાડતી હતી. અને ભણાવતી હતી. આથી ગામમાં શાંતાની પણ સારી નામના થઈ હતી.

શાંતા પણ પોતાના પતિને મળવા ઉત્કંઠિત થઇ રહી છે. નાના બાળકોને સાથે લઈને સામૈયું જોવા ઉજ્જૈન આવી એક સ્થળે ઉભી રહી છે.

રાજ્યની તમામ સામગ્રીથી યુક્ત સામૈયું નગર બહાર જઇ ગુણદત્ત શેઠને હાથી ઉપર બેસાડી નગરમાં પ્રવેશ કરાવે છે. જ્યાં શાંતા છે ત્યાં સામૈયું આવતા શાંતાથી એકદમ બોલાઈ ગયું કે 'નાથ.' ગુણદત્ત પણ શાંતાને શોધી રહ્યો હતો શાંતાને ખબર મોકલાવવી રહી ગઇ હતી. તેના વિચારમાં હતો ત્યા શાંતાનો અવાજ કાને પડયો અને શાંતાને પણ હાથી ઉપર બેસાડવામાં આવી.

આ પ્રસંગ બનતાં લોકોનો ઉત્સાહ વધી ગયો. સૌને ખબર પડી કે આ તો આપણા નગરશેઠ પ્રેમદત્ત શેઠની પુત્રી શાંતાના પતિ છે. કનકદત્તને પણ તે વખતે ખબર પડી કે મારા સાઢુભાઈ છે.

સામૈયુ રાજસભામાં ઉતર્યું ત્યાં મોટી સભા ભરાઈ. તે વખતે ગુણદત્તે ઘણી રકમ દાનમાં આપી. અવસરે પ્રગટ કરવા માટે કનકદત્તને ગુપ્ત વેશમાં પોતાના મિત્ર તરીકે રાખેલ છે.

પછી રાજાએ આપેલ સુંદર મહેલમાં મુકામ કર્યો; શાંતા આવી. બન્ને મળ્યા. પ્રવાસની બધી વાત કરી, પારસમણિ મળ્યાની પણ વાત કરી. શાંતાએ પણ પોતાની હકિકત જણાવી, છેવટે કહ્યું કે 'મારા પિતાજીને રાજાએ કેદ કર્યા છે અને બધી મિલ્કત જપ્ત કરી છે. કેદ કરવાનું કારણ જણાવ્યું ને કહ્યું 'મારા પિતાને આપ કોઇ ઉપાયે છોડાવો તો મને ઘણો આનંદ થાય.'

ગુણદત્ત, બીજે દિવસે સવારે રાજા પાસે જઈ બધી વાત કરી અને કહ્યું કે 'તેમની હવેલીમાં તપાસ કરાવો, તો સત્ય વાતની ખબર પડે. આવા સજ્જન શેઠ તમારૂં અપમાન કરે એ અસંભવિત છે. ઉતાવળના યોગે ભૂલ થઈ ગઈ લાગે છે.

રાજાએ તુરત માણસ મોકલી શેઠની હવેલીની તપાસ કરાવી. તો શેઠના શયન ખંડમાં પલંગ નીચેથી એક પડિકું નીકળ્યું તેના ઉપર લખ્યું હતું કે 'રાજાના પુત્રજન્મ પ્રસંગે ભેટ' માણસોએ પડિકું લઈને રાજાને આપ્યું. રાજાને ઘણો કે પશ્ચાત્તાપ થયો. નિર્દોષ શેઠને મેં હેરાન કર્યા. તુરત શેઠને માન સહિત કારાગારમાંથી મુક્ત કરી પોતાની પાસે લાવવા હુકમ કર્યો.

થોડીવારમાં શેઠને માન સહિત રાજા પાસે લાવવામાં આવ્યા. રાજાએ પોતાથી પાસે બેસાડી, માફી આપી. અને કહ્યું કે 'આ સજ્જન પુરુષના પ્રતાપે તમે છુટી શકયા છો.'

શાંતા પણ ત્યાં પરદામાં હાજર હતી. ગુણદત્તે ઈસારો કર્યો એટલે તુરત બહાર આવી સોનાના ઉંદરો પિતાના ચરણમાં મૂકી, પગે લાગીને બોલી 'હે પિતાશ્રી! આપની આશીષના રૂડા પ્રતાપ. જે મૂએલો ઉંદર દીકરીને સાસરવાસમાં તમે આપ્યો હતો. તે વખતે કરેલી મારી પ્રતિજ્ઞા આજે પૂર્ણ કરૂં છું અને આપના આશીર્વાદ માંગુ છું.

પ્રેમદત્તશેઠ શાંતાને જોઇ ચમકયા. પોતે રાજસભામાં શરમિંદા પડી ગયા. રાજાએ ખૂલાસો કર્યો. 'આ સજ્જનપુરૂષ એજ તમારા જમાઈ છે, કે જે વખતે તમારા ત્યાં ચોરી કરવા આવ્યા હતા.'

પ્રેમદત્તશેઠ પુત્રી અને જમાઇને જોઈ ઘણા ખુશી થયા. અને બોલ્યા કે 'પુત્રી! તું ઘણી જ ભાગ્યવંતી છે. તારા ભાગ્યયોગે તને આવો પતિ પ્રાપ્ત થયો. ખરેખર કર્મનું કર્યું જ થાય છે, એ વાત મારા હૃદયમાં જચી છે.

સૌ આનંદપૂર્વક રહેવા લાગ્યા. માત્ર મંગળા ઉદાસીન છે. કેમકે તેના પતિ કનકદત્તના કંઈ સમાચાર નથી.

ગુણદત્તે મંગળાને કહ્યું કે 'આવતી કાલે તારા સસરાને ત્યાં અમે જમવા આવશું. તું તારા સસરાને ખબર આપજે.'

મંગળા બોલી; 'અહો અમારા અહોભાગ્ય. આપ જેવા સજ્જન શિરોમણિના પગલા અમારા ઘેર કયાંથી થાય? મારા સસરા પણ આપને આમંત્રણ આપવાનો વિચાર કરી રહ્યા છે. પણ આપ મોટા માણસ એટલે....'

ગુણદત્તશેઠ પોતાને ત્યાં જમવા આવવાના એ સમાચારથી મણિભદ્ર શેઠ ખૂબ આનંદ પામ્યા. અને તે માટે સારામાં સારી તૈયારી કરાવી.

યોગ્ય સમયે સૌ જમવા બેસી ગયા. સૌ ગુણદત્તશેઠના ઘણા વખાણ કરે છે. જમીને સૌ દિવાનખાનામાં બેઠા (કનકદત્તનું નામ કનકસિંહ રાખેલું હતું). સૌએ એકબીજાની આભારવિધિ કરી ગુણદત્તશેઠની આગળ ભેટણું મુકયું.

ગુણદત્તે ભેટણાનો સ્વીકાર કરતાં કહ્યું કે 'મણિભદ્ર શેઠને ત્યાં હું એક બાળક તરીકે આવ્યો છું. તેઓ મારા પૂજનીય અને વડીલ છે. તેઓએ મારૂં સ્વાગત કરી જે આભાર કર્યો છે, તે બદલ હું પણ એક એવી વસ્તુ આપવા માંગું છું કે જેથી શેઠ મણિભદ્ર તથા માતુશ્રી પુષ્પાવતીના હૃદયને આનંદ થશે ઉપરાંત મંગળાબેનને તો અત્યંત આનંદ થશે.'

ગુણદત્તશેઠના શબ્દો સાંભળી સૌ શાંત થયા. શી વસ્તુ આપે છે તે જાણવા સૌ ઇંતેજાર બની ગયા. ત્યાં ગુણદત્તે કહ્યું કે 'કનકસિંહ ઉઠો, તમારો બનાવટી વેશ દૂર કરો અને તમારા માતા-પિતાને પગે લાગો.'

તરત જ કનકસિંહ ઉભો થઇ બનાવટી વેશ દૂર કરી માત-પિતાને પગે લાગતા બોલ્યો કે 'પિતાજી'-મણિભદ્ર શેઠ ચમકયા. જૂએ છે તો પોતાનો જ પુત્ર કનકદત્ત ઘણા લાંબા ટાઇમે મળ્યો તેથી એકદમ હર્ષિત થઈ ગયા.

આ પ્રસંગથી વાતાવરણ ઘણું સુંદર બની ગયું સૌને આનંદ અને સંતોષ થયો.

ગુણદત્તે એક મોટી હવેલી રાખી તેમાં રહે છે. તથા એક દાનશાળા ખોલી છે તેમાં જે કોઈ નિરાધાર હોય તેમની સારી બરદાસ્ત કરવામાં આવે છે. દાન પણ એટલું આપે છે કે લેનારે તેટલું ધાર્યું પણ ન હોય.

એક વખતે ત્રણ પુરુષો અને સ્ત્રીઓ, તદ્દન મેલા કપડા, ભૂખથી પેટ અંદર પેસી ગયેલું,

નિરાધાર દશાવાળા ત્યાં દાન લેવા આવ્યા. આ વખતે ગુણદત્ત પોતે દાન આપવા બેઠો હતો.

આવનારમાંથી મોટા પુરુષે આજીજીભરી યાચના કરી.

ગુણદત્તને અવાજ પરિચિત લાગ્યો. ધારી જોયું તો પોતાના ભાઇઓ જ હતા. તુરત ગુણદત્ત ઉભો થઇ તેમના પગે લાગ્યો. અને બોલ્યો કે 'શું આપની આવી દશા? હવે આપ કંઇ ચિંતા કરશો નહિ. આ બધું તમારૂં છે.' તુરત નોકરને કહ્યું કે 'તારી બાઇને તુરત અહીં મોકલ.'

શાંતા આવી એટલે ગુણદત્તે કહ્યુ કે 'તારી માતા તુલ્ય જેઠાણીઓ અને તારા પિતા તુલ્ય વડીલોને પગે લાગી આશીર્વાદ લે. અને બધાને મકાનમાં લઈ જઈ બરાબર સારવાર કર.'

ઘરમાં લઇ જઈ તમામ પોશાક બદલાવી સુંદર વસ્ત્રો અને હીરા-મોતીના દાગીના પહેરવા આપ્યા, ભાઇઓ દેવલોક જેવો વૈભવ જોઇને તાજુબ થયા. ત્રણે ભાઇઓ તથા ભાભીઓએ ગુણદત્તની ક્ષમા માંગી કહ્યું કે, 'હાથમાંથી લઇ જાય પણ ભાગ્યમાંથી કોઇ લઈ જતું નથી. આજે પ્રત્યક્ષ જોયું.' પોતાની આવી સ્થિતિ કેવી રીતે થઈ તે બધી વાત કહી સંભળાવી. હૃદયનો ભાર હળવો કર્યો.

હવે સૌ આનંદપૂર્વક, સંપપૂર્વક રહે છે. એક દિવસ કંચનપુર ખબર મોકલાવી.

કંચનપુર નગરમાં ધર્મસેન રાજાને ખબર પડી એટલે ગુણદત્તને પોતાના રાજ્યમાં તેડાવી, તેમની બધી મિલ્કત તેમને સોંપી દીધી.

હવે ગુણદત્ત પોતાની બેનને મળવા ગયો. આ વખતે બેને ભાઇનું ખૂબ સન્માન કર્યું, કેમકે આજે ભાઇ મહાધનવાન હતો. સારી સારી વાનગીઓ બનાવી ચાંદીના તાસમાં પીરસી છે, ગુણદત્તને ખાવા ખૂબ આગ્રહ કરે છે. તે વખતે ગુણદત્તે મનમાં વિચાર્યું: 'આ ભોજન મને નથી મળતા પણ આ ધન-લક્ષ્મીને છે. બેન સગાઈને ભાઇની કે લક્ષ્મીની?' છતાં ગંભીરતાથી તે મૌન રહે છે બેને પૂર્વની હકીકત યાદ આવતાં ભાઈની ક્ષમા માંગી. ગુણદત્તે બેન ભાણીયા વગેરેને ઘણી કિંમતી વસ્તુઓ આપી, અને વિદાય થયો.

જંગલમાં મળેલા લંગડાને પણ સારૂં સ્થાન રહેવા આપ્યું અને તેની સેવા કરવા નોકર આપ્યો તથા ઘણું ધન આપ્યું.

ગુણદત્ત કંચનપુરમાં આનંદપૂર્વક ખુબ સાહ્યબી ભોગવે છે. લાખો કરોડો રૂપીયાનું દાન કરે છે. છેવટે મોટા ભાઇઓને ઘરનો કારભાર સોંપી પોતે સંયમજીવનનો સ્વીકાર કરી આત્માનું શ્રેય સાધ્યું.

પૂર્વ ભવમાં દાન કરતાં કંઇક ભાવની વિશુદ્ધિ ઓછી હોય કે વિલંબે દાન કર્યું હોય તો બીજા ભવમાં તુટક લક્ષ્મી મળે છે, આવીને કેટલોક સમય ચાલી જાય અને પાછી મળે. પુણ્યાનુબંધી પુણ્ય જો હોય છે, તો મળેલી લક્ષ્મીનો સદુપયોગ થાય છે. ઉપરાંત ભોગોમાં આસકિત નહિ થતાં તેનો ત્યાગ કરી આત્માનું કલ્યાણ સાધી શકે છે.

અહીં ગુણદત્તે જે પુણ્ય કરેલું તેમાં કંઈ ખામીના લીધે કેટલોક ટાઈમ રખડપટ્ટી થઇ. પણ અંતે પોતાનું આત્મકલ્યાણ સાધ્યું. સૌ કોઇ પોતાને મળેલી સામગ્રીનો પરોપકારમાં સદુપયોગ કરી આત્મકલ્યાણ સાધો એજ શુભેચ્છા.

# હું અને અમે

શ્રી મફતલાલ સંઘવી

'હું' એ એવો શબ્દ છે કે જે આત્માને સ્વાર્થમૂઢ બનાવી ભવભ્રમણ કરાવે છે; જ્યારે 'અમે' એ જીવનની ઉન્નતિનું મંગલ સોપાન છે; એ હકીકત ટુંકી પણ સ્વચ્છ શૈલીયે અહિં લેખક રજૂ કરે છે.

વિશ્વમાં જેમ આકાશ રહેલું છે, તેમ માનવીમાં ઇચ્છા રહેલી છે. એટલે તેનો નિરોધ શક્ય નથી, પણ રૂપાંતર શક્ય છે.

'હું સુખી થાઉં' ને બદલે 'અમે બધાં સુખી થઇએ,' તે ઇચ્છાનું રૂપાંતર. ભાવના તેનું નામ.

'હું' જાય તોજ 'અમે' આવે.

જ્યાં સુધી માનવીના જીવન ઉપર 'હું' નું વર્ચસ્વ કાયમ રહે, ત્યાં સુધી 'અમે' નો પ્રવેશ ન થઈ શકે.

'હું' ને બહાર કાઢવા માટે માનવીએ પોતાના આત્મા તરફ લક્ષ્ય આપવું જોઇએ. આત્મા તરફનું લક્ષ્ય કેળવવા માટે આત્માર્થી પુરુષોનો સંગ કરવો જોઈએ. આત્મહિતકર સત્શાસ્ત્રોનો અભ્યાસ વિવેક, ધીરજ અને ખંત-પૂર્વક કરવો જોઈએ. આત્મહિતકર સત્પ્રવૃત્તિ-ઓમાં રચ્યાપચ્યા રહેવું જોઇએ. જ્યાં જ્યાં અનાત્મભાવનું વર્ચસ્વ હોય ત્યાં ત્યાં જવાનું બંધ કરવું જોઈએ.

રાતના છેલ્લા પ્રહરે જાગીને 'હું કોણ છું?' 'ક્યાંથી આવ્યો?' 'મારૂં સ્વરૂપ કેવું છે?' 'મારૂં શું ધ્યેય છે?' તત્સંબંધી ઊંડું ચિંતન પ્રત્યેક વિવેકી અને સજાગ માનવે કરવું જોઇએ. તે ચિંતનના પ્રભાવથી 'હું' ની આત્મપ્રદેશો ઉપરની પકડ ઢીલી પડે છે અને વાણી, વિચાર અને વર્તનનો ઝોક વિશ્વ તરફ વળે છે. વિશ્વના જીવમાત્રના મંગલ તરફ ઢળે છે.

સૂર્ય વિહોણા અંધકાર જેવું ઇચ્છાનું સ્વરૂપ છે. ભાવનાને શરદની પૂર્ણિમા સાથે સરખાવી શકાય.

ઈચ્છામાં દેહભાવની માત્ર દુર્ગંધ હોય. ભાવનામાં વિશ્વકલ્યાણની સુરભિ. ઈચ્છાવાળો સંસાર પાપઘર બની જાય, જ્યારે આત્મનિષ્પન્ન ભાવનાવાળો ધર્મધામ.

ઇચ્છા સ્વાર્થની સખી છે ભાવના આત્માની.

ઇચ્છાનો પરિધ શરીર જેટલો હોય, શરીર પૂરતો હોય. ભાવનાનો સંસારવ્યાપી.

ઈચ્છા પાપમાં પ્રેરે, ભાવના પુણ્યમાં.

ઇચ્છા આખા જગતની ઋદ્ધિ–સિદ્ધિને પોતાના ચરણોમાં વાંચ્છે, ભાવના આખાં જગ-તને પોતાની આત્મસમૃદ્ધિ વડે અજવાળે.

ઈચ્છાનો અંત ન હોય, ભાવના ભવભ્રમણ ટાળે.

ઈચ્છા વકરે એટલે રાજ્યો ઉજાડે, ભાવનાનો વિકાસ ધર્મનું તેજ ખીલવે.

ઈચ્છા માનવીને મર્કટ પણ બનાવે અને માતેલો સાંઢ પણ. ભાવનામાંથી જન્મે ભવ્ય માનવો.

ઈચ્છાની ચાલ સદા અવળી જ હોય. ભાવ-નાની સદા સીધી.

ઇચ્છા જડને આરાધે. ભાવના આત્માને.

ઇચ્છાની પૂર્તિમાંથી ઉગે પગ ઇચ્છા જ. ભાવનામાંથી પ્રગટે ભવ્ય ભાવ.

ઇચ્છા મોટે ભાગે પશુમાં ઘર બાંધે ભાવના આમંત્રણની રાહ જુએ. મતલબ કે ઈચ્છા પશુતા હોય ત્યાં હોય જ. ભાવનાને શુભના ચિંતન દ્વારા બોલાવવી પડે.

ઈચ્છાનો શ્વાસ એટલે આર્તધ્યાન, ઉચ્છવાસ એટલે રૌદ્રધ્યાન. ભાવના સદા ધર્મધ્યાન લીન રહે.

તપાવેલા લોઢાની પુતળીને સ્પર્શ કરવાથી જે વેદના થાય છે તેના કરતાં શત ગણી વધુ વેદના જે ભવ્યાત્માને ઇચ્છાને સ્પર્શવાથી થતી

# પ્રભુજીનાં બિંબની આકૃતિ તથા પંચતીર્થી

શ્રી નેમિદાસ અભેચંદ શાહ–કોટ, મુંબઈ

પ્રભુજીના બિંબોની મુખ્યત્વે જે બે આકૃતિ હોય છે; તેને અંગે તેમજ પંચતીર્થીને અંગે જે કાંઇ રહસ્ય રહેલું છે. તેની વિચારણા લેખકે અહિં કરી છે. આને અંગે તે સંબંધી વિશેષજ્ઞો જણાવવા જેવું અવશ્ય જણાવે!

શ્રી જિનેશ્વર ભગવાનની પ્રતિમાજીની બે જાતની આકૃતિ હોય છે, એક તો ડાબા પગ ઉપર જમણો પગ અને ડાબા હાથ ઉપર જમણો હાથ રાખી પર્યંકાસને બેઠેલા.

બીજી આકૃતિ ખડ્ગ જેમ ઉભું હોય તેમ ખડ્ગાસને ઉભેલા. આ પ્રમાણે બે જ આકૃતિ છે. હવે તે આકૃતિના કારણો વિચારીયે.

૨૪ તીર્થંકરોમાંથી ૩ તીર્થંકર ભગવાન શ્રી આદીશ્વર ભગવાન, શ્રી નેમિનાથજી તથા શ્રી મહાવીર સ્વામી એમ ત્રણ તીર્થંકરો બેઠા બેઠા પર્યંકાસને મોક્ષે ગયા છે તથા ૨૧ તીર્થંકરો ઉભા ઉભા ખડ્ગાસને મોક્ષે ગયા છે. તેમ સપ્તવિંશતિ સ્થાન ગ્રન્થમાં લખેલ છે.

પ્રભુજીની આ છેલ્લામાં છેલ્લી અવસ્થાની આકૃતિ છે, એટલે અવગાહનાના હિસાબે તીર્થંકરોના સિદ્ધમાં રહેલા જીવો હાલ પણ તે જ અવગાહનામાં બિરાજમાન છે એટલે અરિહંત અને સિધ્ધનું એક જ આકૃતિથી ધ્યાન ધરી શકાય છે. અરિહંતની છેલ્લી આકૃતિ ઉપરાંત પ્રભુજી સમવસરણમાં પણ પર્યંકાસને બિરાજમાન હોય છે. આથી બોલીયે છીયે કે 'પ્રભુ બેઠા સોહે સમ વસરણ ભગવંત.'

હવે પંચતીર્થી એટલે શું?

ઉપર બે આકૃતિ જાણ્યા પછી આપણે પંચ તીર્થી એટલે શું તે વિચાર કરીયે. સિધ્ધાચલજી ઉપર આદીશ્વરજી દાદા, શ્રી શાંતિનાથ ભગવાન આદિ પરિકર સહિત તથા મોટે ભાગે ધાતુના પંચતીર્થી હોય છે. તેમાં પાંચ ભગવાન બીરાજમાન છે, તેથી પંચતીર્થી કહેવાય છે, તે આ પ્રમાણે છે.

પહેલા ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળ, અને મોક્ષ તે પાંચકલ્યાણક. પૂજકે પાંચે ભગવાનને એક એક ટીલી કરતા પાંચ કલ્યાણકના નામ બોલવાથી ૫૦–૭૫ વર્ષના વર્તમાન ખોળીયામાં રહેલો આત્મા ભાવથી પાંચે કલ્યાણકની આરાધના કરી શકે છે.

બીજું ઋષભદેવ–શાંતિનાથ–નેમનાથ–પાર્શ્વનાથ અને મહાવીર સ્વામીને ટીલી કરતા બોલતા જવું ૨૪ તીર્થંકરમાં આ પાંચ તીર્થંકરના વખતમાં વિશેષ શાસનનો ઉદ્યોત થયેલ છે. પુરાવો કલ્લાણકંદની પહેલી થોય તથા સ્નાત્રમાં આ પાંચેને પહેલી કુસુમાંજલી આવે છે. પછી ચોવીસ જિણંદની આવે છે.

ત્રીજું–આબુ, અષ્ટાપદ, ગિરનાર, સમ્મેતશિખર, શત્રુંજય આ પ્રમાણે પાંચ નામનું સ્મરણ કરતાં જવું ને ટીલી કરતાં જવાથી એક વેંતનો પગ એકજ જગ્યાએ ઉભો હોય ને પાંચે તીર્થની પૂજા થાય છે. આ પ્રમાણે પ્રભુજીની આકૃતિની તથા પંચતીર્થીની સમજ મેં પૂ. ગીતાર્થ ગુરુદેવોના પરિચયથી મેળવેલ છે. છતાં આમાં મારી કાંઇ સ્ખલના થતી હોય તો પૂ. પાદ આચાર્યદેવો મને માર્ગદર્શન આપે!

---

હોય, તે ટુંક સમયમાં 'હું' પર વિજય મેળવીને 'અમે' માં વિહરી શકે.

'હું' પ્રગટાવે દેહભાવને 'અમે' માંથી પ્રગટે સર્વાત્મભાવ.

'હું' ના અનાદિના તીવ્રતમ બંધનમાંથી મુકત થવા માટે ત્રણેય લોકના પ્રત્યેક જીવને 'હું' પણામાંથી સર્વથા મુક્ત એવા શ્રી વીતરાગ ભગવંતનું શાસન મળો.

# कषायान् संवृणु प्राज्ञ ! — श्री प्रियदर्शन

સંસારમાં અનંત દુઃખોની ઘટમાળાનું કારણ કોઇપણ હોય તો ક્રોધાદિ ચાર કષાયો છે. કષાયોની વિષમતા તથા તેની ભયંકરતા સમજાવતી આ લેખમાળા 'કલ્યાણ'ના વાચકો સ્વસ્થચિત્તે વાંચે, વિચારે!

(લેખાંક ૩ જો)

( ગતાંકથી ચાલુ )

'હું શ્રેષ્ઠ....ઉત્તમ કુલીન' આ વાસનાની અનુભૂતિ અને અભિવ્યક્તિ તે અભિમાનનું બીજું રૂપક છે.

અંતરપ્રદેશે સુતેલી આ વાસનાને કેટલાંક બાહ્ય આલંબનો ઢંઢોળે છે અને એ વાસના સફાળી જાગ્રત બની ઉઠે છે.

દુનિયાની કોઇક વિભૂતિ જ્યારે મનુષ્યને વારસામાં મળતી આવતી હોય છે અથવા તો કુટુંબના અનેક સભ્યો વિશ્વની..દેશની સમાજની ઉચ્ચ પદવીઓ ને ઉંચા સન્માનને પાત્ર બને ત્યારે પેલી વાસના મનુષ્યના આચરણમાં, વાણીમાં અને વિચારમાં મૂર્તિમતી બને છે!

કેટલીક વેળા તો પૂર્વજોનાં પરાક્રમો, સત્કાર્યો, કીર્તિપ્રતિષ્ઠા વગેરે પર વર્તમાનનો માનવી કુલાભિમાનને ધારણ કરતો હોય છે. ભલે તે પરાક્રમોનો, સત્કાર્યોનો કે કીર્તિપ્રતિષ્ઠાનો વારસો તે ન સાચવી શકતો હોય! બલ્કે એવાં આચરણોનો ભોગ બનેલો હોય છે કે જે વાસ્તવમાં તેનું અધઃપતન જ કરતાં હોય છે. નથી હોતું તેવું રૂપસૌન્દર્ય, બળવત્તા, જ્ઞાન-વિજ્ઞાન, મતિતીક્ષ્ણતા કે શીલસુવાસ!

કેટલાક મનુષ્યો કુલની વિશાળ માનવ સંખ્યા પર ગૌરવને ધારણ કરતા દેખાય છે!

આ વાસનાની જાગૃતિમાં મનુષ્યની આંખોમાં ખુમારીની લાલાશ તરવરતી દેખા દે છે! વાણી દ્વારા તે પોતાથી નીચેની કક્ષાના પુરુષો પ્રત્યે તિરસ્કાર, અવગણના, અસભ્યતા વ્યક્ત કરે છે. અને પોતાથી અધિક કક્ષાના જીવાત્માઓ પ્રત્યે ઇર્ષ્યા, અણગમો, દ્વેષ ધારણ કરતો ફરે છે.

અને આ રીતે પોતાના કુલાભિમાનની રક્ષામાં એનું મન, એની વાણી અને એનું વર્તન ગુંથાઈ જવાથી, ગુણસમૃદ્ધિની પ્રાપ્તિ કરવા પાછળ તે તદ્દન બેદરકાર બને છે. ગુણીયલ આત્માઓથી તે વેગળો ને વેગળો રહે છે. અરે....એની દૃષ્ટિએ કોઈ ગુણીયલ આત્મા જ દેખાતો નથી હોતો! એ જેને જુએ છે તેને દોષયુક્ત જ જુએ છે!

દોષની ભુમિકાએથી કરાતું દર્શન કદી પણ ગુણગ્રાહી બની શકાતું નથી.

કાળા ગોગલ્સ પહેરીને કરાતું વસ્તુદર્શન વસ્તુનો શ્વેત અંશ ગ્રહી શકતું નથી.

આ દોષદૃષ્ટિથી થતું દોષદર્શન ભયંકર રાક્ષસી છે. દર્શન મુજબ જીવન, હૃદય, અંતઃ-કરણનું ઘડતર થાય છે. દર્શન દોષ ભરેલું હશે એટલે જીવન દોષોથી ભરાઇ જવાનું!

પછી એ આત્મા દોષોના સહારે જ પોતાનું ઉચ્ચ વ્યક્તિત્વ પ્રગટ કરવા માટે પ્રયત્નશીલ બને છે. પરિણામ એ આવીને ઉભું રહે છે કે તે ગુણોથી દૂર-સુદૂર પડી જાય છે. અને દોષો, કુસંસ્કારો તેનામાં દૃઢ બની જાય છે.

જે મનુષ્યજીવનમાં કુસંસ્કારોને દોષોને તોડવા માટે મહાન પુરુષાર્થ કરવાનો છે, તે મનુષ્યજીવનમાં દોષોને અને કુસંસ્કારોને દૃઢ કરવામાં રચ્યોપચ્યો રહે છે.

જે તળાવના ઘાટે પાણી દ્વારા વસ્ત્રને ધોઇને ઉજ્જવલ બનાવવાનું હોય તે જ તળાવના ઘાટે બેસી કાદવ દ્વારા વસ્ત્રને અધિક મલીન બનાવવામાં આવે તો?

મલીન વસ્ત્ર દ્વારા મનુષ્ય સંસારમાં જેમ કીર્તિસુખનો ભાગી નથી બનતો, તો ભલા! મલીન આત્મા દ્વારા જીવ પરમસુખનો ભાગી બની શકશે ખરો?

અને ગુણસમૃદ્ધિ વિના, જગતની સમક્ષ

આછા આડંબરથી, અભિમાનથી ગાયેલા તમારા કુલના ગુણગાન, તે જગત સાંભળીને તમારા પર સત્યવાદી હરિશ્ચન્દ્ર તરીકે વિશ્વાસ મૂકી, તમારાં વધામણાં કરશે, અને એ દ્વારા તમે કૃતકૃત્ય બની જશો, એવી ભ્રમણાની આંધીમાં તો નથી અટવાતા ને?

આ સનાતન સત્યને તમે કદિ ન ભૂલો, કે તમે તમારા મુખે તમારાં કુલનાં ગુણ ગાઓ, મહત્તા વધારો....એ બિલકુલ શોભતું નથી.

જુઓને, તમારી જ સમક્ષ હું આવીને, મારા કુલની પેટ ભરીને ગુણકથા ગાઉં, અને સાથે સાથે તમારી હલકાઇ પણ રજુ કરૂં, તમે મને પ્રેમભર્યા હૃદયે આવકારશો કે મનની કઠોર થપ્પડો દ્વારા ધિક્કારશો?

વળી, જો તમે સદાચારનિષ્ઠ છો, પવિત્રતાના પંથે છો, આત્માભિમુખ છો તો એવા વ્યર્થ કુલાભિમાનનું શું પ્રયોજન છે?

તમે કમળ બનો, ભ્રમરો તમારી આસપાસ ગુંજારવ કરતા જ રહેશે!

કમળને ભ્રમરોને બોલાવવા, આકર્ષવા તેમની પાસે જઇ પોતાની બડાઈ હાંકવી પડતી નથી.

તમે પવિત્રતાના સત્કાર્યના પંથે આગે બઢતા ચલો! જગત તમારા કુલનાં ગુણગાનનો ગુંજારવ વિશ્વમાં કરતું થઇ જશે!

એક રસ્તો તમારે જાણવો છે?

એ રસ્તે ચાલ્યા જાઓ! તમારા કુલની પ્રશંસા થઇ સમજો!

તમે તમારાથી ઉંચા અને નીચા બીજાના કુલની પ્રશંસા કરવા માંડો. બીજાના કુલના ગુણાનુવાદ ચાલુ કરો!

આની જાદુઈ અસર થાય છે કે નહિ, તે તમે શ્રદ્ધાથી પ્રયોગ કરીને પછી કહેજો!

આટલું કર્યા પછી, એમાં સફળતા મળ્યા પછી એક બીજું પગલું આગળ ભરજો.

કોઈ તમારા કુલની નિંદા કરે, તમારી સન્મુખ કે બીજાની સન્મુખ; તો તમે કદી ય સામી તેના કુલની નિંદા કરવા તૂટી ન પડતા હો? થોડુંક ધૈર્ય ધરજો.

જેણે તમારા કુલની નિંદા કરી હોય, તેના કુલની તમે એકાદવાર પ્રશંસા કરી જુઓ, તેના મોંઢે નહિ તો બીજાના મોંઢે.

તમારી તે કરેલી પ્રશંસાના પડઘા જરૂર પેલા તમારા નિંદકના કાને પડશે. જો એનામાં માણસાઇનો દિવો આછો આછો પણ જલતો હશે તો તે પોતાની અધમતા પર ધિક્કાર આપશે.

કદાચ, એના પર ધારી અસર ન થાય, તો પણ બીજા સેંકડો શિષ્ટજનોમાં તમારી ઉત્તમતાની ઉમદા કદર થશે જ.

હા, જ્યારે તમારી લોકમુખે ખૂબ પ્રશંસા થવા માંડે ત્યારે તમે એ પ્રશંસાના પુષ્પોથી દબાઇ ન જાઓ તેનું ધ્યાન રાખજો! 'પુષ્પ તો પરમાત્માના ચરણે જ શોભે.' મારા જેવા અનંત કર્મોના ભોગ બનેલા, કુસંસ્કારોથી મલીન બનેલા જીવના પર ન શોભે. આ ઉત્તમ ભાવનાને સદા સ્મરણપથમાં રાખજો. અને પ્રશંસાના શ્રવણથી અળગા રહેજો.

શું તમે નથી જાણતા કે સ્વકુલની પ્રશંસાના શ્રવણમાં મરિચિ જેવો ગુણીયલ આત્મા પણ માર્ગ ભૂલ્યો હતો. ગાઢ પાપકર્મને બાંધી ગયો હતો?

ભગવાન આદીશ્વર પાસે ભરત ચક્રવર્તીનું જવું, 'ભાવિ તીર્થંકરનો જીવ અહીં કોઇ છે કે નહિ' એ પૂછવું. ભગવાનનું ચોવીસમા તીર્થંકરના જીવ તરીકે અને પ્રથમ વાસુદેવ તરીકે મરિચિનું નામ સૂચવવું. સ્વપુત્રનું નામ સાંભળી ચક્રવર્તીનું હર્ષથી ચમકવું! મરિચિની પાસે આવી ભરત ત્રણ પ્રદક્ષિણા દઇ વાંદે છે મરિચિનો વેષ હતો ત્રિદંડીનો, તેથી કહે છે—

'તમે ચોવીસમા તીર્થંકર થશો. એથી તીર્થંકર તરીકે હું તમને વાંદું છું.'

પણ 'હું તીર્થંકર થઈશ. હું પ્રથમ વાસુદેવ થઈશ' આ અભિમાનની લાગણીએ તેને ઉશ્કેર્યો. તેણે નૃત્ય કરવા માંડયું! વિશ્વની ત્રણે ઉચ્ચ પદવીઓ મારા કુલને મળી! મારૂં કુળ ઉત્તમ! પ્રથમ તીર્થંકર મારા દાદા, પ્રથમ ચક્રવર્તી મારા પિતા અને પ્રથમ વાસુદેવ હું થઈશ! 'अहो मे उत्तमं कुलम् ।'

આ ગર્વની લાગણીના આવેગમાં તેમણે એવું 'નીચ ગોત્ર' કર્મ બાંધ્યું કે જે ભગવાન મહાવીરદેવના ભવમાં ઉદય આવ્યું! નીચકુલમાં અવતર્યા.

કહો તો, કુલાભિમાન કરીને તેમણે આલોક–પરલોકમાં શું કલ્યાણ સાધ્યું?

ભલે તમે વિધિમુખે ન બોલતા હો કે–'હું ઉત્તમ કુળવાળો છું.' પરંતુ અંતરમાં રહેલી સ્વોત્કર્ષની વાસના–ભૂતાવળ જ ભયંકર છે. એટલે જ્યારે કોઈ તમારી સામે આવીને કહે છે–'તમે નીચકુળના લાગો છો.' તે સાંભળીને તમારૂં ચિત્ત એ વાત કબુલી લે છે? ના! એ તો ઝટ પ્રતિકાર કરે છે.

'હું નીચ કુળનો નહિ. નીચકુળનો તું. હું તો ઉત્તમ કુળનો. આમ નિષેધમુખે તમે તમારી પેલી દુષ્ટ વાસનાને બહાર લાવો છો.

તમે કદાચ કહેશો.

'અમે અમારી ઉત્તમતા કંઈ પરમેષ્ઠિઓની આગળ નથી ગાતા, પરંતુ દુનિયાના લેભાગુ અને તુચ્છ મનુષ્યોની સમક્ષ અમારી મહત્તા સાચવીએ છીએ.'

કબુલ છે! છતાં તમને અમારો એક પ્રશ્ન છે.

'તમે તમારી મહત્તા સાચવો. પણ એ મહત્તાની જાળવણી કરવા જતાં વિશ્વના કોઇ પણ પ્રાણીની મહત્તાને મથી નાંખવાની વૃત્તિ–પ્રવૃત્તિ યોગ્ય છે? બીજાની ઉત્તમ હયાતીને હણી નાંખવાની તમારી મનોદશા શું મોભાસરની છે?

તમે શું ભૂલી ગયા કે તમારી પાછળ રહેલા શિવયાત્રાના યાત્રિકો પ્રત્યે તમારી રીતભાત સૌજન્યસુશોભિત અને સ્નેહસભર જોઇશે? એ રીતભાત હશે તો જ તમારી આગળના યાત્રિકો–પરમેષ્ઠિઓનો અનુગ્રહ તમે ઝીલી શકવાના.

નહિતર....તમે ભ્રમણાની ધૂળમાં રગદોળાઈ જવાના.

તમે સમજતા હશો કે 'અમે પરમેષ્ઠિઓને અનુસરીએ છીએ. પરમપદને પ્રાપ્ત કરી લઈશું.'

વાર છે. થંભી જાઓ!

પ્રયાણમાં જે પાછળ જ જોયા કરે. મનને પાછળમાં જ વ્યગ્ર કરે તે આગળ ન ધપી શકે એટલુંજ નહિ, મળેલો સાચો સથવાર ચાલ્યો જાય. પોતે ઉંધે રસ્તે ચઢી જાય. અને જો એ ઉંધે રસ્તે આદરેલું પ્રયાણ થંભાવવામાં ન આવે ને ચાલ્યા જ કરાય તો પરિણામ એ આવશે કે એક દિવસ તમે પરમેષ્ઠિઓને પણ ભાંડતાં અચકાશો નહિ!

કારણ કે અવળી કેડીએ તમે કોઈ ભયંકર અટવીમાં પહોંચવાના.

'તમારી ભૂલનું એ પરિણામ છે.' એ હકિકત તમારી ભ્રમણા તમને નહિ માનવા દે. એ તો શિખવશે કે 'આ પરમેષ્ઠિઓની પૂંઠે ચાલ્યા તો આ દુ:ખની હોળીમાં હોમાયા.'

આત્મભૂમિમાંથી કુલાભિમાનની લાગણીને કોચી નાંખો. અને લઘુતાની ભાવનાને ખોદીને જગાડો. તે માટે આ એક જ અનુચિંતનને માર્ગે ચાલો. 'ઉચ્ચ કે નીચ કુલ એ કર્મની ભેટ–સજા છે. જેને કુલ ઉંચું મળ્યું છે તેને કર્મની ભેટ છે. જેને કુલ નીચું મળ્યું છે, તેને કર્મની સજા છે!

કર્મની જેને ભેટ મળી છે, તે જો અભિમાની

# મનન અને ચિંતન

**ડોકટર શ્રી વલ્લભદાસ નેણશીભાઇ-મોરબી**

કેટલીક મનનીય અને વિશેષ ચિંતનીય વિચારધારા કે જે આત્માને સંસ્કારી, શાંત તથા નિર્વિકારી બનાવવામાં સહાયક તથા પ્રેરક બને તેમ છે; તેવી સદ્વિચારધારા લેખકશ્રીએ સંક્ષિપ્ત નોંધો દ્વારા સંગૃહીત કરી છે. જે ક્રમશઃ યથાવકાશ અહિં પ્રસિદ્ધ થતી રહેશે.

માનસિક ભાવો, વિચારો, તથા ક્રિયાઓનો શરીર પર ઓછા વધતા પ્રમાણમાં મોટો પ્રભાવ પડે છે. કામના વિચારોથી પાગલપણું નપુંસક્તા, મીઠી પેશાબ અને પ્રમેહના રોગના ભોગ થવું પડે છે.

વિષાદ, ભય અને નિરાશાના વિચારોથી અશકિત, કંપવા, અનિદ્રા, માથાનો દુઃખાવો આદિ થઈ આવે છે.

ક્રોધના વિચારોથી, ખરજવું, કુષ્ટ, હૃદય-રોગ આદિ થઇ આવે છે.

લોભના વિચારોથી અપચો, પેટનો વ્યાધિ, લીવરનું શૂલ આદિ વ્યાધિઓ થઇ આવે છે.

એવી રીતે અન્યાન્ય કુવિચારોથી જુદા જુદા રોગ ઉત્પન્ન થાય છે અને વધે છે.

એજ મુજબ શમ, દમ, તિતિક્ષા, ક્ષમા, ત્યાગ, ભગવાન ઉપર શ્રધ્ધા, આત્માની નિત્ય પૂર્ણતા, નિરામયતા અને અમરતાના વિચારોથી રોગ નાશ થવાની સાથે સારી સ્વસ્થતા પ્રાપ્ત થાય છે.

આપણું કર્તવ્ય સમજી નિત્ય-નિરંતર નિષ્કામભાવથી શ્રધ્ધા-ભક્તિપૂર્વક વીતરાગ પરમાત્માનું ભજન, ધ્યાન, પૂજા-પાઠ, સ્તુતિ, પ્રાર્થના આદિ કરવા. ભજન-ધ્યાન ન થઈ શકે તો મૃત્યુને નજદીક અને સમયને અમૂલ્ય સમજી મનમાં સાચું દુઃખ અને સાચો પશ્ચાત્તાપ થવો જોઇએ તથા આત્મોધ્ધારની ઇચ્છાને ખુબ તીવ્ર બનાવવી જોઇએ.

મનને પ્રતિકૂળ કાર્ય થવાથી દુઃખ થાય છે, પણ તે અજ્ઞાન છે. અજ્ઞાનરૂપી અંધકારને વિવેકરૂપી પ્રકાશથી દૂર કરવો જોઇએ. પ્રભુની દરેક પ્રકારની ભક્તિને મંગલમય જાણી પ્રતિકૂળતામાં પ્રભુની વિશેષ કૃપાનો અનુભવ કરી ખૂબ પ્રસન્નતા રાખવી.

સંસારમાં આસકત રહેવાથી તરેહ-તરેહના સંકલ્પ-વિકલ્પ થયા કરે છે. સંસારને નાશવંત, ક્ષણભંગુર અને અનિત્ય સમજી એમાંથી વૈરાગ્ય આવવો જોઈએ. અહં, હું છું એવી ભાવનાનું કારણ અજ્ઞાન છે, જેનો નાશ જ્ઞાનથીજ થઇ શકે છે. અધ્યાત્મ વિષયક જ્ઞાન માટે સત્સંગ કરવો જોઇએ.

### બંધન

આત્મા સ્વયં પરમાત્મા છે, પણ પુદ્ગલ સંગના કારણે વિષયભોગનો આશાથી પોતાના શુધ્ધ સ્વરૂપને ભૂલીને જીવભાવ અંગીકાર કરી લે છે. દ્રષ્ટાંત તરીકે જયારે ભોજન કરવા માણુસ બેસે છે ત્યારે થાળી સ્થૂળ શરીરની પાસે રાખે છે. હાથથી કોળીયા ઉઠાવી મોઢામાં નાંખે છે. દાંત ચાવવાનું કામ કરે છે. જીભ સ્વાદનો અનુભવ કરે છે. પ્રાણ તૃપ્તિનો અનુભવ કરે છે. અને મન-બુધ્ધિ સમસ્ત ક્રિયાનો આનંદ લુંટે છે. આત્મા તટસ્થ રૂપથી આ

---

બને છે તો કર્મ ભેટ છીનવી લઇ તેને ભયાનક સજા કરે છે.

અને જેને શુદ્ધ આત્મત્વ પ્રગટાવવું છે, તેણે તો કર્મને જ શત્રુ સમજવાના છે. પછી શત્રુની ઉંચી ભેટ પર પણ ઓવારી જાય ખરો? એ તો એની ઉંચી ભેટમાં શત્રુની ભેદી જાળનાં દર્શન કરે! એમાં હરગીઝ ફસાય નહિ.'

બધું દેખે છે. પ્રતિદિન મન–બુધ્ધિને આનંદ-મગ્ન દેખીને આત્મા એમાં લલચાઈ જાય છે અને પોતાને તે આનંદનો ભોકતા માની લે છે. મન–બુધ્ધિની સાથે તાદાત્મ્ય થવાથી પ્રાણોની સાથે તે તાદાત્મ્ય સંબંધ માની બેસે છે, અને ક્ષુધા-તૃષાથી વ્યાકુલ થાય છે, ત્યારે પોતે પણ તે વ્યાકુલતાનો અનુભવ કરે છે. એમ કરતાં કરતાં તે ઇન્દ્રિયોની સાથે અને પછી શરીરની સાથે તાદાત્મ્ય સંબંધમાં બંધાઈ જાય છે. પરિણામે સ્થૂળ શરીરના જન્મ–મરણો તે પોતાનું જન્મ–મરણ માની બેસે છે. અને સૂક્ષ્મ શરીરના કર્તા-ભોકતાની માન્યતાથી પોતાનેજ કર્તા ભોકતા માનીને જન્મ-મરણના બંધનમાં તે પડી જાય છે. એવી રીતે જે કોઈ બંધન છે, તે કલ્પિત છે. શરીર સાથે થવાવાળા તાદાત્મ્ય સંબંધને દેહાધ્યાસ કહેવાય છે.

ચારે તરફથી નદીઓનાં જળ ઉછળતા ઉછળતા સમુદ્રમાં મળે છે. તો પણ સમુદ્ર જરાપણ ક્ષોભને પામતો નથી અને પોતાની મર્યાદાનું ઉલ્લંઘન કરતો નથી. એવી રીતે જ્ઞાનીના અંતઃકરણમાં પણ પ્રારબ્ધ ભોગવવાની ઇચ્છા તો પ્રગટ થાય છે પણ તે ઈચ્છા સ્કુરતાની સાથેજ તરત શાંત થઇ જાય છે. એવી રીતે ઇચ્છાઓનો સંસ્કાર તેમના ઉપર પડતો નથી એટલે તેઓ શાશ્વત શાંતિને પ્રાપ્ત કરી શકે છે. પરંતુ જે મનુષ્ય ઇચ્છાઓ ઉત્પન્ન થતાંની સાથે તેની પ્રાપ્તિને માટે પ્રયત્નશીલ થાય છે, તેમના ચિત્ત પર તેના સંસ્કાર પડે છે એટલે તેને શાંતિ મળી શકતી નથી.

જ્ઞાની અને અજ્ઞાનીમાં એટલોજ ભેદ છે કે જ્ઞાનીના ચિત્ત પર નવા સંસ્કારો પડતા નથી કારણ કે તે કામના–ઇચ્છાઓને વશ થતા નથી જ્યારે અજ્ઞાની ઈચ્છાઓને વશ થતાં તેમના ચિત્ત ઉપર તે ઇચ્છાઓના સંસ્કાર પડે છે અને તે સંસ્કાર જ ભાવિમાં બંધન કરાવે છે.

## ધર્મનો સ્થંભ-અક્રોધ

ક્રોધ એ એક પ્રકારનો નશો છે. ક્રોધ સ્વાસ્થ્ય વિનાશક છે, ક્રોધ જ પોતાનો શત્રુ છે. શાસ્ત્રમાં નરકના ત્રણ દ્વારો જે ગણાવેલ છે તેમાં પણ ક્રોધનું સ્થાન ગણ્યું છે.

ક્રોધના આઠ દુર્ગુણો—ચાડી કરવી, બલાત્કાર કરવો, વેર રાખવું, ઇર્ષ્યા કરવી, ગુણમાં દોષારોપણ કરવું, અધર્મ યુક્ત ખરાબ કામોમાં ધનનો વ્યય કરવો, કઠોર વચન બોલવાં, વિના અપરાધ કડવા વચન બોલી વિશેષ દંડ દેવો.

## ક્રોધને શાંત કરવાનો ઉપાય

ક્રોધનો સામનો ક્રોધ વડે ન કરવો. એમ કરવાથી ક્રોધ શાંત થવાને બદલે વધે છે. મીઠા અને કોમળ શબ્દોથી ક્રોધ સહજમાં શાંત થઈ જાય છે. કહેવાય છે કે, કોમળ અને નમ્ર વચન પત્થરને પણ પીગળાવે છે.

'વિલંબ' એ ક્રોધની સર્વોત્તમ દવા છે. જ્યારે ક્રોધ આવવાની શરૂઆત થાય, ત્યારે તરત જ નવકારમંત્ર ગણવાનું શરૂ કરવું, છતાં ક્રોધ વધતો જતો જણાય તો ૧ થી ૧૦૦ નવકાર સુધી ગણવાનું શરૂ કરવું. તેનાથી જરૂર ક્રોધ શાંત થઈ જશે.

ક્રોધનો શિકાર બનતાં માણસે વિચારવું જોઈએ કે મારા ક્ષણમાત્રના ક્રોધથી મારો પુરો દિવસ, પુરૂં અઠવાડીયું અથવા એથી વધારે સમય અશાંત બની રહેશે. જીવન ક્ષણભંગુર છે, સર્વ જીવો પોતાનાં કરેલાં કર્મો ભોગવે છે, મારે કોઇ પ્રત્યે શા માટે રોષ કરવો જોઈએ ?

(ક્રમશઃ)

# સ્યાદ્વાદની સર્વોત્કૃષ્ટતા

પૂ. પંન્યાસજી મહારાજશ્રી સુશીલવિજયજી ગણિવર

## સ્યાદ્વાદના સમ્બન્ધમાં સુપ્રસિદ્ધ જૈનેતર મહાશયોના સુંદર અભિપ્રાયો

જનેતા પોતાના પુત્રની પ્રશંસા કરે એમાં નવાઈ નથી, પણ અપરમાતા શોકયપુત્રની જ્યારે પ્રશંસા કરે ત્યારે જ તેની નવાઈ છે. જુઓ જેને માટે નીચે જણાવેલા સુપ્રસિદ્ધ જૈનેતર મહાશયોના જૈનદર્શનના મૌલિક સ્યાદ્વાદ–અનેકાન્તવાદ માટેના સુંદર અભિપ્રાયો.

(૧)

**ભારતને આઝાદી અપાવનાર મહાત્મા ગાંધીજીએ સ્યાદ્વાદને માટે જણાવેલ છે કે**

'સૃષ્ટિમાં પ્રતિક્ષણ પરિવર્ત્તન થાય છે તેથી સૃષ્ટિ અસત્ય–અસ્તિત્વ રહિત કહેવાઇ (પર્યાય-ભેદે), પણ પરિવર્ત્તન છતાં તેનું એક એવું રૂપ છે જેને સ્વરૂપ કહો તે રૂપે છે એમ પણ કહી શકીએ છીએ તેથી તે સત્ય પણ છે (વસ્તુગતે), તેથી તેને સત્યાસત્ય કહો તો મને અડચણ નથી. એથી મને અનેકાંતવાદી કે સ્યાદ્વાદી માનવામાં આવે તો બાધ નથી. માત્ર સ્યાદ્વાદ હું જે રીતે ઓળખું છું તે રીતે માનનારો છું, પંડિતો મનાવવા ઈચ્છે તેમ કદાચ નહીં. તેઓ મને વાદમાં ઉતારે તો હું હારી જાઉં. મેં તો મારા અનુભવે જોયું છે કે મારી દૃષ્ટિએ હું હંમેશાં સાચો હોઉં છું. અને મારા પ્રામાણિક ટીકાકારના દૃષ્ટિએ હું ઘણીવાર ભૂલેલો ગણાઉં છું, એ જાણવાથી હું કોઈને સહસા જુઠો, કપટી વિગેરે માની શકતો નથી.

સાત આંધળાઓએ હાથીના સાત વર્ણન આપ્યાં તે બધા પોત–પોતાની દૃષ્ટિએ સાચા હતા, એક–બીજાની દૃષ્ટિએ જુઠા હતા. ને જ્ઞાનીની દૃષ્ટિએ સાચા તથા ખોટા હતા.

આ **અનેકાન્તવાદ** મને બહુ પ્રિય છે. તેમાંથી હું મુસલમાનોની દૃષ્ટિએ તેમનો, ખ્રિસ્તીની દૃષ્ટિએ તેમનો વિચાર કરતાં શીખ્યો. મારા વિચારોને કોઇ ખોટા ગણે ત્યારે મને તેના અજ્ઞાનને વિષે પૂર્વે રોષ આવતો. હવે હું તેઓનું દૃષ્ટિબિન્દુ તેઓની આંખે જોઈ શકું છું. તેથી તેમની ઉપર પણ પ્રેમ કરી શકું છું. કેમકે હું જગતના પ્રેમનો ભૂખ્યો છું. **અનેકાન્તવાદનું મૂળ અહિંસા અને સત્યનું યુગલ છે.'**

(૨)

કાશી વિશ્વવિદ્યાલયના પ્રીન્સીપાલ અને ગુજરાતના સમર્થ વિદ્વાન્ **પ્રોફેસર આનંદશંકર બાપુભાઈ ધ્રુવે** પોતાના એક વખતના ભાષણમાં **સ્યાદ્વાદ**ના સમ્બન્ધમાં જણાવેલ છે કે–

'સ્યાદ્વાદનો સિદ્ધાંત અનેક સિદ્ધાંતો અવલોકીને તેમનો સમન્વય કરવા ખાતર પ્રકટ કરવામાં આવ્યો છે. સ્યાદ્વાદ એકીકરણનું દૃષ્ટિબિંદુ આપણી સામે ઉપસ્થિત કરે છે. **શંકરાચાર્યે** સ્યાદ્વાદ ઉપર જે આક્ષેપ કર્યો છે, તે મૂળ રહસ્યની સાથે સંબંધ રાખતો નથી. એ નિશ્ચય છે કે વિવિધ દૃષ્ટિબિંદુઓ દ્વારા નિરીક્ષણ કર્યા વગર કોઇ વસ્તુ સંપૂર્ણ સ્વરૂપે સમજવામાં આવી શકે નહી. આ માટે **'સ્યાદ્વાદ'** ઉપયોગી તથા સાર્થક છે. મહાવીરના સિદ્ધાંતમાં બતાવેલ સ્યાદ્વાદને કેટલાક સંશયવાદ કહે છે, એ હું નથી માનતો. સ્યાદ્વાદ સંશયવાદ નથી કિન્તુ તે એક દૃષ્ટિબિંદુ અમને મેળવી આપે છે. વિશ્વનું કેવી રીતે અવલોકન કરવું જોઈએ એ અમને શીખવે છે.'

(૩)

કાશી હિંદુ વિશ્વવિદ્યાલયમાં દર્શનશાસ્ત્રના મુખ્ય અધ્યાપક **શ્રીફણીભૂષણ** અધિકારી M.

A. એ સ્યાદ્વાદના સમ્બન્ધમાં જણાવેલ છે કે–

'સ્યાદ્વાદનો સિદ્ધાંત ઘણો મહત્ત્વપૂર્ણ અને ખેંચાણકારક છે. એ સિદ્ધાંતમાં જૈનધર્મની વિશેષતા તરી આવે છે, અને એજ સ્યાદ્વાદ જૈનદર્શનની અદ્વિતીય સ્થિતિ પ્રગટ કરે છે છતાં કેટલાકોને મન સ્યાદ્વાદ એ એક ગૂઢ શબ્દ, તથા કેટલાકોને તો તે ઉપહાસાસ્પદ પણ લાગે છે. જૈનધર્મમાં એ એક શબ્દ દ્વારા જે સિધ્ધાંત ઝલકી રહ્યો છે, તે ન સમજી શકવાથી જ કેટલાકોએ તેનો ઉપહાસ કર્યો છે, એ અજ્ઞાનતાને પ્રતાપે જ કેટલાકોએ તેમાં દોષો તથા ભિન્ન ભિન્ન અર્થોનાં આરોપણ કર્યાં છે. હું તો એટલે સુધી કહેવાની હિમ્મત કરૂં છું કે વિદ્વાન્ શંકરાચાર્ય જેવા પુરૂષ પણ એ દોષથી અળગા નથી રહી શકયા. તેમણે પણ એ સ્યાદ્વાદધર્મ પ્રતિ અન્યાય કર્યો છે. સાધારણ યોગ્યતાવાળા માણસો એવી ભૂલ કરે તો તે માફ કરી શકાય, પણ મને સ્પષ્ટ વાત કહેવાની રજા મળે તો હું કહીશ કે 'ભારતના એવા મહાન્ વિદ્વાન્ માટે એવો અન્યાય સર્વથા અક્ષમ્ય છે' જો કે હું પોતે એ મહર્ષિ પ્રતિ અતિશય આદરભાવથી નિહાળું છું, તથાપિ મને એમ ચોખ્ખું દેખાય છે કે તેમણે 'વિવસન સમય' અર્થાત્ નાગા લોકોના સિદ્ધાંત એવું જે અનાદર સૂચવતું નામ જૈનધર્મના શાસ્ત્રો વિષે વાપર્યું છે તે કેવળ મૂળ જૈનગ્રંથોનો અભ્યાસ નહીં કરવાનું પરિણામ છે.

સ્યાદ્વાદ એક ભારે સત્ય તરફ આપણને દોરી જાય છે. હું એક વાત ઉપર ખાસ ભાર મુકવા માગું છું કે વિશ્વના અથવા તેના કોઈ એક ભાગને જોવા માટે માત્ર એક દૃષ્ટિકોણ સર્વથા પૂર્ણ ન લેખી શકાય. ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી જોઈએ તોજ અખંડ સત્ય જોઈ શકોએ. ખરૂં જોતાં આ વિશ્વ અસંખ્ય તત્ત્વો તથા પર્યાયોના સમુદાય રૂપ છે, અને આપણાં યથાર્થ જ્ઞાનપ્રાપ્તિનાં સાધનો એટલાં અપૂર્ણ છે કે આપણા પરિચિત દૃષ્ટિકોણથી ભાગ્યે જ પૂર્ણ સત્ય પામી શકીએ. કેવળ સર્વજ્ઞ જ પૂર્ણ સત્યને પૂર્ણપણે જાણી શકે છે. આપણે તો એકાંગિક વિચાર અને અપૂર્ણ સ્પષ્ટીકરણના અત્યારે અધિકારી ગણાઈએ.

આપણે પૂર્ણ સત્યને કદાપિ ન્યાય ન આપી શકીએ.

આવી સ્થિતિમાં શ્રી મલ્લિસેને (?) જિનેન્દ્ર ભગવાન્ મહાવીરની સ્તુતિ અર્થે જે યોગ્ય શબ્દો વાપર્યા છે, તે મને યાદ આવે છે—

अन्योन्यपक्षप्रतिपक्षभावाद्<br>
यथा परे मत्सरिणः प्रवादाः ।<br>
नयानशेषानविशेषमिच्छन्,<br>
न पक्षपाती समयस्तथा ते ॥

હે ભગવન્! આપનો સિદ્ધાંત નિષ્પક્ષ છે, કારણ કે એક જ વસ્તુ કેટલીયે અસંખ્ય દૃષ્ટિથી જોઈ શકાય છે તે આપે અમને બતાવ્યું છે. પેલાઓ કે જે કેવળ સિદ્ધાંતભેદની ખાતર પરસ્પરમાં ઈર્ષ્યા–મત્સર ધરાવે છે તે સ્થિતિ આપના સ્યાદ્વાદ દર્શનમાં નથી સંભવતી.'

[ ૪ ]

**ડો. એ. પરટોલ્ડે** તા૦ ૨૧–૮–૨૧ ના દિવસે ખાનદેશમાં આવેલ ધુલિયા ગામમાં **'ધર્મના તુલનાત્મક શાસ્ત્રમાં જૈનધર્મનું સ્થાન અને મહત્ત્વ'** એ વિષય પર ભાષણ આપતાં પ્રાંતે સ્યાદ્વાદના સમ્બન્ધમાં જણાવેલ છે કે–

'સંક્ષેપમાં કહિએ તો ઉચ્ચ ધર્મતત્ત્વો અને જ્ઞાનપદ્ધતિ, આ બન્ને દૃષ્ટિથી જોતાં જૈનધર્મ એ ધર્મોના તુલનાત્મક શાસ્ત્રમાં અતિશય આગળ ગએલો ધર્મ છે એમ કહેવું પડે છે.

દ્રવ્યનું જ્ઞાન કરી લેવા સારૂ એમાં યોજેલા સ્યાદ્વાદનું બીલકુલ આધુનિક પદ્ધતિનું સ્વરૂપજ જુઓ એટલે બસ છે. જૈનધર્મ એ ધર્મ વિચારની નિઃસંશય પરમશ્રેણી છે, અને એ દૃષ્ટિથી

ધર્મનું વર્ગીકરણ કરવા સારુ જ કેવળ નહીં પણ વિશેષતઃ ધર્મનાં લક્ષણો ઠરાવવા સારૂ અને તદનુસાર સામાન્યતઃ ધર્મની ઉપપત્તિ બેસાડવા સારૂ તેનો કાળજીપૂર્વક અભ્યાસ કરવો જરૂરી છે.'

(૩)

**અધ્યાપક દત્તાત્રય બાલકૃષ્ણ કાલેલકરે** 'પૂર્વરંગ' નામના પુસ્તકમાં સ્યાદ્વાદના સમ્બન્ધમાં જણાવેલ છે કે—

'એકજ સત્ય અનેક રૂપમાં પ્રગટ થાય છે. એક એક જાતિ, એક એક જમાનો, અને એક એક દેશ સત્યના એક એક અંશનું ગ્રહણ કરી શકે છે, અને તેથી પરસ્પર વિરોધી દેખાતી છતાં બધી દૃષ્ટિઓ સરખી જ સાચી હોય છે. એ **જૈનોના સ્યાદ્વાદનું તત્ત્વ** હિંદુસ્તાનના આખા ઈતિહાસમાં ઘટાએલું આપણે જોઈએ છીએ.'

પુનઃ તેઓશ્રીએ તા. ૪–૨–૨૩ ના 'નવજીવન'ના અંકમાં **'ભગવાન્ મહાવીરની કૈવલ્યભૂમિ'** નામના લેખમાં સ્યાદ્વાદના સમ્બન્ધમાં લખેલ છે કે—

'જૈન તત્ત્વજ્ઞાનમાં સ્યાદ્વાદનો બરાબર શો અર્થ છે તે જાણવાનો દાવો હું કરી શકતો નથી, પણ હું માનું છું કે **સ્યાદ્વાદ** માનવ બુદ્ધિનું એકાંગીપણું જ સૂચિત કરે છે. અમુક દૃષ્ટિએ જોતાં એક વસ્તુ એક રીતે દીસે છે, બીજી દૃષ્ટિએ તે બાજી રીતે દેખાય છે. જન્માંધો જેમ હાથીને જુદી જુદી રીતે તપાસે તેવી આપણી આ દુનિયામાં સ્થિતિ છે.

આ વર્ણન યથાર્થ નથી એમ કોણ કહી શકે ? આપણી આવી સ્થિતિ છે એટલું જેને ગળે ઉતર્યું તેજ જગતમાં યથાર્થજ્ઞાની. માણસનું જ્ઞાન એક પક્ષીય છે. એટલું જે સમજ્યો તેજ માણસોમાં સર્વજ્ઞ, વાસ્તવિક સંપૂર્ણ સત્ય જે કોઈ જાણતો હશે તે પરમાત્માને આપણે હજુ ઓળખી શકયા નથી.' (વિશેષ આગામી અંકે)


મહા ગુજરાતના સુપ્રસિદ્ધ સાહિત્યકાર

**શ્રી મોહનલાલ ધામી**ની ઐતિહાસિક નવલ ગ્રંથાવલી. આ સિદ્ધહસ્ત કલાકારની કલમથી મહા-ગુજરાતની જનતાને જીવન સૌરભ મળી રહી છે.

ગ્રંથરત્નો:-

| | | |
|---|---|---|
| રૂપકોશા | : રાજનર્તકી | ૪–૫૦ |
| રૂપકોશા | : આર્ય સ્થૂલભદ્ર | ૪–૫૦ |
| મગધેશ્વરી | : નૃત્યાંગના | ૪–૫૦ |
| મગધેશ્વરી | : આર્ય ચાણકય | ૪–૫૦ |
| મગધેશ્વરી | : ચિત્રલેખા | ૪–૫૦ |
| બંધન તૂટયાં | : પૌરવી | ૪–૫૦ |
| બંધન તૂટયાં | : રાજલક્ષ્મી | ૪–૫૦ |
| બંધન તૂટયાં | : રાજકન્યા | ૪–૫૦ |
| સિદ્ધ વૈતાલ | : રોહિણી | ૫–૫૦ |
| સિદ્ધ વૈતાલ | : અનંગલેખા | ૫–૫૦ |
| સિદ્ધ વૈતાલ | : માયાપુરી | ૫-૦૦ |
| ઉંચો ગઢ ગિરનાર | : સિંધુની સુંદરી | ૬–૨૫ |
| ઉંચો ગઢ ગિરનાર | : સોરઠની સુંદરી | ૬–૨૫ |
| કુલવધૂ | : | ૩–૫૦ |
| નટરાજ | : અંજના | ૬–૨૫ |
| નટરાજ | : મેખલી પુત્ર | ૬–૨૫ |
| વિશ્વાસ | [ નવી આવૃત્તિ ] | ૬–૨૫ |
| રાજદુલારી | | ૪–૫૦ |
| ભાગ્યની રમત | [ રમણિકલાલ મહેતા ] | ૬–૭૫ |
| પાયલ બાજે | : કલ્યાણી | ૬-૨૫ |
| પાયલ બાજે | : ઈલાચી | ૬–૨૫ |
| કુમારી પત્ર લેખા | | ૪–૦૦ |

ઉપરનાં પુસ્તકોનું પોસ્ટેજ જુદું

—: લખો :—

**નવયુગ પુસ્તક ભંડાર : રાજકોટ**

**સોમચંદ ડી. શાહ–પાલીતાણા**

# મનન માધુરી

**શ્રી વિમર્શ**

ચિંતનપ્રધાન સાત્ત્વિક વિચારધારા રજૂ કરતી આ લેખમાળાએ 'કલ્યાણ'ના હજારો વાચકોમાં આકર્ષણ કર્યું છે. સર્વ કોઇ સ્વસ્થ ચિત્તે આ વિભાગને વાંચે, અને વિચારે!

## ગૃહસ્થના ધર્મ

જગતમાં ધર્મ એક જ હોય છે. ધર્મ કદી બે નથી હોઈ શકતા. અહિંસા જો ધર્મ છે તો હિંસા એ અધર્મ જ છે. સત્ય એ ધર્મ છે તો અસત્ય એ અધર્મ જ છે. બે વિરૂદ્ધ વસ્તુ એક કાળે બે સ્વરૂપવાળી કદીપણ હોઇ શકતી નથી. એને અંગ્રેજીમાં Low of Contradiction અથવા Low of non contradiction પણ કહે છે. એકજ વસ્તુ ધોળી અને નહિ ધોળી એક જ કાળે હોઇ શકતી નથી. તેમજ એકજ વસ્તુ એક જ કાળે ધોળી અને નહિ ધોળી એ બે પ્રકારમાંથી કોઈ એક પ્રકારની અવશ્ય હોય છે એને અંગ્રેજીમાં Low of excluded middle કહે છે. એ બંને નિયમો ઉપરથી હિંસા અને અહિંસા બંને જેમ ધર્મરૂપ બની શકતા નથી તેમ બંને અધર્મરૂપ બની શકતા નથી. બેમાંથી એક ધર્મ છે તો બીજો અધર્મ છે પણ બંને ધર્મરૂપ કે બંને અધર્મરૂપ બની શકતા નથી.

અહિંસા, સત્ય, અસત્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચે વસ્તુ ધર્મસ્વરૂપ છે. એ સર્વ સિદ્ધાંતવાદીઓ અને ધર્મચારીઓથી નિશ્ચિત થયેલી વાત છે. તેથી હિંસા, અસત્ય, ચૌર્ય, અબ્રહ્મ અને પરિગ્રહ એ અધર્મ અને પાપસ્વરૂપ છે, એ વાત પણ નિશ્ચિત જ થઇ જાય છે.

ધર્મ એ રીતે જો એકજ છે તો પછી ગૃહસ્થોનો ધર્મ અને સાધુઓનો ધર્મ એવા બે ભેદ શાસ્ત્રોમાં શા માટે પાડેલા છે? એનો ઉત્તર એ છે કે ધર્મ એક જ હોવા છતાં તેને પાળનારાઓની શકયતા ખાતર તેના બે ભેદ પાડી બતાવવામાં આવ્યા છે. જેઓ પાળનારાઓની ભૂમિકા સરખી નહિ હોવા છતાં ભૂમિકાનુસાર ધર્મનો ભેદ સ્વીકારવાની ના પાડે છે, તેઓ કાં તો ધર્મનું પાલન ઈચ્છતા નથી અથવા ધર્મ પાળવાનો માર્ગ જાણતા નથી.

અહિંસા, સત્યાદિ જ ધર્મ છે અને હિંસા, અસત્યાદિ અધર્મ જ છે. તે એમ નકકી થયા પછી ગૃહસ્થ પણ જો સાધુની જેમ સર્વથા અહિંસા સત્યાદિના પાલનનોજ આગ્રહ રાખે છે તો તે પાલન તો કરી શકતો નથી જ, કિન્તુ અધિક હિંસા અને મોટા અસત્યોના માર્ગે બળાત્કારે કે અનિચ્છાએ પણ તેને ઘસડાઇ જવાનું થાય છે. જૈનશાસ્ત્રોમાં ગૃહસ્થો જો અહિંસા–સત્યાદિ ધર્મોના પાલન માટે તેમની ભૂમિકાનુસાર જે માર્ગ યોજવામાં આવ્યો છે, તે કેટલો સુઘટિત નિર્દંભિક અને સુશકય છે, તેને વિચારીને સારી રીતે સમજવા જેવો છે, અહિંસાદિના ગુણો અને હિંસાદિના દોષો જાણ્યા બાદ પણ આ જાતિનો વિભાગ જેઓ પાડી શકયા નથી, તેઓ અહિંસાદિના પ્રચારના નામે જ કેટલીક વખત હિંસાદિના પ્રચારકો બની જતાં વાર લાગતી નથી.

સર્વ જીવોના પ્રાણનો વધ એ હિંસાસ્વરૂપ છે, તેથી સંપૂર્ણ અહિંસાના પાલન માટે સર્વ જીવોના પ્રાણોનો વધ વર્જ્ય છે, એ સિધ્ધાંતનો સ્વીકાર કરવા છતાં ગૃહસ્થોને માટે જૈન શાસ્ત્રકારો નિરપરાધી ત્રાસ જીવોની સંકલ્પપૂર્વક

હિંસાનો જ ત્યાગ ફરમાવે છે. ગૃહસ્થોએ સાધુની જેમ ઘર છોડયું નથી અને ઘર છોડયું નથી ત્યાં સુધી તેને માથે પોતાનાં ઘર, કુટુંબ અને આશ્રિતોની રક્ષાની જવાબદારી રહેલી છે. એ સ્થિતિમાં જો એ સાપરાધિની શિક્ષાને પણ સર્વથા વર્જ્ય માને તો અવસરે નિરપરાધી એવા પોતાના આશ્રિતોની હિંસાને અંગીકાર કરનારો થાય છે. અર્થાત્ તે હિંસાથી તો બચી જ શકતો નથી કિન્તુ સાપરાધીની હિંસાનો આડકતરી રીતે ભાગીદાર બની જાય છે.

એજ રીતે ત્રસજીવો સાથે સ્થાવરજીવોની હિંસાને પણ સર્વથા ત્યજનારો થાય છે, તો અન્નાદિના અભાવે પોતાનો તથા પોતાના કુટુંબનો જ નાશ કરનારો થાય છે. આરંભાદિ માટે અનિવાર્યપણે થતી હિંસાને પણ તે છોડી શકનાર ગૃહસ્થ પણ સાધુની જેમ સર્વજીવોની હિંસાના ત્યાગની પ્રતિજ્ઞાને પાલવાને તૈયાર થાય છે તો તેનું પાલન તો કરી શકતો નથી જ, કિન્તુ સ્વલ્પ હિંસાને બદલે અનલ્પ હિંસાને જ આચરનારો થઈ જાય છે.

જેમ અહિંસા તેમ સત્ય માટે પણ ગૃહસ્થોને સ્થૂલ અસત્ય વર્જવાનું જ વ્રત ફરમાવેલું છે. સાધુની જેમ ગૃહસ્થ પણ જો સ્થૂલની સાથે સૂક્ષ્મ અસત્યનું વર્જન કરવાને સજ્જ થાય છે તો તે વર્જન કરી શકતો જ નથી, કિન્તુ સૂક્ષ્મ અસત્યના સ્થાને સ્થૂલતર અસત્યોને પણ બોલવાની સ્થિતિમાં મૂકાઈ જાય છે.

ગૃહસ્થાશ્રમ એટલે જર, જોરૂ અને જમીન એ ત્રણ વસ્તુઓનો સંગ. એ ત્રણ કે ત્રણમાંથી કોઈ પણ એક વસ્તુ વિના જ્યારે ગૃહસ્થાશ્રમ નભી શકતો જ નથી તો આપત્તિકાલે એ ત્રણ વસ્તુના સંરક્ષણ માટે પણ તે અસત્ય ન જ બોલે, એ સ્થિતિ તેના માટે શકય જ નથી. એ કારણે શાસ્ત્રકારો ગૃહસ્થોને માટે સ્થૂલ અસત્ય નહિ બોલવાનો જ નિયમ બતાવે છે. લક્ષ્મીના લોભથી ખોટા લખત કરવા કે પુત્રપુત્રીના મોહથી કબુલેલા વિવાહાદિનો ઈન્કાર કરવો ઇત્યાદિ મોટા અસત્યો કદી પણ ન બોલવા. જગતમાં જેનાથી બેવચનીપણું જાહેર થાય એ જાતિનો અસત્યવાદ કદી પણ ન સેવવો. ધન, સ્ત્રી અને પરિવારના મમત્વમાં રહેલો ગૃહસ્થ ભય, લોભ કે ક્રોધના આવેશમાં સૂક્ષ્મ પણ અસત્યો ગૃહસ્થાશ્રમમાં ન સેવે એ સ્થિતિ તેટલે અંશે જ શકય છે કે જેના સહવાસમાં રહીને તેને સ્વધન-સ્ત્રી-કુટુંબાદિનું પાલન તથા સંરક્ષણ કરવું છે, તે જેટલે અંશે સત્ય આચરનારાં હોય. પણ એવી સ્થિતિ ગૃહસ્થોની મોટે ભાગે હોતી નથી. તેને જેઓની વચમાં રહીને ગૃહસ્થાશ્રમ ચલાવવાનો છે તે બધા સત્યવાદી અને નીતિમાન જ હોય એમ બનતું નથી. એ કારણે અસત્યવાદના આશરે જીવનારી દુષ્ટ વ્યક્તિઓના પંજામાંથી સ્વાશ્રિત વસ્તુઓને ઉગારી લેવા માટે અનિવાર્ય અસત્યનું તેને સાપેક્ષપણે સેવન કરવું પડે છે. તેનું સેવન પણ જો તે નથી કરતો તો ધનમાલ-મિલકતને ગુમાવનારો થાય છે. અને પછી પોતાનું ઘર ચલાવવા માટે અને પેટ ભરવા માટે અવસરે મોટાં પણ અસત્યોનો આશ્રય લેનારો બની જાય છે.

અચૌર્યના પાલન માટે ગૃહસ્થોને સ્થૂલ ચોરીનો નિષેધ છે. વસ્તુના માલીકની રજા સિવાય વસ્તુને લેવી તે સ્થૂલ ચોરી છે. પરસ્પરની રાજીખુશી કલાકૌશલ્ય કે સાહસ-હિંમતાદિથી ધન મેળવવું એને પણ જો ચોરી કે અનીતિ તરિકે લેખી લેવામાં આવે તો ગૃહસ્થનો ગૃહસ્થાશ્રમ ચાલવો જ અશકય છે. અને પરિણામે ગૃહસ્થાશ્રમ ચલાવવા માટે મોટી ચોરીના ભોગ થયે જ છૂટકો થાય છે.

એજ નિયમ બ્રહ્મચર્ય અને અપરિગ્રહવ્રત માટે છે. જે ગૃહસ્થોથી સર્વથા બ્રહ્મચર્યનું પાલન શકય નથી તેઓએ સ્વદાર સંતોષ અને પરદારવર્જનવ્રત અંગીકાર કરવું એજ શ્રેષ્ઠ છે.

# સ્ત્રી-સ્વાતંત્ર્ય : એક ચિંતન ❊ શ્રીપ્રિય દર્શન

વર્તમાન કાલમાં સ્ત્રી-સ્વાતંત્ર્યના નામે ઘણું ઘણું લખાય છે. ને ઘણું ઘણું યથેચ્છ પણે બોલાય છે. વાસ્તવિક રીતે સ્વચ્છંદતા, અનાચાર ને માનસિક, વાચિક તથા કાયિક અનાચારોને પંપાળવા કે પોષવા માટે આજે સ્ત્રીસ્વાતંત્ર્યની માયાવી હવા ફેલાવાય છે. ને તે બ્હાને સ્ત્રીવર્ગ તથા પુરૂષ વર્ગના પવિત્રતા જાળવવા માટે મહાપુરૂષોએ નૈતિક નિયમો, મર્યાદાપાલન ફરમાવેલ છે, તેની સામે યથેચ્છ પ્રલાપો થાય છે. આ પરિસ્થિતિમાં એક જિજ્ઞાસુભાઇને ઉદ્દેશીને લંખાયેલો ને સ્ત્રી સ્વાતંત્ર્યની વાસ્તવિક વિચારણા રજુ કરતો પત્ર અમે અહિં પ્રસિદ્ધ કરીએ છીએ.

★

શ્રી પરમેષ્ઠિઓની કૃપાથી આનંદપૂર્વક અહીં આવી ગયા છીએ. વિશેષતા, આ પત્ર દ્વારા તમને પુરુષની ભૂમિકાએથી સ્ત્રીત્વની વિચારણા અને સ્ત્રીની ભૂમિકાએથી પુરુષત્વની વિચારણાની કેટલીક હકિકતો કે જે Cosmic order નીચેની છે, તે જણાવું છું.

મનુષ્ય-પુરુષ જયારે સ્ત્રીને ભોગના (વાસનાના) પાત્ર તરીકે જ જોતો થઇ ગયો છે, અને એ દ્વારા એના શુધ્ધ બ્રહ્મના વ્યક્તિત્વને વિસરી ગયો છે, એ તબકકે પુરુષે સ્ત્રીમાં કયું દર્શન કરવું, એ ગંભીર વિચારણા માગી લે છે.

ધર્મગ્રન્થોમાં સ્ત્રીને દુઃખનું કારણ, પાપનું, અધઃપતનનું નિમિત્ત કહેવામાં આવ્યું છે તે, સ્ત્રીમાં પુરુષે દઢ કરેલી વાસનાતૃપ્તિના જ કેવળ સાધન તરીકેના વ્યકિતત્વની કલ્પનાને નિર્મૂળ કરી દેવા માટે છે. તેમાં સ્ત્રીના ઉચ્ચ આત્મત્વને અવગણવાની જરાય દૃષ્ટિ ન હોઈ શકે.

છરી આત્મરક્ષા માટે જીવનોપયોગી સાધન તરીકે પોતાનું ઉચ્ચ વ્યક્તિત્વ ધરાવે છે, પરંતુ છરીનો ઉપયોગ મનુષ્ય જ્યારે ખૂન, ત્રાસ વગેરેમાં કરતો થઈ જાય ત્યારે, મનુષ્યને છરીમાં અધઃપતનનું દર્શન કરાવવું શું યોગ્ય નથી? અને એ દર્શન કરાવવામાં શું છરીના ઉચ્ચ વ્યકિતત્વની રક્ષા નથી સમાયેલી?

સ્ત્રીમાં પુરુષે કરેલી વાસનાપૂર્તિ માટેની પૂતળી તરીકેના કલ્પના જયારે ટળશે ત્યારેજ તે સ્ત્રીના ઉચ્ચતમ પવિત્ર વ્યક્તિત્વને સમજી શકશે. અને તે સમજાવવાજ સ્ત્રીમાં દોષારોપણ કરાય છે.

ત્યારે, શું પુરુષ સ્ત્રીના સાથેના વાસનાના સંબંધમાંથી મુકત થાય તે શુધ્ધસ્વરૂપની પ્રાપ્તિ માટે અનિવાર્ય નથી? અને વાસનાનો સંબંધ તોડવા તથા તૂટેલા એ સંબંધને જારી રાખવા માટે સ્ત્રીત્યાગ આવશ્યક નથી? જેના દર્શનથી વાસના જાગૃત થાય છે, તેવા નિમિત્તોથી દૂર રહેવું એ મુમુક્ષુ માટે જરૂરી નથી.?

સંસારથી ડરીને ભાગી છુટવું એ સાધક

---

પરિગ્રહ માટે પણ પોતાનું કુળ-ઈજ્જત અને પરિસ્થિતિનો વિચાર કરી નિયમન અંગીકાર કરવાથી તે પળે છે, અન્યથા તેનો ભંગ થાય છે અને મોટા દોષોનું સેવન કરવાનો પ્રસંગ ઉભો થાય છે.

સાધુમાર્ગમાં જ પાલન થવો શકય એવો ધર્મ ગૃહસ્થોની આગળ ધરવામાં આવે તો તે ધર્મનું પાલન તો શકય નથી કિન્તુ પરિણામે અધર્મ સેવનની જ વૃદ્ધિ થાય છે. એ કારણે જૈનશાસ્ત્રોમાં ધર્મના અધિકારી ભેદે બે વિભાગ પાડવામાં આવ્યા છે તે સર્વથા સુસંગત છે. સાધુ ધર્મને લાયક અહિંસાદિ ધર્મોના પાલનનો આગ્રહ જેમ ગૃહસ્થોને જેમ ધર્મથી ચ્યૂત કરનાર છે તેમ ગૃહસ્થધર્મને લાયક અહિંસાદિ ધર્મોના પાલનનો માર્ગ સાધુઓની આગળ ધરવાથી સાધુપણુ સાધુધર્મથી ચૂકે છે, એ વાત પણ આના ગર્ભમાં આવી જાય છે.

આત્માની નબળાઇ નથી. પરંતુ સાધકની એ સાવચેતી છે. સાધકનું તે દીર્ઘ દષ્ટિબિંદુ છે. ગમે તેટલો સારો સંસાર, જો આપણા આત્મામાં મલીન વાસનાઓનો જનક બને છે. તો તે સંસાર આપણા માટે અહિતકારી જ છે, અને તેથી તે ત્યાજ્ય છે.

જો રોગીને આરોગ્યની પ્રાપ્તિ કરવી છે, તો તેના માટે રોગવર્ધક હવા, પાણી અને ખોરાકથી દૂર રહેવું જ શ્રેયસ્કર હોય છે. તેમ અનેકવિધ વાસનાઓના રોગથી મુક્ત બનવા અને નિર્વિકારિતાના પરમ આરોગ્યને હાંસલ કરવા, વિકારવર્ધક (પુરુષ માટે) સ્ત્રી, ધન વગેરેથી અલિપ્ત રહેવું અતિ આવશ્યક છે.

વિષયતૃપ્તિનું સાધન બનાવેલી સ્ત્રી દગાખોર પતનકારી બને છે, એ વાતને પ્રત્યેક વિચારક સ્વીકાર્યા વિના નહિ રહે.

સ્ત્રીની ભૂમિકાથી પુરુષ અંગેની વિચારણા પણ પૂર્વોક્ત દષ્ટિબિંદુઓથી કરી લેવી જોઈએ.

સ્ત્રીએ પણ પોતાના ઉચ્ચ વ્યક્તિત્વની અભિવ્યક્તિ ક્ષુદ્રવાસનાઓમાં ન કરવી જોઇએ. પરંતુ શુધ્ધ સતીત્વ અને નિર્દંભ સદાચારિતામાં કરવી જોઈએ, પરંતુ શુધ્ધ સતીત્વની રક્ષા પાછળ તેણે સતત અને સખત જાગૃતિ રાખવી જોઇએ. એ વ્યક્તિત્વ જરાય ન ઝંખવાય, દિનપ્રતિદિન ઉજ્જવળ બને, તેની ખેવના તેના હૃદયમાં સ્થપાયેલી હોય.

પરંતુ આ શુધ્ધ સતીત્વ અને નિર્દંભ સદાચારિતાની અભિવ્યક્તિ કરવા પાછળ જરૂરી મનોબળ અને આત્મબળ હ્રાસ પામતાં ચાલ્યાં. તેથી સ્ત્રીઓનું વ્યક્તિત્વ ઝંખવાયું. તેનાથી તેમનામાં રહેલી માનવસહજ માનવી લાગણી દુભાણી. અને એ લાગણીએ સ્ત્રીને પોતાનું વ્યક્તિત્વ અન્યાન્ય માર્ગે વ્યક્ત કરવા પ્રેરી. અને તેમાં તે પુરુષોની સહાય પણ મળી કે જે પુરૂષોની મલીન વાસનાઓ તે સહાય કરવા દ્વારા પોષાવા લાગી!

અને ત્યારે 'સ્ત્રીસ્વાતંત્ર્ય' ના એક ખૂણેથી પોકાર ઉઠયો. એ પોકાર, સ્ત્રીઓ દ્વારા કેવળ પોતાની શુદ્ર કામનાઓને સંતોષવા મથતા પુરુષોને પ્રિય લાગ્યો; તેમણે એ પોકારને દેશવ્યાપી બનાવવા પ્રયત્નો આદર્યા.

સ્ત્રીઓમાં સુતેલી ભૌતિક સુખેચ્છાઓને પૂર્ણ કરવા માટે તેમણે આ સ્ત્રીસ્વાતંત્ર્યનું ક્ષેત્ર બતાવી સ્ત્રીઓને કૌટુંબિક મર્યાદાઓને ફગાવી દેવા ટટ્ટાર કરી.

તેમણે એક વાત એવી વ્યાપક બનાવી કે– "સ્ત્રીઓને ખૂબ મર્યાદાઓનાં બંધનોમાં જકડી રાખવાથી, અંદરમાં વાસનાનો અગ્નિ ધુંધવાય છે. અને માર્ગ મળતાં તે પવિત્રતાને ભરખી લે છે. એના બદલે સ્ત્રીઓને મર્યાદાઓની શૃંખલામાંથી મુક્ત રાખો"

આગળ વધીને તેમણે મર્યાદાપાલનમાં શારીરિક અનિષ્ટોને પણ બતાવવા માંડયાં!

'બળજબરીથી દાબી રાખેલી વાસના શરીરમાં અનેક પ્રકારની વ્યાધિઓ જન્માવે છે.'

છતાં ય સ્ત્રીઓ સાથે સ્વેચ્છિત વિહારની અનુકૂળતા ન મળતાં સ્ત્રીઓને સમજાવવા માંડયું.

'દેશનું અને સમાજનું હિત–સેવા કરવા સ્ત્રીઓએ ઘરનો ખૂણો છોડવો જોઇએ. સ્ત્રીઓનું પણ રાજકીય અને સામાજિક ક્ષેત્રે અસાધારણ સ્થાન છે.'

આ પ્રબળ પ્રચારની માયાવી જાળમાં અનેક સ્ત્રીઓએ ઝંપલાવ્યું. દેશસેવા અને સમાજસેવાના બુરખા નીચે તેમની દુરાચારની એબ ઢંકાવા લાગી. અને દેશસેવિકા તથા સમાજસેવિકા તરીકે તેમનું વ્યક્તિત્વ સન્માન પામવા લાગ્યું! નૈતિક અને આધ્યાત્મિક ઉન્નતિમાં પોતાનું ભવ્ય વ્યક્તિત્વ અભિવ્યક્ત કરવાની ભાવના લુપ્ત પામી. પરિણામે પ્રચ્છન્ન અને પ્રકટ દુરાચારો દેશવ્યાપી, વિશ્વવ્યાપી બન્યા.

બીજી બાજુ સ્ત્રીને કૌટુમ્બિક બંધનો, કુટુંબ-સેવા કડવી લાગવા માંડી. પતિની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે, પતિની સેવા કરવા માટે તેને સમય ન મળવા માંડયો. એના સ્થાને પરપુરુષો સાથે વધુ ને વધુ બોલવાનું, હસવાનું, બેસવાનું, કામ કરવાનું તેને પસંદ પડવા લાગ્યું.

કુટુંબમાં તે પ્રેમનું સામ્રાજ્ય ન સ્થાપી શકી. કુટુંબમાં કલેશનાં મંડાણ થયાં, કલેશના ભડકા થવા લાગ્યા.

બીજી બાજુ, જાતીય આકર્ષણોનો સ્ત્રીઓ ભોગ બનવા લાગી, અને અનાચાર, દુરાચાર અને વ્યભિચાર ખૂબ ખૂબ વધી ગયો. એમાં પણ સમાજ સમક્ષ જ્યારે તેમનાં પાપ પ્રગટ થવા લાગ્યાં. વ્યક્તિત્વ હણાવા લાગ્યું. અને બર્થ કંટ્રોલ–સંતતિનિયમનના સાધનો અજમાવવા શરૂ થયા. એના દ્વારા પાપના પ્રગટીકરણનો ભય ટળી ગયો! ભોગેચ્છાઓ માઝા મૂકીને રમણે ચઢી. પુરુષત્વ–વીર્યનો ખૂબ ખૂબ વ્યય થવા લાગ્યો. શારીરિક રોગોને હુમલો કરવાનું ક્ષેત્ર મળી ગયું, અને દેશ તથા સમાજ ઘેરી માંદગીમાં પછડાઈ પડ્યો.

વિચારો. ગંભીરતાપૂર્વક, પક્ષપાતરહિત વિચારો.

સ્ત્રી–સ્વાતંત્ર્ય પાછળ કરવામાં આવેલ તર્ક કેટલા બધા અસંગત છે, તે પણ વિચારણા માંગે છે.

'કૌટુંબિક મર્યાદાઓનાં પાલનમાં વાસનાનો અગ્નિ દબાયેલો રહે છે. અને માર્ગ મળતાં તે પવિત્રતાને ભરખી લે છે.' આમ માની મર્યાદાઓનાં પાલન તોડવામાં આવે અને અગ્નિને ભડકે બળવા દેવામાં આવે તો શું પવિત્રતા સહિસલામત રહેશે?

વાસના એ જો અગ્નિ જ છે, તો અગ્નિ પર નિયંત્રણ અનિવાર્ય જ છે. કયો મનુષ્ય પોતાના ઘરમા અગ્નિને છૂટો મૂકે છે? રસોઇની જરૂર હોય ત્યારે પરિમિત તાપ દ્વારા તે અગ્નિનો ઉપયોગ કરાય. અને જ્યારે કાર્ય સમાપ્ત થાય ત્યારે રાખના ભાઠામાં તે અગ્નિને દાટી દેવામાં આવે છે. તે જ રીતે ભોગની ઈચ્છા થતાં સ્વસ્ત્રી સાથે પરિમિતકાળ માટે વાસનાનો અગ્નિ પેટાવી, ત્યારબાદ સંયમની મર્યાદાની રાખમાં તે અગ્નિને દાબી રાખવો તે જ ગૃહસ્થ માટેની આર્ય સંસ્કૃતિ છે. વાસનાના અગ્નિને સંપૂર્ણ બુઝાવી નાંખવા સંયમની રાખમાં કાયમ માટે તે અગ્નિને દાટી રાખો! તેનું જ નામ બ્રહ્મચર્યનું પાલન છે. વળી વાસનાઓને દાબવામાં શારીરિક નુકશાનો જેમ રજુ કરાય છે, તેમ વાસનાઓને પૂર્ણ કર્યે જવામાં પણ કેટલા શારીરિક નુકશાનો છે, તે આજે સમજાવવું પડે એમ છે? આજે વધુમાં વધુ રોગોનું જન્મસ્થાન હોય તો તે અધિક ભોગપ્રવૃત્તિ છે.

એટલું જ નહિ પણ વીર્યની હાનિથી માનસિક નિર્બળતા પણ વધતી જાય છે. અને નબળું પડેલું માનસ જીવનવ્યવહારમાં જોઇતી સફળ કાર્યક્ષમતા ધરાવતું નથી. ક્રોધાદિ આવેશોને તે તુરત પરવશ બની જાય છે. તેનાથી તેના શરીર પર ઘણી માઠી અસરો થાય છે. તેની વાણી પણ કટુતાભરી બને છે.

આમ વાસનાઓને ન દાબતાં, છૂટી મૂકવામાં આવી તો આજે માનસિક, વાચિક અને કાયિક રોગો, અનિષ્ટો દેશને ઘેરી વળ્યા છે.

વળી, સ્ત્રીઓને રાજકીય અને સામાજિક ક્ષેત્રે વાળી પુરુષોએ શું સ્ત્રીઓનું આત્મહિત કર્યું છે? એક તો એ સ્ત્રી જ્યારે રાજકીય ક્ષેત્રે કે સામાજિક ક્ષેત્રે રસ લે છે, તે તેના પતિને પ્રિય નથી હોતું. અને તેથી હૈયું ઘણો જ અસંતોષ અનુભવે છે, પતિ–પત્નીની વચ્ચે એક

મહાન અંતર પડી જાય છે.

બીજું કુટુંબની સેવામાંથી કંટાળીને સ્વીકારેલી રાજ્યસેવા કે સમાજસેવા કદિ પણ સત્યની ભૂમિકા પર ટકી શકતી નથી. અને તે અભિનંદનીય ન બની શકે.

આમ ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુઓથી વિચારતાં સ્ત્રી-સ્વાતંત્ર્યે દેશની, સમાજની અને આત્માની નૈતિક, આધ્યાત્મિક ઉત્ક્રાન્તિ પર કેવો જબ્બર કુઠારાઘાત કર્યો છે; તે સમજી શકાશે.

જે સ્વાતંત્ર્યમાં વાસનાઓ સાકાર બની અધઃપતનના માર્ગે જીવાત્માને દોરી જતી હોય, તે સ્વાતંત્ર્ય કોઇ કાળે, કોઈ સ્થળે, આપી શકાય નહિ. તે સ્વાતંત્ર્યનો આગ્રહ રાખી શકાય નહિ, પરંતુ તે સ્વાતંત્ર્ય પર વહેલામાં વહેલી તકે અંકુશ મૂકાવો જોઈએ.

જે સ્વાતંત્ર્યમાં વાસનાઓ નામશેષ બની આત્મા ઉત્ક્રાન્તિના પંથે વળે તે જ સ્વાતંત્ર્ય પ્રત્યેક કાળે પ્રત્યેક સ્થળે અભિનંદનીય બની શકે.


**તમારી કિંમતી ફાઉન્ટનપેનનું આયુષ્ય લંબાવતી ઉત્તમ શાહી**

**હ રિ હ ર**

ફ્લ્યુડ : કિંમતી પેન માટે ઉત્તમ છે.
શાહી : લખવા માટે સુંદર છે.
ગુંદર : ઓફીસ વપરાશમાં કરકસરવાળો છે.
દરેક વેપારીને ત્યાં મળશે.
એજન્ટો તથા સ્ટોકીસ્ટો જોઇએ છે.
બનાવનાર : **હરિહર રીસર્ચ વર્કસ**
ઠે૦ માંડવી પોળ, અમદાવાદ.

દેરાસરમાં વપરાતી
જરમન સીલ્વરની
**સામગ્રી**

REGD. TRADE MARK
GUARANTEED
C.C.
STAINLESS STEEL
18/8

અમારે ત્યાં હંમેશા હાજર સ્ટોકમાંથી મળશે.

★ ફાનસ
★ ચમર દાંડી
★ કળશ
★ પખાલ કુંડી
★ પંખા
★ ચંદન વાટકી વિ.

**સ્ટેનલેસ સ્ટીલ** તથા **જરમન સીલ્વરના**
વાસણો ચાવી છાપ જોઇને ખરીદો

**ચીમનલાલ છગનલાલ**
૯૧, કંસારા ચાલ, કાલબાદેવી
મુંબઇ-૨

# જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા

શ્રી કિરણ

'કલ્યાણ' માં અનેકવિધ આકર્ષણ જમાવી રહેલી, સુપ્રસિદ્ધ લેખક અને ચિંતક શ્રી કિરણ દ્વારા આલેખાતી આ લેખમાળામાં આવતા અનેક વિષયોને શ્રી કિરણની લેખિની જે ઓપ આપે છે તે માટે અમારે કશું કહેવાનું રહેતું નથી. 'નમસ્કાર મહામંત્ર'ને અંગે તેની સાધનાને ઉપયોગી પ્રકાશ અહિં તેઓ પાથરે છે. **સંપાદક**

પ્રિય કમલ,

શ્રી નવકાર મંત્રની આરાધના લોકોને રીઝવવા માટે કરવાની નથી. અન્યના મનોરંજન માટે કે બાહ્ય દેખાવ માટે કરવાની નથી પોતાના આત્મહિત માટે કરવાની છે

પ્રણિધાનરહિતપણે, મન-વચન-કાયાની એકાગ્રતા સિવાય, સંમૂર્છિમ પણે, માત્ર દેખાદેખીથી સમજુ સાધક આરાધના કરતો નથી. કારણ કે તે પ્રમાણે કરવાથી માત્ર અકામનિર્જરા થાય છે.

### અમૃત અનુષ્ઠાન

મુમુક્ષુ બહુમાનથી શ્રી નવકાર મહામંત્રની આરાધના કરે. પરમ પુણ્યોદયથી આ મંત્ર પ્રાપ્ત થયો છે, એમ માને.

આપણે વારંવાર વિચારીએ કે;

'અહો હો! આજે હું ભવસમુદ્રના તટને પામ્યો છું. અન્યથા, કયાં હું? કયાં આ મહામંત્ર? અને કયાં મારો તેની સાથેનો સમાગમ?'

'હું ધન્ય છું કે જેથી અનાદિ અનંત ભવસમુદ્રમાં અચિન્ત્ય ચિંતામણિ એવો શ્રી નમસ્કાર મહામંત્ર પ્રાપ્ત કર્યો.

'પરમ દુર્લભ એવો શ્રી નવકારમંત્ર પામીને હુ કયારેય તેની પ્રત્યે મંદ આદરવાળો ન બનું.'

આરાધકને શ્રી નવકાર મહામંત્ર પ્રત્યે પ્રીતિ થવી જોઈએ, ભકિત થવી જોઇએ. આ આરાધના શ્રી વીતરાગ ભગવંતે દર્શાવી છે. શ્રેષ્ઠ છે. પરમ હિતકારી છે. એમ સમજીને આરાધના કરે.

કહ્યું છે કે—

जिनोदितमिति त्वाहु-र्भावसारमदः पुनः ।
संवेगगर्भमत्यन्तममृतं मुनिपुङ्गवाः ॥

—શ્રી યોગબિન્દુ

'શ્રી જિનેશ્વર ભગવંતે કહ્યું છે એમ જાણી કરવામાં આવતુ' એવું ભાવના સાર રૂપ જે અત્યંત સંવેગ ગર્ભ અનુષ્ઠાન છે, તેને મુનિ પુંગવો 'અમૃત અનુષ્ઠાન' કહે છે.

સમ્યક્ પ્રકારે કષાયાદિ રહિતપણે ચિત્તની શુદ્ધિ પૂર્વક જે ધર્મક્રિયા કરવામાં આવે છે, તે 'અમૃત અનુષ્ઠાન' છે.

શ્રી નવકાર મહામંત્રના જપમાં વેઠ ન હોવી જોઇએ. ઉતાવળ ન હોવી જોઈએ. વ્યગ્રતા ન હોવી જોઇએ.

જપ અને ધ્યાન આદરપૂર્વક કરવા જોઈએ. વિશેષ પ્રયત્નથી બહુમાનપૂર્વક કરવા જોઇએ.

## આધ્યાત્મિક શક્તિનું પ્રાગટ્ય

Fisson of Spiritual Energy

સદ્ અનુષ્ઠાનનું લક્ષણ એ છે કે જપક્રિયા પ્રત્યે અંતરનો પ્રેમ જાગવો જોઈએ, જ્યારે જપ ક્રિયા ચાલતી હોય ત્યારે સાત્ત્વિક ચિત્ત પ્રસન્નતા ઉછળતી હોય, ઉલ્લાસ હોય, નવકાર ગણવાનો આનંદ હોય.

સદ્ અનુષ્ઠાનમાં–જપ ક્રિયામાં પ્રીતિ હોય શ્રી પંચપરમેષ્ઠિ પ્રત્યે અતીવ બહુમાન હોય.

સદ્ અનુષ્ઠાનમાં વિઘ્ન ન આવે.

આવું નિર્વિઘ્નપણું શુભ કર્મનાં સામર્થ્યથી બને છે. જો પુણ્યોદય હોય તો વિઘ્ન રહિતપણે ધર્મક્રિયા થાય છે.

વિઘ્નો દૂર કરવાનું સામર્થ્ય પણ શ્રી નવકારના જપમાં રહેલું છે. શ્રી નવકાર એવું અમૃત ઔષધ છે કે રોગ હોય તો રોગ દૂર કરે. રોગ ન હોય તો નવી તંદુરસ્તી આપે.

સદ્ અનુષ્ઠાનથી દ્રવ્ય સંપત્તિ અને ભાવ સંપત્તિ પ્રાપ્ત થઈ શકે છે, જ્ઞાન, વિજ્ઞાન, વિવેક, વિનય વગેરે ભાવ સંપત્તિ છે, જેનું મૂલ્ય આંકી ન શકાય.

શ્રી નવકારના આરાધકને જે દ્રવ્ય સંપત્તિ પ્રાપ્ત થાય છે, તે મોક્ષમાર્ગમાં વિઘ્નરૂપ થતી નથી.

જેમ અણુ Atom ના વિસ્ફોટ Fission થી અણુ શકિત Atomic Energy પ્રગટે છે, તેમ સદ્અનુષ્ઠાનથી આધ્યાત્મિક શકિત Spiritual Energy અવશ્ય પ્રગટે છે. આત્મવૈજ્ઞાનિકોએ Soul Scientists આ પ્રયોગ સફળતાપૂર્વક સિદ્ધ કર્યો છે.

શ્રી નવકાર મહામંત્રના આરાધકના હૈયામાં શ્રી પંચપરમેષ્ઠિનું યથાર્થ સ્વરૂપ જાણવાની તીવ્ર ઉત્કંઠા હોવી જોઈએ. તેની ભકિત, તેનું સમર્પણ માત્ર ઈચ્છા રૂપ wishing નથી પણ ખેવના રૂપ Striving હોય છે.

આરાધનાના વૈજ્ઞાનિક પ્રયોગના જે જ્ઞાતા, જાણકાર, સદ્ગુરુઓ છે, તેમની સેવા સદ્ અનુષ્ઠાનમાં અનિવાર્ય બને છે.

સૂક્ષ્મ માનસ વિજ્ઞાનના રહસ્યો ગ્રંથોમાંથી વાંચનમાંથી પ્રાપ્ત નહિ થાય, સાધુ પુરુષોની સેવાથી પ્રાપ્ત થશે.

જે સાધકો અમૃતક્રિયા આચરે છે તે આત્માનું અમૃત પ્રગટાવે છે.

શ્રી નમસ્કાર મહામંત્રની આરાધના સંબંધી સાધકોની જુદી જુદી ભૂમિકાઓ Levels ને અનુલક્ષીને સાધનામાર્ગમાં સહાયક થાય એવું ઘણું જૈનશાસ્ત્રોમાં કહ્યું છે.

પ્રત્યેક વિચારકને સૂક્ષ્મ માનસ વિજ્ઞાન Higher Psychology ઉપર રચાયેલી વ્યવહારૂ practical સૂચનાઓનું મહત્ત્વ સ્પષ્ટ સમજાશે.

## અધ્યાત્મનો અમૂલ્ય નિધિ

કેટલાકને શ્રી નવકારમંત્ર ઉપર શ્રદ્ધા કે ભક્તિ થતા નથી. તેમને લાગે છે કે આ મંત્રમાં બીજાક્ષર કયાં છે! તેના ઉચ્ચારણમાં કઠિનતા કયાં છે! માત્ર નમસ્કારથી શું વળે! જેમને આવું લાગે છે, તેઓ આ મહામંત્રનો પરિચય પામ્યા નથી.

સર્વ બીજ મંત્રોનો સંગ્રહ શ્રી નવકાર છે. અન્ય 'મંત્ર' છે, આ 'મહામંત્ર' છે. ૐ હ્રીઁ આદિ સર્વ બીજમંત્રો શ્રી નવકારમાં સમાયેલા છે. તેનો વિચાર આપણે કયારેક કરીશું. આ નમસ્કારમાં મોક્ષ અપાવનારી સર્વ સામગ્રી ભરી છે, શ્રી નવકાર સરળ છે, તેથીજ ઋજુગતિ પ્રત્યે લઇ જનારો બને છે.

આત્મશુદ્ધિ માટે શ્રી નવકાર મહામંત્રનો

જપ શ્રેષ્ઠ સાધના છે. દુઃખ નિવૃત્તિ માટે, કષ્ટ દૂર કરવા માટે તેના જેવું સરલ સાધન એકેય નથી. આપણે આ સાધનાનું મહત્ત્વ જાણતા નથી એટલે તેની જબ્બર ઉપેક્ષા કરી છે.

સાચી રીતે શ્રી નમસ્કાર મહામંત્રની આરાધના મોક્ષમાર્ગ માટેનું અત્યંત સામર્થ્યવાન અમોઘ શાસ્ત્ર છે. શ્રધ્ધા અને ભકિત જેના હૈયામાં છલાછલ ભરી છે એવા સાત્વિક સાધક–મુમુક્ષુને આ મહામંત્રનું મહત્ત્વ સમજાશે.

ચૌદ પૂર્વધરો પણ અંતિમ સમયે શ્રી પંચ નમસ્કારનું શરણ લે છે. આશ્ચર્ય છે કે આવા પરમોપયોગી સાધનનો આપણે કેમ ઉપયોગ કરતા નથી ?

કહ્યું છે કે :

जलणोऽवि हुज्ज सीओ पडिपहहुत्तं च होज्ज सुरसरिया ।
नय नाम नि (खि) ज्जइ परमपयपुरं नमुक्कारो ॥

અગ્નિ કદાચ શીતલ થઈ જાય અને આકાશગંગા સાંકડા માર્ગ વાળી બની જાય, પરંતુ આ નવકાર પરમપદપુરે ન લઇ જાય, એ બને નહિ.

આ જેમણે શ્રી નવકારનો સ્વાનુભવ કર્યો છે, તેમના હૈયાનો ઉદ્ગાર છે.

આ અતિસરલ ઉપાયને જે પામે છે, તેને પ્રાણાયામ વગેરે કષ્ટ સાધનોની જરૂર નથી.

સંપૂર્ણ ભાવપૂર્વક શ્રી નવકાર મહામંત્રનો જપ કરવાથી શ્વાસોશ્વાસની ગતિ નિયમિત થઈ જાય છે, The breathing system is regulated અને પ્રાણાયામ સ્વાભાવિક બને છે.

જે સાધક શ્રી નવકાર મંત્રની આરાધના કરે છે, તેને પ્રાણાયામ, ધારણા, ધ્યાન વગેરે યોગનાં અંગોનો ક્રમિક અભ્યાસ કરવાની આવશ્યકતા રહેતી નથી.

જો જપક્રિયા વિધિપૂર્વક વૈજ્ઞાનિક રીતે Scintific કરવામાં આવે તો યોગના સર્વ અંગોનો તેમાં સમાવેશ થઈ જાય છે.

શ્રી નવકાર મંત્રના જાપને સરલ અને સાધારણ સમજીને તેને ઉચિત મહત્ત્વ આપણે આપતા નથી.

બાલકને કઈ રીતે સમજાવાય કે ચારે તરફ છવાયેલા ગાઢ અંધકારનો નાશ એક નાના દીપક દ્વારા કરી શકાય છે !

આ સર્વોત્કૃષ્ટ પરમ પાવનકારી મહામંત્રનો શાસ્ત્રમાં જે મહિમા દર્શાવાયો છે તે ઘણાને અજ્ઞાનને લીધે કલ્પના માત્ર લાગે છે. કેટલાકને સાહિત્યની Literary ઉપમાઓ લાગે છે.

સ્વાનુભવના આ મહામૂલા સત્યો Subjective Truths પ્રયોગશાળાની ટેસ્ટ ટયુબમાં તેમને કઈ રીતે દર્શાવાય ?

કમલ, મહત્વ માત્ર વાતોનું નથી, ચર્ચાનું નથી, આરાધનાનું છે.

આપણી આધ્યાત્મિક દરિદ્રતા દૂર કરવા માટે શ્રી નવકાર મહામંત્ર પારસમણિ છે. અજ્ઞાન અને પ્રમાદવશ આપણે આ અમૂલ્ય નિધિની ઉપેક્ષા કરી રહ્યા છીએ, એ હકીકત જેટલી વહેલી સમજાય તેટલું શ્રેષ્ઠ.

સ્નેહાધીન કિરણ


અમદાવાદ ખાતેના 'કલ્યાણના

**પ્રચારક** તથા **એજન્ટ**

**પંડિત શ્રી રસિકલાલ શાંતિલાલ મહેતા**

ઠે. ઝવેરીવાઠ કોઠારી પોળ,

માણેકલાલ નાથાલાલના મકાનમાં **અમદાવાદ**

મુંબઇ ખાતેના 'કલ્યાણ' ના ઓનેરરી

**એજન્ટ**

**શ્રી રતિલાલ હ. શાહ**

ડોકટરની ચાલ, આરે રોડ, રેલ્વે ફાટક પાસે

**ગોરેગાંવ** (વેસ્ટ) મુંબઇ

ટે. ન. ૨૯૮૦૬ બપોરે ૧૨ થી ૨ સુધી

# પરિમલ

શ્રી શિશિર

હળવું, બોધક તેમજ જીવનોપયોગી વાંચન અહિં શ્રી શિશિર મર્મગ્રાહી શૈલીયે રજૂ કરે છે!

## ગુસ્સો કરે તે જ્ઞાની શાનો!

સોક્રેટીસ એથેન્સનો સુપ્રસિદ્ધ વિચારક હતો.

ઝેન્થિપી સોક્રેટીસની પત્ની હતી. ઝેન્થિપીનો સ્વભાવ કજિયાખોર ગણાતો.

એકવાર સોક્રેટીસને તેના મિત્રોની હાજરીમાં ઝેન્થિપીએ ઘણું સંભળાવ્યું. શાંતિપૂર્વક સોક્રેટીસ તો સાંભળી રહ્યો.

એક અક્ષરેય બોલ્યા વિના સોક્રેટીસ ઘરની બહાર નીકળ્યો. ઝેન્થિપી ખૂબ ખીજાઈ.

ઉપરના માળેથી એઠવાડનું તપેલું ઝેન્થિપીએ સોક્રેટીસ ઉપર ઢોળ્યું.

પરંતુ નિત્ય તત્ત્વની ચર્ચા કરનારો જ્ઞાની ગુસ્સે શેનો થાય!

**અને જે ગુસ્સો કરે તે જ્ઞાની શાનો!**

નિર્બલ અને બુદ્ધિહીન જ ક્રોધનું શરણ લે.

ક્રોધથી બીજાની ભૂલ સુધારી શકાતી નથી. પરંતુ પોતાની પશુતાનું પ્રદર્શન માત્ર થાય છે.

કોઈ પણ અવગુણનું કારણ અજ્ઞાન છે એમ જાણનાર ક્રોધ કરે?

સોક્રેટીસે પોતાના મિત્રો તરફ હસીને કહ્યું;

'ઝેન્થિપીની આટલી ગાજવીજ પછી તો વરસાદ પડે જ ને!'

એકવાર તેના એક મિત્રે સોક્રેટીસને પૂછયું:

'તમે આવી ઝઘડાખોર પત્નીને કઇ રીતે સહન કરો છો?'

શાંતિથી સોક્રેટીસે કહ્યું:

'ભાઈ, હું સમજણપૂર્વક એને લાવ્યો છું અને સાચવું છું.'

તમે જાણે છો કે જેણે ઘોડા કેળવવાનો ધંધો કરવો હોય, તેણે પોતે તો તોફાનીમાં તોફાની ઘોડો રાખવો પડે છે, જેથી બીજા ઘોડાઓને કાબુમાં રાખવાનું તેને સહેલું થઈ પડે.

તત્ત્વચર્ચા એટલે વાદવિવાદનો મારો ધંધો છે. સૌથી વાદીલી સ્ત્રીને મેં ઘરમાં રાખી છે, કારણ કે એને હું શાંતિપૂર્વક વાદમાં જીતી શકું તો પછી એથેન્સના અન્ય લોકોને સમજાવવા સહેલા થઇ પડે.

વાદવિવાદમાંની મારી કુશલતા માટે મારે ઝેન્થિપીનો આભાર માનવો જોઈએ.'

## પ્રાર્થના

O Thou who hast given us so much, mercifully grant us one thing more–a grateful heart.

હે કરૂણાનિધાન! તેં અમને આટલું બધું આપ્યું છે, તો કૃપા કરીને એક વસ્તુ અધિક આપ–**કૃતજ્ઞતાભર્યું હૃદય.**

જેનામાં કૃતજ્ઞતા નથી તે ધર્મ શી રીતે પામશે!

**જેનામાં કૃતજ્ઞતા નથી તેને માનવી શી રીતે કહેવાય!**

## મારી જગ્યામાં જ

પ્રખ્યાત હાસ્યવેત્તા માર્કટવેનનો આ પ્રસંગ છે.

પોતાના પડોશીના પુસ્તક–સંગ્રહમાંથી વાંચવા માટે પુસ્તક લેવા માર્કટવેન ગયો ત્યારે પુસ્તકના માલિકે કહ્યું:

'તમે પુસ્તક લો. પરંતુ મારો નિયમ છે કે તમે મારા પુસ્તકનો ઉપયોગ મારી જગ્યામાં જ કરી શકો.'

બીજા પ્રસંગે તેજ પડોશી માર્કટવેનને ત્યાં સાવરણી લેવા આવ્યો. માર્કટવેન કહ્યું:

'તમે સાવરણી અવશ્ય લો. પરંતુ મારો એવો એવો નિયમ છે કે મારી સાવરણીનો ઉપયોગ તમે મારી જગ્યામાં જ કરી શકો.'

⊙

## સદાચારનું મહત્ત્વ

What you can do,
or think you can,
—Begin it!

Boldness has genius,
power and magic in it.
Only engage-and then
the mind grows heated;
Begin!-and soon your
task will be completed.

—Goethe

તમે જે કંઈ સત્કાર્ય કરી શકતા હો,
અથવા કરવાની આશા રાખતા હો,
હમણાંજ શરૂ કરો.

કાર્ય શરૂ કરવાની હિંમતમાં પ્રજ્ઞા, શકિત અને જાદુ ભરેલા છે.

તમે શરૂ કરો-અને સર્વ માનસિક શકિતઓ ઉત્તેજિત થશે.

તમે શરૂ કરો-અને તોજ કાર્ય પુરુ થશે.

'સાધના' નું પણ એ પ્રમાણેજ છે.

તમે જે કંઈ કરી શકો તે કરો, માત્ર વાતોનું નહિ, 'ક્રિયા'નું મહત્ત્વ છે.

રોટલીની માળા ફેરવવાથી કયારેય ભૂખ ન મટે. કેવલ તત્ત્વજ્ઞાનની વાતો માત્ર કરવાથી કાર્ય ન થાય.

ધાર્મિક ગ્રંથોનું વાંચન જો આચારમાં નહિ મૂકાય અને કોરી તત્ત્વની વાતો રૂપે રહેશે તો અહંભાવની ગાંઠ મજબૂત થશે.

ધર્મમય જીવન વિનાની તત્ત્વની વાતો, આચાર વિનાના વિચાર, ક્રિયા વિનાનું જ્ઞાન નકશામાં શહેરમાં જોઈ તેનું વર્ણન કરવા સમાન છે.

થોડા અંશે પણ સદ્‌વિચારને આચારમાં ઉતારો.

## વકિલની સલાહ

યુનાઈટેડ સ્ટેટસના પ્રેસિડેંટ લિંકનની આ વાત છે.

સ્પ્રીંગ ફીલ્ડમાં જ્યારે લિંકન વકિલાત કરતા હતા ત્યારે એક અસિલ તેમની પાસે આવ્યો.

અસિલને છસો ડોલરનું લ્હેણું વસુલ કરવું હતું. પરંતુ જો તે જીતે તો એક વિધવા બાઈ અને તેના છ બાળકો રઝળી પડે.

લિંકને કહ્યું : 'તમે જરૂર જીતી શકો તેવો આ કેસ છે. તો પણ અમે તમારો આ કેસ હાથમાં લઈશું નહિ. કેટલીક વાતો ભલે કાયદાથી સત્ય હોય, પરંતુ નીતિથી સત્ય હોતી નથી.

તમે અમારી પાસે આવ્યા છો માટે અમે તમને કેટલીક સલાહ કંઇ પણ ફી લીધા વિના આપીશું.

અમારી સલાહ એ છે કે તમારા જેવા યુવાન શક્તિશાળી પુરુષે છસો ડોલર બીજા કોઈ માર્ગે કમાઈ લેવા.'

શ્રી નવકારનો આરાધક

હિત સો હિત, રતિ રામ સો,
રિપુ સો વૈર બિહાવ;
ઉદાસીન સબ સો સરલ
તુલસી સહજ સુભાવ.

—તુલસીદાસ

# ફુલ અને ફોરમ

## પૂ. પાદ પંન્યાસજી મહારાજ પ્રવીણવિજયજી ગણિવર

જીવન કલ્યાણને ઉપયોગી સુંદર સુભાષિતો અને તેનો ભાવ, ઉપરોક્ત શિર્ષકતળે પૂ. પાદ પંન્યાસજી મહારાજશ્રી આલેખે છે. જે સર્વ કોઈને ઉપકારક બનશે તે નિઃશંક છે.

### વિનયની મહત્તા

विणओ सासणे मूलं, विणओ संजमो तवो;
विणयाओ विप्पमुक्कस्स, कओ धम्मो कओ तवो ॥१॥

જૈનશાસનમાં વિનય એ ધર્મનું મૂલ છે. વિનયથી સંયમ અને તપ પ્રાપ્ત થાય છે. વિનયથી રહિત આત્માઓને ધર્મ અને તપ ક્યાંથી હોય.?

### બાલદીક્ષાની મહત્તા

ता तेसु धन्ना सुकयत्थजम्मा,
ते पूयणिज्जा ससूरा सूहाणां
मुत्तुण गेहं तु दुहाण वासं,
बालत्तणे जे उ वयं पवन्ना ॥२॥

સઘળા પુરૂષોમાં તેઓ ધન્યવાદને પાત્ર છે. તેઓજ અત્યંત કૃતાર્થ જન્મવાળા છે. સુર અસુરોને તેઓ પૂજ્ય છે કે જેમણે દુઃખના ઘર રૂપ ઘર છોડીને બાલપણામાં દીક્ષાને ધારણ છે.

---

જે શ્રી નવકારનો આરાધક છે તેનો સ્વભાવ જ સહજપણે એવો હોય કે શ્રી પંચ પરમેષ્ઠિ પ્રત્યે, સર્વ ગુણી જનો પ્રત્યે તેને પ્રમોદ ભાવ-પ્રેમ હોય. સર્વ આરાધકો પ્રત્યે તેને મૈત્રી ભાવ હોય.

અહિત કરનાર પ્રત્યે પણ તેને વૈર-વિરોધ ન હોય. જેમના દોષ દૂર ન કરી શકાય એવા જીવો પ્રત્યે તેને માધ્યસ્થભાવ હોય. દુઃખી જીવો પ્રત્યે કરૂણાભાવ હોય.

સર્વ જીવો સાથે સરલતાભર્યો વ્યવહાર હોય.

### બ્રહ્મચર્ય વ્રતની કીંમતઃ

जो देइ कणयकोडिं
अहवा कारेई कणयजिणभवणं
तस्स न तत्तिय पुण्णं,
जत्तिय बंभवयधरिए ॥३॥

કોઈ એક માણુસ કોડી કનકને આપે. કોઈ સોનાના જિનમંદિર કરાવે. તેને તેટલું પુણ્ય થતું નથી કે જેટલું બ્રહ્મચર્ય વ્રત ધારણ કરનારાને થાય છે.

### કુલીન કોણ કહેવાય.?

जेणं चिय जिणधम्मेण,
गमिओ रंको वि रज्जसंपत्तिं; ।
तम्मि वि जस्स अवन्ना.
सो भन्नइ किं कुलीणोत्ति ॥४॥

જે જિનેશ્વરદેવના ધર્મથી રંક પણ રાજ્ય સંપત્તિને પામ્યો, તે ધર્મમાં પણ જેને અવજ્ઞા છે, તે શું કુલીન કહી શકાય.?

### નજીકમાં મોક્ષગામી કોણ?

जह जह दोसोवरमो,
जह जह विसएसु होइ वेरग्गं ।
तह तह विन्नायव्वं,
आसन्नं से य परमपयं ॥५॥

જેમ જેમ દોષો દૂર થતા જાય, અને વિષયો ઉપર જેમ જેમ વૈરાગ્ય થતો જાય તેમ તેમ જાણવું કે તેનો મોક્ષ નજીકમા છે.

### માત્ર કાયાથી બ્રહ્મચર્ય પાલનનું ફલ

कायेण बंभचेरं धरंति भव्वाउ जे असुद्धमणा ।
कप्पंमि बंभलोए ताणं नियमेण उववाओ ॥६॥

જે ભવ્યો અશુધ્ધમને પણ કાયાથી માત્ર બ્રહ્મચર્ય પાળે છે તેઓ નિયમથી બ્રહ્મ દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

## કોનો સમય સફલ છે ?

सामाइयपोसहसंठियस्स, जीवस्स जाइ जो कालो ।
सो सफलो बोधव्वो, सेसो संसारफलहेउ ॥७॥

સામાયિક–અને પૌષધમાં રહેલા આત્માઓનો જે સમય પસાર થાય છે, તેજ સફળ જાણવો. બાકીનો સમય સંસારને વધારવા માટે થાય છે.

## સારી વસ્તુ સર્વત્ર ન હોય.

नगे नगे न माणिक्यं,
मौक्तिकं न गजे गजे ।
साधवो नहि सर्वत्र,
चन्दनं न वने वने ॥८॥

દરેક પર્વતમાં માણેક મલતા નથી, દરેક હાથીનાં ગંડસ્થલમાં મોતીઓ હોતાનથી દરેક સ્થળે સાધુ પુરૂષો મલતા નથી અને દરેક જંગલમાં ચન્દન હોતું નથી.

## જીભની બે મર્યાદાઓ.

रे जिह्वे? कुरु मर्यादां,
भोजने वचने तथा ।
वचने प्राणसन्देहो,
भोजने चाजीर्णता ॥९॥

રે જીભ! તું ભોજનમાં અને બોલવામાં મર્યાદા કર. કારણકે વચનમાં પ્રાણ જવાનો છે. અને ખાવામાં અજીરણનો ભય છે.

## કોણ કોનાથી ખુશ થાય છે. ?

तुष्यन्ति भोजनैर्विप्रा, मयूरा घन गर्जितैः ।
साधवः परसम्पत्या, खलाः परविपत्तिभिः ॥१०॥

બ્રાહ્મણો ભોજનથી, મયૂરો મેઘની ગર્જનાથી, સજ્જનનો પારકાની સંપત્તિથી અને દુર્જનો અન્યની વિપત્તિઓથી ખુશ થાય છે.

## સાત પ્રકારના ચોર

चौरो चौरापको मन्त्री, भेदकः काणकः क्रयी ।
अन्नदः स्थानदश्चैव, चौरः सप्तविधः स्मृतः ॥११॥

ચોરી કરનાર, કરાવનાર, મન્ત્રણા કરનાર, ભેદ કરનાર, ચોરીનો માલ ખરીદનાર વેચનાર, ચોરને અન્ન અને સ્થાન આપનાર એમ સાતે જણા ચોર કહેવાય છે.

## શત્રુઓ જીવતા રહે એમાં જ લાભ

जीवन्तु मे शत्रुगणाश्च सर्वे
येषां प्रतापेन विचक्षणोऽहम् ।
यदा यदाऽहं विकृतिं भजामि,
तदा तदा मां प्रतिबोधयन्ति ॥१२॥

મારા શત્રુઓના સર્વ સમુદાય જીવતા રહો. કે જેમના પ્રતાપે હું સાવધાન રહું છું. જ્યારે જ્યારે હું અવળે માર્ગે જાઉં છું, ત્યારે ત્યારે તેઓ મને સાવચેત રાખે છે.

## શાસ્ત્ર કોને કામ લાગે ?

यस्य प्रज्ञा स्वयं नास्ति,
शास्त्रं तस्य करोति किम् ;
लोचनाभ्याम् विहीनस्य,
दर्पणः किं करिष्यति ॥१३॥

જેને પોતાની બુદ્ધિ નથી તેને શાસ્ત્ર શું કરશે ? ચક્ષુ વિનાના માણુસને આરિસો શું કામનો ?

## દેખનાર કોણ ?

मातृवत् परदारेषु,
परद्रव्येषु लोष्टवत् ।
आत्मवत् सर्वभूतेषु,
यः पश्यति स पश्यति ॥१४॥

પરસ્ત્રીઓને માતા સમાન, પારકા ધનને માટીના ઢેફા સમાન, અને તમામ આત્માઓને પોતાના આત્માની સમાન દેખે છે, તેજ દેખનારો છે.

# સંસાર ચાલ્યો જાય છે!

'કલ્યાણ'ની ચાલુ ઐતિહાસિક વાર્તા

વૈદરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

## વહી ગયેલી વાર્તા

યુવરાજ કનકરથ કાવેરીના રાજા સુંદરપાણિની કન્યા રૂક્ષ્મણીને પરણવા નીકળ્યો છે. અટવીમાં તાપસમુનિ શ્રી હરિષેણની સંસારી પુત્રી ઋષિદત્તા સાથે તેના લગ્ન થાય છે. યુવરાજ રથમર્દનનગરી તરફ પાછા વળે છે. રાજકુમારી રૂક્ષ્મણીને આ સમાચાર પ્રાપ્ત થાય છે. તેને આઘાત લાગે છે. મનથી તે યુવરાજ કનકરથને વરી ચૂકી છે. તેની નિરાશાને દૂર કરવા સખી સુંદરી સુલસા નામની યોગીનીની સેવા સાધે છે. સુલસા રાજકુમારીની સખી સુંદરીને આશ્વાસન આપે છે. અને પોતે રાજભવનમાં આવવા કબૂલ થાય છે. **હવે વાંચો આગળ—**

## પ્રકરણ ૧૨ મું

### કૌતુક

માનવી જ્યારે પોતાને હારી ગયેલો માને છે ત્યારે ગુમાવેલું પાછું પ્રાપ્ત કરવાનો તેનો વલોપાત અનેકગણો વધી પડે છે.

સુંદરીએ રાજભવનમાં આવીને રૂક્ષ્મણીને સમાચાર આપ્યા કે 'યોગિની સુલસા આવતા સપ્તાહમાં અહીં આવશે અને આપનું કામ સિદ્ધ કરી આપશે.'

'આવતા સપ્તાહમાં કયે દિવસે આવશે?'

'ગમે તે દિવસે...'

'પરંતુ અહિં રાજભવનમાં...'

'કોઈ ને કંઈપણ સંશય ન આવે એવી રીતે આવશે. તેણે જ મને સામેથી કહ્યું કે અમારા રાજાની કન્યાને આવા આશ્રમમાં ન બોલાવાય. મારે જ આવવું પડે.'

રૂક્ષ્મણીના વદન પર આનંદની રેખાઓ ઉપસી રહી હતી. તે બોલી. તેં કંઈ વાત કરી.?'

'હા યુવરાજ કનકરથ લગ્ન માટે જ આવતા હતા અને માર્ગમાં જ કોઈ વનકન્યા પર મોહી પડીને પાછા વળ્યા. તે વાત મેં વિસ્તારથી કરી હતી.'

રાજકન્યાએ પ્રશ્ન કર્યો. તને વિશ્વાસ છે કે યોગિની સુલસા આ કામ કરી શકશે?'

દેવી, સંશયનું કોઇ કારણ નથી.

દેવી, સુલસાની મંત્રશકિત ભલભલાને નીચા નમાવી દે તેવી છે. તમે જો એનો આશ્રમ જુઓ તો તમને કલ્પના આવે કે સુલસા કેવી ભયંકર છે! એના ઓરડામાં વિષથી ભરેલા ઝેરી નાગ ફરતા હોય છે. જીવતા વાઘ પર તો તે સવારી કરે છે, એના આશ્રમમાં ચારે તરફ જાતજાતનાં હાડપિંજરો એટલા બધાં પડયાં છે કે જોનારનું હૈયું જ ફાટી જાય!'

'ઓહ!'

પણ એ અહિં આવશે એની ખબર આપણને કેવી રીતે પડશે?'

'એ તો ખબર પડી જ જશે, મેં એને જોઈ છે એટલે હું તરત ઓળખી કાઢીશ.' સુંદરીએ કહ્યું.'

આમ આશામાં ને આશામાં ચાર દિવસ વીતી ગયા.

આશાની એક રેખા ઉદય પામેલી હોવાથી રાજકન્યા પહેલાં કરતાં પ્રસન્નચિત્ત રહેતી હતી અને એથી તેના માતાપિતા પણ ખૂબ આનંદિત બન્યાં હતાં એટલું જ નહી પણ સમગ્ર રાજભવનમાં આનંદનું વાતાવરણ સરજાયું હતું.

સુલસા ક્યારે અને કયે દિવસે આવશે તે કોઇ જાણતું નહોતું એટલે રૂક્ષ્મણી અને સુંદરી રોજ સવારથી સાંજ સુધી એની રાહ જોયા કરતાં હતાં.

આજ પાંચમો દિવસ હતો. મધ્યાહ્નનો સમય હતો. રૂક્ષ્મણી પોતાના વિશાળ ખંડમાં આડે પડખે પડી હતી, તેની બાજુમાં જ તેની સખી સુંદરી પણ બેઠી હતી. અન્ય બે પરિચારિકાઓ ખંડની બહાર ઉભી હતી.

મહારાજ અને મહાદેવી અન્ય ખંડમાં આરામ કરી રહ્યા હતા.

સારાયે રાજભવનમાં જાણ્યે અપૂર્વ શાંતિ પ્રસરી ગઇ હતી.

રૂક્ષ્મણીએ સુંદરી સામે જોઇને કહ્યું:' 'સુંદરી, મને તો એની એ જ ચિંતા થયા કરે છે.'

'કઇ ચિંતા ?'

'યોગિની આવશે ત્યારે આપણે તેનું સ્વાગત કઇ રીતે કરી શકશું ?

'આજ પાંચમો દિવસ છે....'

'મને પણ એજ ચિંતા થયા કરે છે.'

'તો તું એક કાર્ય કર....'

'કહો.'

'ફરીવાર દેવોના આશ્રમે જા. અને એના આગમનનો ચોક્કસ દિવસ ને સમય લઈ આવ.' રૂક્ષ્મણીએ કહ્યું.

'આજનો દિવસ આપણે રાહ જોઈએ નહી તો આવતી કાલે પ્રાતઃકાળે હું ફરીવાર તેને મળવા જઈશ.'

'સુંદરી, હું ધૈર્ય રાખી શકતી નથી મને એમ પણ થાય છે કે...'

'શું ?'

'મને પ્રસન્ન કરવા ખાતર કદાચ તે....'

વચ્ચેજ સુંદરી બોલી ઉઠી, 'દેવી, આપ ભૂલી ન જાઓ આ વાત સાચી હોવાની મેં આપને ખાત્રી આપી હતી. આપના ચરણ-સ્પર્શ કર્યા હતા.'

'ઓહ્ માનવોનું મન....રૂક્ષ્મણી વાકય પુરૂં કરે તે પહેલાં જ મધુર છતાં સ્પષ્ટ અવાજ ઘંટડી રણકતી હોય તેમ સંભળાવા માંડયો. રૂક્ષ્મણી અને સુંદરી બંનેએ દ્વાર તરફ જોયું. દ્વાર ખુલ્લું હતું અને બે પરિચારિકાઓ શાંતિથી ઉભી હતી.

સુંદરીએ કહ્યું: 'દેવી, કંઈ સંભળાય છે ?

'હા. કોઈ ઘંટડી વગાડતું હોય તેમ સંભળાય છે. પણ રાજભવનમાં ઘંટડી કોણ વગાડે? શા માટે વગાડે ?' રૂક્ષ્મણી પલંગ પર બેઠી થઈ ગઇ.

સુંદરીએ કહ્યું: 'અવાજ તો ખંડ બહારથી જ આવતો હોય એમ લાગે છે.'

'જરા જો તો...'

સુંદરી તરત દ્વાર પાસે ગઇ. બંને પરિચારિકાઓ ઉભી હતી. સુંદરીએ બહાર પરસાળમાં નજર કરી. કશું દેખાતું નહોતું. માત્ર ઘંટડીનો રણકાર સંભળાતો હતો. તેણે પરિચારિકા સામે જોઈ ને કહ્યું: 'તમને કંઈ સંભળાય છે ?'

'જી ના....'

'શું ઘંટડી વાગતી હોય એવો મધુર અવાજ નથી સંભળાતો ?'

'ના દેવી, કશું સંભળાતું નથી. અહીં ઘંટડી કોણ વગાડે ?' પરિચારિકાએ કહ્યું.

સુંદરી પાછી વળી. તેને પણ ભારે આશ્ચર્ય થયું ઘંટડીનો અવાજ સ્પષ્ટ આવે છે ને પરિચારિકાઓને સંભળાતો નથી. આ તે કેવું કૌતુક? તે રાજકુમારીના પલંગ પાસે પહોંચી અને કંઈ કહેવા જાય તે પહેલાં જ ઘંટડીનો રણકાર ઓરડામાં જ થતો હોય એમ જણાવા માંડયું. રાજકન્યા પણ એકદમ ઉભી થઇ ગઈ અને

ઓરડામાં ચારે તરફ જોવા માંડી. સુંદરી પણ આશ્ચર્યભરી નજરે ચારે તરફ જોઈ રહી.

કોઇ પ્રકારનો ભ્રમ નહોતો. ઘંટડીનો અતિ મધુર છતાં સ્પષ્ટ અને ખંડમાંથી જ અવાજ આવતો હતો. કોઈ હતું નહિં, ઘંટડી દેખાતી નહોતી, ઘંટડી વગાડનાર કોઇ નહોતું. આ કૌતુક કેવા પ્રકારનું હશે?

રાજકુમારીએ ચારે તરફ જોતાં કહ્યું: 'સુંદરી, ન સમજાય તેવું લાગે છે. ચાલ આપણે આ દ્વાર પાસે જઇએ.'

'હા. અવાજ થવાનું કારણ પણ સમજાતું નથી.' કહી સુંદરી દ્વાર તરફ જવા અગ્રસર થઈ.

ત્યાં તો બંનેના આશ્ચર્ય વચ્ચે ખંડના દ્વાર આપોઆપ દેવાઇ ગયાં. બહાર ઉભેલી પરિચારિકાઓ તો એમ ને એમ જ ઉભી હતી.

અને આમ એકાએક બંધ થતાં કમાડ જોઇને બંનેના નયનો વિસ્ફારિત બની ગયાં....

ઘંટડીનો અવાજ બંધ થઈ ગયો. પણ કમાડ કોણે બંધ કર્યાં? શા માટે બંધ કર્યાં? રાજકુમારી બહાર ઉભેલી પરિચારિકાઓને બોલાવવા માટે બૂમ મારે તે પહેલાં જ બંનેના કાન પર આછા હાસ્ય સહિત એક અવાજ અથડાયો: 'રાજકુમારીનો જય થાઓ. રાજકુમારીની મનોકામના પૂરી થાઓ...'

અને વળતી જ પળે યોગિની સુલસા ઓરડામાં જ દૃષ્ટિગોચર થઈ. સુંદરી તરત ઓળખી ગઇ અને રાજકુમારી સામે જોઇને બોલી: 'પરમ તપસ્વિની દેવી યોગિની પધાર્યાં છે.'

રાજકુમારીનું મન ભય અને આશ્ચર્ય વચ્ચે ખુંચી ગયું હતું. સુંદરીના આ શબ્દોથી તેનો ભય દૂર થઈ ગયો અને તે બંને હાથ જોડી નમસ્કાર કરતાં બોલી: 'પધારો દેવી.. આ આસન પર બિરાજો.'

યોગિની એક આસન પર બેસી ગઇ અને બોલી: 'પુત્રી, ભય કે આશ્ચર્યનું કોઈ કારણ નથી, કોઈને ખબર ન પડે એટલા ખાતર હું અદશ્ય બનીને આવી હતી. તારી સખીએ મને સઘળી વાત કરી છે. કોઈ પ્રકારનો સંકોચ રાખ્યા વગર તારી જે કંઈ ઇચ્છા હોય તે મને કહેજે. હું અવશ્ય તારું કાર્ય કરી આપીશ.'

રૂક્મણી અને સુંદરી બંને યોગિની સામે જ ઉભાં હતાં. રૂક્મણીએ કહ્યું: 'સુંદરી, દેવીનો પ્રથમ સત્કાર થવો જોઈએ.'

'જી.' કહીને સુંદરી તરત ખંડ બહાર ચાલી ગઇ. અને થોડી જ વારમાં એક થાળમાં રત્નાલંકારનો દાબડો અને પુલની માળા લઈને પાછી આવી.

રાજકન્યાએ સૌથી પ્રથમ પુલનો હાર સુલસાના કંઠમાં આરોપ્યો. ત્યાર પછી તેના ચરણ આગળ રત્નાલંકારનો એક નાનો દાબડો મૂકયો.

આવો સત્કાર, વિવેક અને વિનય જોઈને સુલસા ખૂબ જ આનંદિત બની ગઈ હતી. તે પ્રસન્ન સ્વરે બોલી: 'રાજકુમારી, તમે બંને આસન પર બિરાજો અને મને તમારું કાર્ય જણાવો.'

આસન પર ન બેસતાં બંને નીચે બેસી ગયાં. સુંદરીએ કહ્યું: 'દેવીજી, આપ તો જાણો છો કે મધ્યદેશમાં આવેલી રથમર્દન નામની નગરીના યુવરાજ શ્રી કનકરથ અમારી રાજકન્યા સાથે લગ્ન કરવા આવતા હતા. માર્ગમાં એક વનવાસિની યુવતી મળી ગઈ અને તેઓ તેને પરણીને અધવચ્ચેથી પાછા વળ્યા. મારી સખીએ મનથી એમને જ પોતાના સ્વામી માની લીધા હતા, એટલે આ સમાચારથી મારી સખીને ભારે દુ:ખ થયું. તેમણે આનંદ-પ્રમોદનો ત્યાગ કર્યો, કોઈ સાથે વાતચિત કરવા જેટલું પણ તેઓનું ચિત્ત રોકાતું નહોતું. આખો દિવસ વિચાર, આંસુ અને રૂદનમાં જતો હતો. અને પાંચ દિવસ પહેલાં મને આપની શક્તિનું સ્મરણ

ચકું. પરિણામે આપ પધાર્યાં છો અને મારી સખીનું હાસ્ય પુનઃ પ્રગટાવો એવી મારી આપશ્રીને વિનમ્ર પ્રાર્થના છે.'

સુલસાએ રાજકન્યાના ગૌરવદન સામે જોઇને કહ્યું: 'પુત્રી, તારૂં દુઃખ સાંભળીને મારૂં હૃદય પણ ધ્રુજી ઉઠયું હતું. મારી પાસે અજોડ શક્તિ છે. તું કહે તો કનકરથને પોપટ બનાવી પાંજરામાં પુરીને તારી પાસે હાજર કરૂં.'

'ના દેવી. હું કેવળ....'

'યુવરાજ તારો સ્વીકાર કરે. તને પરણવા આવે એમ ઇચ્છે છે ને ?'

રૂક્ષ્મણીએ લજ્જારક્ત વદન નીચું નમાવ્યું.

'તારૂં સુખ છીનવી લેનાર વનવાસિની તરુણીને ગર્દભી બનાવીને હાજર કરૂં ?'

આ પ્રશ્નથી રાજકન્યા કમકમી ઉઠી. તે બોલી: 'ના દેવી, હું માત્ર મારો પ્રિયતમ ઇચ્છું છુ.'

'ભલે. તારી મનોકામના પુરી થશે. પણ મારે છેક રથમર્દન નગરીમાં જવું પડશે અને ત્યાં થોડા દિવસ રહેવું પડશે. કનકરથ અને તેની વનવાસિની વચ્ચે જો નિર્મળ પ્રેમ હશે, તો મારે જુદી જ રીતે કાંઇ કરવું પડશે. પરંતુ યુવરાજ કનકરથ અવશ્ય અહીં આવશે અને તને જીવનસંગિની બનાવશે. તું હવે નિશ્ચિંત રહેજે. હું કોઇપણ કાર્ય હાથમાં લઉં છું એટલે પુરૂં જ કરૂં છું.'

રૂક્ષ્મણી અને સુંદરીએ યોગિની સામે મસ્તક નમાવ્યું. રાજકુમારીએ કહ્યું: 'મહાદેવી આપના પ્રવાસ માટેના જે કંઇ સાધનો....'

રાજકન્યા વાકય પુરૂં કરે તે પહેલાં જ સુલસા ખડખડાટ હસતી ઉભી થઇ અને બોલી: 'પુત્રી. તારે કશી ચિંતા કરવાની નથી. હું માત્ર એક જ પ્રહરમાં રથમર્દન નગરીમાં પહોંચી શકીશ. મારાં સાધનો મારી મુઠીમાં જ પડયાં છે. હવે હું મારા આશ્રમે જઉં છું. આવતી કાલે જ હું તારું કાર્ય શરૂ કરીશ. જગદંબા તારૂં કલ્યાણ કરે. તારી મનોકામના પૂર્ણ કરે.'

સુલસાએ બંને હાથ ઉંચા કરીને આશીર્વાદ આપ્યા અને બંને સખીઓએ તેના ચરણમાં પુનઃ નમસ્કાર કર્યા.

અને વળતી જ પળે સુલસા અદૃશ્ય થઈ ગઈ.

ખંડના દ્વાર ખુલ્લાં થઈ ગયા.

ઘંટડીનો મધુર અવાજ સંભળાવા માંડયો.

રાજકન્યાના વદન પર પ્રસન્નતાનો પ્રકાશ નાચી રહ્યો હતો.

માનવીના પ્રાણમાં જ્યારે મરી ગયેલી આશા પુનઃ જીવિત બનવા માંડે છે ત્યારે માનવીના નયનોનું તેજ આપોઆપ ખીલી ઉઠે છે.

રૂક્ષ્મણીએ સુંદરી સામે જોઇને કહ્યું: 'સુંદરી, યોગિની દેવીની શકિત અદ્દભુત છે.'

'દેવી, આપણા રાજભવનમાં ચકલું પણ પ્રવેશી ન શકે એટલા રક્ષકો, પ્રહરીઓ અને માણસો હોય છે; છતાં યોગિનીદેવી આપણા ખંડમાં આવી પહોંચ્યા. વળી ઘંટડીનો રણકાર કોઈએ સાંભળ્યો નહિં. એના આગમનની આપણા સિવાય અન્ય કોઇને ખબર પણ ન પડી. મને તો શ્રધ્ધા છે કે યોગિનીદેવી અવશ્ય કાર્ય સિધ્ધ કરશે.'

'મને પણ વિશ્વાસ બેઠો છે.' રાજકુમારીએ હર્ષભર્યાં સ્વરે કહ્યું.

સુંદરી રાજકન્યાના હર્ષભર્યા વદન સામે જોઈ રહી. ત્યાર પછી પ્રેમથી સખીનો હાથ પકડતાં બોલી: 'ચાલો આપણે બહાર ઉપવનમાં જઈએ. હમણા ઘણા સમયથી આપ ઉપવનમાં ગયા જ નથી.'

'હા ચાલ. આજ તો મારૂં મન પણ નાચવા કુદવા માટે તલસી રહ્યું છે.' કહી રૂક્ષ્મણી ખંડ બહાર નીકળવા અગ્રસર થઈ.

આ તરફ માયાવિની વિદ્યાના બળ પર પોતાને મહાન માની રહેલી સુલસા પોતાના આશ્રમમાં પહોંચી ગઈ હતી. તેણે આશ્રમમાં આવ્યા પછી પોતાના પલંગ પર બેસતાં ઉપહાર-રૂપે મળેલો દાબડો ખોલ્યો. એક અતિ સુંદર, મુલ્યવાન અને તેજસ્વી રત્નોથી શોભતી માળા એ દાબડામાં ઝળહળતી હતી. તેજસ્વી વજ્રના નંગ વાળાં બે કર્ણફુલ શોભતાં હતાં.

સુલસાએ પોતાની કુબડી દાસીને બુમ મારી. થોડીજ વારમાં કુબડી ખંડમાં આવી અને મસ્તક નમાવતાં બોલી: 'શી આજ્ઞા છે દેવી?'

'આમ જો. રાજકુમારીએ સ્વાગતમાં આ મૂલ્યવાન વસ્તુ મારા પગમાં મુકી હતી.'

કુબડીએ માળા હાથમાં લઇને જોઇ. ત્યાર-પછી કહ્યું: 'દેવી, આપના ચરણમાં આવી માળાઓ ન પડે તો કોના ચરણમાં પડે? રાજકુમારીનું કાર્ય....'

વચ્ચેજ સુલસાએ કહ્યું: 'મેં સ્વીકારી લીધું છે અને આવતી કાલે જ મારે રથમર્દન નગ-રીમાં જવાનું છે.'

'આવતી કાલે જ?'

'હા...'

'આપ એકલાં જશો?'

'હા....'

'ના દેવી, આપને એકલાં હું અજાણ્યા નગરમાં નહિં જવા દઉં.'

'ત્યાં મને શો ભય હતો?'

'ના દેવી' હું સાથે જ આવીશ.' કુબડીએ લાગણીભર્યા સ્વરે કહ્યું.

સુલસા જાણતી હતી કે છેલ્લા વીસ વરસથી કુબડી એની સેવા કરતી હતી. તે અતિ નિષ્ઠા-વાન, પ્રામાણિક અને ચોક્કસ સ્વભાવની હતી. તે કદી પણ સુલસાને એકલી જવા દેતી નહોતી.

સુલસાએ પોતાની નિષ્ઠાવાન દાસી સામે પ્રસન્ન વદને જોતાં કહ્યું: 'ખરેખર તું ગયે ભવ મારી જનેતા હઈશ. ભલે તારી ઈચ્છાનો હું અવરોધ નહિં કરી શકું.'

કુબડી હર્ષભર્યા ભાવે સુલસાના બંને પગ પકડીને નીચે બેસી ગઇ.

સુલસાએ કહ્યું: 'કુબ્જા, આ અલંકારો સંભા-ળીને મૂકી દે અને સંધ્યા પછી મારે દર્પણમાં જોવું છે.'

'દર્પણમાં? શું જોવું છે.?'

'કનકરથ કેવો છે. અને તેની વનવાસિની કેવી છે?'

'સારૂં હું તૈયારી કરૂં છું આપને સ્નાન કરવું પડશે.'

'હા...'

'તો સ્નાનગૃહમાં જળ મૂકાવું છું.'

'સંધ્યાને બહુ વાર નથી. તમે સ્નાનગૃહમાં સત્વર આવજો' કહી કુબડી દાસી ચાલી ગઇ.

સુલસા પણ પલંગ પરથી નીચે ઉતરી અને એક પેટિકામાંથી બે વસ્ત્રો કાઢીને સ્નાન-ગૃહમાં જવા નીકળી.

તે જ્યારે સ્નાનગૃહમાં ગઈત્યારે એક બીજી દાસી સ્નાનસામગ્રી તૈયાર રાખીને ઉભી હતી.

કુબ્જા બીજા એક એકાંત ખંડમાં શ્યામ રંગનું ચળકતું દર્પણ એક પાટલા પર ગોઠવી રહી હતી.

સંધ્યા પડી ગઈ.

રાત્રિનો પ્રથમ પ્રહર શરૂ થયો. સુલસા સ્નાનાદિથી નિવૃત્ત થઇને દર્પણવાળા ખંડમાં આવી.

કુબ્જાએ એક નાની દીપમાલિકા પ્રગટાવી હતી. સુલસાએ કહ્યું: 'કુબ્જા, બધું તૈયાર છે?'

'હા દેવી.'

'હું દર્પણ સામે બેસું ત્યારે દીપમાલિકા

બુઝાવી નાખજે અને તારે જોવું હોય તો મારી પાછળ શાંતિથી ઉભી રહેજે.'

'જી' કહીને કુબ્જા દીપમાલિકા પાસે ગઈ.

સુલસા એક પાટલા પર ગોઠવેલા શ્યામ રંગના ચળકતા દર્પણ સામે એક આસન પર બેઠી.

એજ વખતે કુબ્જાએ દીપમાલિકાના પાંચેય દીવાઓ ઠારી નાખ્યા; અને તે સુલસા પાછળ આવીને ઉભી રહી.

સુલસાએ શ્વાસ રોકીને શ્યામ દર્પણ સામે સ્થિર નજરે જોવું શરૂ કર્યું. થોડી વાર પછી તેણે પોતાના બંને હાથ વડે દર્પણ પર ઝાવાં નાંખવાં માંડયાં અને ન સમજાય એવી ભાષામાં કંઇક મંત્રોચ્ચાર કરવા માંડયો.

ખંડમાં અંધકાર હતો. વળી આ ખંડમાં એક પણ વાતાયન હતું નહિં. દીપમાલિકા બુઝવી નાખેલી હોવાથી અંધકારમાં શ્યામ દર્પણ જાણે અદશ્ય થઇ ગયું હોય તેમ લાગતું હતું. પણ સુલસા તેને બરાબર જોઈ શકતી હતી.

દસબાર વખત કંઈક ઉચ્ચાર કર્યા પછી દર્પણમાં એક દીવો પ્રગટયો હોય એમ દેખાયું એટલે તરત સુલસાએ કહ્યું:' મારે રથમર્દન નગરીમાં આવેલા યુવરાજ કનકરથને જોવો છે.'

તરત કાળા દર્પણમાં એક દશ્ય ખડું થયું એક સુંદર અને શણગારેલા ખંડમાં યુવરાજ કનકરથ ઝુલા પર બેઠો બેઠો ઝુલી રહ્યો હતો, અને તેની બાજુમાં તાપસકન્યા ઋષિદત્તા બેઠી હતી.

બંનેના વદન પર આનંદ રમતો હતો. પ્રસન્નતા નાચતી હતી. માધુરી ખીલેલી હતી.

સુલસા સ્થિર નજરે જોવા માંડી. રાજ-મહેલનો એક ખંડ હતો. ખંડમાં ચારે તરફ દીપમાલિકાઓ પ્રગટેલી હતી. પરંતુ એ બધાં કરતાં તાપસકન્યાનું તે જ કાંઈ અનોખું હતું.

સુલસાએ જોયું, આ વનવાસિની સ્ત્રીએ મૂલ્યવાન વસ્ત્રાલંકારો ધારણ કર્યાં છે અને પોતાના પતિ તરફ અતિ પ્રેમાળ નજરે જોતી જોતી મધુર શબ્દો વેરી રહી છે.

સુલસાના મનમાં થયું, આ રૂપ આગળ ઈંદ્ર પણ પાગલ બની જાય... આ બિચારો કનક-રથ આ રૂપથી કેવી રીતે અળગો રહી શકે?

બંનેનું બરાબર નિરીક્ષણ કર્યાં પછી સુલસા બોલી: 'આ મહેલનું મુખ્ય દ્વાર જોવું છે.'

તરત દશ્ય બદલાયું અને મહેલનું મુખ્ય દ્વાર સામે દેખાયું.

બાર કદાવર સશસ્ત્ર રક્ષકો ચોકી કરતા ખડા હતા.

મુખ્યદ્વારનું નિરીક્ષણ કરીને સુલસાએ કહ્યું: બસ...'

તરત દર્પણમાં ઉપસેલો પ્રકાશ અદશ્ય થઈ ગયો.

કુબ્જા બોલી:' દીપમાલિકા પ્રગટાવું?'

'ના...હવે અહીં કશું કામ નથી. તું દ્વાર ખોલ. આવતી કાલે રાત્રિના પ્રથમ પ્રહર પછી આપણે વિદાય થવું છે.'

'વાહન માટે...'

વચ્ચેજ સુલસાએ કહ્યું: 'આપણા ગેબી વૃક્ષ પર આપણે મુસાફરી કરવી છે.'

કુબ્જાએ કશું ન કહેતાં દ્વાર ખોલ્યું.

બંને ખંડ બહાર નીકળ્યાં.

બહાર એક દાસી ઉભી હતી. તેણે મસ્તક નમાવી કહ્યું: 'મહાદેવી, ભોજન તૈયાર છે.'

'મદિરાનું પાત્ર મૂકયું છે?'

'હા...'

'સારૂં.' કહી સુલસા પોતાના ખંડમાં ગઈ.

(ચાલુ)

# કુલ દીપક

'કલ્યાણ'ની ચાલુ ઐતિહાસિક વાર્તા

શ્રી 'સૂર્યશિશુ'

## વહી ગયેલી વાર્તા

રાજગૃહીનો રાજકુમાર રૂપસેન પવનપાવડી દ્વારા છૂપી રીતે રત્નપુરના કનકભ્રમની રાજકુમારી કનકવતીના મહેલમાં જાય છે. પરસ્પર સ્નેહ થતાં અન્તે ગાંધર્વવિધિથી લગ્ન કરે છે. રાજા કનકભ્રમને ખબર પડે છે કે રાજકુમારીના મહેલમાં કોઇ પુરૂષ છૂપી રીતે આવે છે. કોઇ પકડાતું નથી. એટલે મહેલના રક્ષક ૭૦૦ પુરૂષોને તે મૃત્યુદંડની સજા ફરમાવે છે. દયાભાવથી નગરની વેશ્યાયે તે પુરૂષને પકડવનું બીડું ઝડપે છે ન પકડાય તો સ્વેચ્છાયે શુળીયે ચઢવાતું સ્વીકારે છે. પણ મહિના સુધી પ્રયત્ન કરવા છતાં તેઓ નિષ્ફલ થાય છે. ને નિરાશા અનુભવે છે. **હવે વાંચો આગળ–**

### પ્રકરણ ૧૬

### રાજકુમાર રૂપસેન વધસ્થંભ પર

પ્રાતઃકાળનાં ચોઘડીયાં પૂર્ણ થયાં કે તરત જ રાજભવનનાં દ્વાર ખુલ્લાં થયા. સભાની તૈયારી થવા લાગી.

આજે તો પ્રતિજ્ઞાધારીનો છેલ્લો દિન! અંતિમ અંજામ શું આવશે? એવી ભારી જિજ્ઞાસાવૃત્તિથી અનેક માનવમેદનીથી ન્યાયસભા ભરચક હતી. ફક્ત મહારાજાધિરાજની રાહ જોવાતી હતી.

બુદ્ધિતીક્ષ્ણતાની આભામાં ગુલ બનેલી વારાંગનાનો ગર્વ ઓગળી ગયો. અંતે દુર્જયની દુર્ઘટના સ્વીકારી મ્લાનમુખે આંસુભર્યાં નયને અને મંદપગલે સભામાં પ્રવેશ કર્યો. સૌન્દર્યના લાલિત્યની પ્રતિમાએ આજે શોકની ઘેરી છાયાનો બુરખો પહેર્યો હતો. એક અબળાની સહાયથી શરમિંદા બનેલા ૭૦૦ પ્રતિપાળો તો સભામાં પ્રવેશ કરતાં જ જાણે ધરતી માર્ગ આપે તો તેમાં આશ્રય લઇ ચિરશાંતિને ઈચ્છતાં એઓએ એક બાજુ બેઠક લીધી.

ત્યાં તો કોપથી જાજ્વલ્યમાન અંતઃકરણ થયું છે જેમનું તથા આંખડીઓમાં તો જાણે અંગારાનો અગ્નિ વર્ષાવતા એવા સાક્ષાત્ યમરાજની જેમ કનકભ્રમ રાજાના સભામાં પુનિત પગલાં થયાં. સભાજનોએ બહુમાન પૂર્વક આવકાર્યા. છડીદારોએ છડી પોકારી ભાટચારણોએ આશિર્વાદથી નવાજ્યા અને રાજ્યપાલકની બોલબાલા જય જય શબ્દમાં આખી સભા ગુંજી રહી.

એકદમ નિઃશબ્દ શાંતિ ફેલાઇ. સભા શરૂ થઈ.

રાજાએ કર્કશ અને હૃદયભેદક કાતિલ છૂરી સરખા વચનો ગણિકા તરફ ફેંક્યા 'અરે! બુદ્ધિની ખાં ગણિકાઓ!! તમારાં મર્મઘાતક હૃદયદ્રાવક વચનામૃતોનાં બિન્દુ કેમ શુષ્ક થઈ ગયાં? દેહની તેજસરિતા કયાં વહી ગઈ? કેમ! ગુનેગારનું શોધન કે દર્શન થયું? તમે પણ મને એક માસ સુધી છેતર્યો હવે મારા ક્રોધનું ફળ જુઓ.

'તમોએ ઝડપેલા બીડાનો છેલ્લો દિન પૂરો થયો છે. મુદત પૂર્ણ થઇ છે, હવે તમારા જ કથન મુજબ તમારી અવદશા થશે. ભયભીત ના

અનશો. તલારક્ષક! આ સર્વ, ગણિકાઓ અને દ્વારપાળોને ઘણી વિટંબના કરી ઘરબાર લૂંટીને શૂળીએ ચઢાવો. જાવ, તમે આ વિષયમાં ફરી મને પૂછશો નહિ.'

રાજાનો અફર સત્તાવાહી આદેશ સુણતાં જ સભાજનોમાં ખિન્નતા વ્યાપી. કેટલાકે વિચાર્યું, જ્યારે સંતાનને જન્મ આપનાર માતા ઝેર આપનાર નીવડે. પિતા પુત્રને વેચે, રાજા સર્વસ્વ હરી લે ત્યારે પોકાર જ કોની આગળ કરવો? રક્ષક જ ભક્ષક બને ત્યારે ઉપાય જ કયો રહે?

સભા વિસર્જન થઇ.

નગરના ખૂણે ખૂણે ત્વરિતગતિએ સમાચાર ફેલાઇ ગયા. ૭૦૦ દરવાન અને ૩૦૦ ગણિકાને ફાંસીની સજા. સમાચાર ફેલાતાં જ વાતાવરણમાં સનસનાટી પ્રસરી રહી. કેટલાક લોકો કહે કે, 'ભલે અનર્થ કરનાર શોધ કરતાં પણ ન મળ્યો પરંતુ એકના પાપે આ સર્વને સજાની મહેમાનગીરીનો સ્વાદ ચાખવો પડયો.

પછી મંત્રીએ રાજાને વિનંતી કરી; 'સ્વામિ! આ વેશ્યાઓનો વધ કરવામા મહાદોષ છે. સાધુ, ગાય, વેશ્યા, સ્ત્રી, બાળક રોગી અને વૃદ્ધ આટલાને કોઈપણ અપરાધ આવ્યો હોય તોયે હણવા નહિ. તે સાંભળીને ક્રુદ્ધ થયેલ રાજાએ મંત્રીનાં વચનને અવગણ્યાં. ઉપરથી કટાક્ષ બાણો વડે મર્મસ્થળે તર્જના કરી. ગમગીન બનેલા મંત્રીએ ધીરે સાદે કહ્યું; 'મહારાજાધિરાજ! મેં તો આપનાં હિતને માટે જ કહ્યું હતું તો આપે માર્મિક વચનોએ તાડન કર્યું. હંમેશા કર્કશ વચન વડે પરિવારને અભાવ જન્મે છે. પરિવારના વિભક્ત થયે છતે રાજાની મોટાઈનો ધ્વંસ થાય છે.'

મંત્રીના કથનની રાજાને કાંઇ પણ અસર થઇ નહિ. એમનો વિચાર દૃઢભૂત જણાતા મંત્રી અબોલપણે શાંત રહ્યો.

રાજાની આજ્ઞાને ઝીલતા તલારક્ષકે ફાંસીનાં મંચો તૈયાર કરાવી દીધા. પ્રતિહારો તથા ગણિકાના દ્રવ્યાદિ કબજે કર્યા. તેઓને ફાંસીએ ચઢાવે એટલી જ વાર હતી. મૃત્યુના આરે પહોંચેલ સર્વના દિલને તેવી કારમી પળ લંબાઈ જાય તો શ્રેષ્ઠ. કોઇક તારક મળી જાય અગર તો તે જીવનાંતની ચરમ ક્ષણે પણ ગુનેગારનું દર્શન થાય તો અમે આ જીવનદેહ સરખો જનાર રાક્ષસી મરણથી જીતી જઇએ. એવી જીવનાશાના ચમકારાએ નયનયુગલ દશેદિશામાં દયાજનકપણે ટગર ટગર નીરખી રહ્યા હતા.

જનતાની કીકીયારી અને મેદની દિલને જલાવતી હતી. સર્વત્ર એક જ વાત ગવાતી હતી કે, 'રાજાને આ શું સૂઝયુ?' ઉજીયાળામાં કાળો ડાઘ રહી જશે પણ રાજાને કોણ મનાવી શકે? કોઈ રાજાની તો કોઈ ગણિકાની તો કોઇ પ્રતિહારોની દયા ખાતા હતા.

અંતે તો ગણિકાએ દ્વારપાળોની કરુણા ખાતા પોતાની બુદ્ધિના ફૂલોને કાંટાળા જ બનાવ્યાને! જાનમાલને જોખમમાં નાંખ્યા. હીણપતતાની કફન ઓઢી કબરે સૂવાની વેળા આવી પડી અને હાંસીપાત્ર થવું પડયું તે જુદું.

આ શું!!! સર્વ સ્થળે હાહાકાર વર્તી રહ્યો. કોઇ દરિયાવદિલીની રહેમ કે પુણ્યબળની પ્રબળતાભરી દૃષ્ટિ દરવાન અને ગણિકા પર પડી જાય તો વળી મૃત્યુપંકના ખાડામાંથી અણિશુધ્ધ બહાર નીકળી શકે. પણ કયાં હશે એ ભાગ્યવંત?

બિનગુન્હેગાર, અંતર તેમજ દયાર્દ્ર મનની અરજના પડઘાએ અંતરીક્ષમાં વિરાટ રૂપ ધાર્યું. અને પુણ્યવાન કુમાર રૂપસેનના કર્ણે મહાઘંટારવ કર્યો. ભયાનકતાનું તેને ભાન કરાવ્યું અને એ ભયંકરતાનું નિવારણ કરવા અસીમ હિમ્મત બક્ષી.

કુમારે વિચાર્યું; 'ઘડો પાણી ભરે ને દોરડું માર ખાય' જેવી વાત થઈ. જો મારા એકના વિનાશથી આ સૈહુ જનનું જીવન લીલુંછમ

રહેતું હોય તો ખરેખર મારે પ્રગટ થઈ જવું જોઈએ. પૃથ્વીતળને વિષે જીવદયા સરખો કોઈ પણ ધર્મ નથી.'

રૂપસેન વિચારે છે, 'કીડાને વિષ્ટામાં, દેવોને દેવલોકમાં એમ ઉભયને જીવન જીવવાની ઈચ્છા તો સરખી જ છે. તેમ મરણનો ભય એકબીજાને સરખો જ છે. મારા હૃદયમાં જો ધર્માંકૂરના બીજ હોય તો આવું ન જ થવું જોઈએ. પ્રાણહરણથી હું કઈ ગતિમાં જઈશ? પાપનો ઘડો અધિક ભરાય તો પછી એ પ્રગટ થયા વિના રહે નહિ.

મૃત્યુની ભવ્યતા અને અનેક પ્રાણીઓના આશિર્વચનો માટે રૂપસેન ઉત્સુક બન્યો. એને મન જીવરક્ષા સમક્ષ દેહ અને સૌન્દર્યની વાસના તુચ્છ લાગી. પરના કલ્યાણ માટે ખપી જવાની રઢ લાગી. હૈયે એકજ લગની હતી કે અન્યાયના સિંહાસનને ડોલાવી નાંખું એજ સહૃદયતાના ઘેનમાં ને ઘેનમાં ઘેર જઈ સિંદૂરથી લેપાયેલ વસ્ત્રનું પરિધાન કરી હસતે મુખડે અને મદભરી ચાલે સમસ્ત નગરજનોની દૃષ્ટિ વચ્ચેથી પસાર થઈ. રૂપસેન કુમારે સભામાં પ્રવેશ કરવા માટે પ્રતિહારીની અનુજ્ઞા માંગી. પ્રતિહારીએ રાજાની અનુમતિ લઈ આદેશ આપ્યો.

રૂપસેનકુમારે સવિનય રાજાને પ્રણામ કરી યોગ્ય સ્થાન લીધું.

એના ચંદ્રવદનમાંથી ઝરતા અમૃતના બિંદુઓએ સભાજનોને સ્થિર કરી દીધા. આ કોઈ દેવકુમાર છે કે વિદ્યાધર! તેજભર્યો સૂર્ય છે કે શીતળતા પૂર્ણ ચંદ્ર! એના આકસ્મિક આવાગમને સર્વને ઉત્સુક બનાવ્યા. આતુરતાપૂર્વક નયનો કુમારના ચંદ્રવદનના દર્શનથી તૃપ્ત થતાં નથી.

વેશ્યાગણની મુખ્ય નાયિકા રત્નમંજરીની આંખમાં રૂપસેન રાજકુમારની આગમન ખુમારી અને વિજયની ચમક ચમકી. જાણે સરસાઈ કરતી પ્રતિસ્પર્દ્ધિની ગાર્વિલી નજર સાથ હૈયામાં વિકસતી આનંદ લહરીઓ અને એક બીજા સાથ પરસ્પર સંકેત વચણના સહારે વાર્તાલાપ કરવા લાગી. સાંકેતિક ભાષા દ્વારા કંઈક ચોકકસ નિર્ણય કરી રાજાને કહ્યું; 'હે રાજન્! અદૃશ્યમાનનું દર્શન થયું. ગેબી ચોર મળી ગયો.'

રાજા વિસ્મિત બની અધીરા ભાવે કહ્યું: 'એ શું?'

વેશ્યાએ નયન ચમકાવતા ઉત્તર વાળ્યો; 'આજ સર્વની આંખડીના અંજનરૂપ બનનાર આગંતુક જ કુમારીબાના સૌંદર્યકલિકાના રસનો ઉપભોગી ભ્રમર.'

રાજાએ પૂછયું; 'આટલા દિવસ સુધી નહિ અને આજે છેલ્લી ગણાતી પળે જ કયાંથી જાણી લીધું?'

તેના સિંદૂરથી સ્નિગ્ધ થયેલા વસ્ત્રોને બતાવી પોતે કરેલ સર્વ યુક્તિની વાત વેશ્યાએ જણાવી. સિંદૂરથી લિપ્ત વસ્ત્ર જ પ્રતીતિ કરાવે છે કે આ વ્યક્તિ જ કનકવતીના આવાસમાં પહોંચનાર માનવ છે.

રાજાએ રૂપસેનને પૂછયું; 'આ વેશ્યા શું કહે છે?' રૂપસેનકુમારે નિશ્ચલભાવે, શાંતપણે ઉત્તર વાળ્યો; 'ગણિકાનું કથન સર્વ રીતે સત્ય છે. આ રાજવિરૂદ્ધ કાર્ય મેં જ કર્યું છે. હું શિક્ષાને યોગ્ય છું. મને દંડ કરો, અને આ સર્વ નિરપરાધી જીવોને મોંઘેરૂં જીવિતદાન બક્ષો.' કુમારના દેહ પર શ્યામતા, વિહ્વળતા, ઉદાસીનતા કે અસ્વસ્થતાના ચિહ્ન અલ્પ પણ નજરે પડતા નથી, પરંતુ રણભૂમિ ઉપર કેશરીયા કરવા તૈયાર થયેલ વીર સૈનિકનું ખમીર પુકાર કરતું હતું. આ ચમકારો જોઇ સભાજનો આશ્ચર્યમૂઢ બન્યા.

જેમ અગ્નિમાં બાળવા છતાં શંખ પોતાની શ્વેતતા છોડતો નથી તેમ સજ્જન પુરુષો આપત્તિમાં પડવા છતાં પોતાનો વર્ણ બદલતા

નથી. સજ્જનના સ્વભાવમાં જ નિષ્ઠા જણાઇ આવે છે.

વિપત્તિમાં ધીરજ, અભ્યુદયમાં ક્ષમા, સભામાં વાક્ચાતુર્ય, યુદ્ધમાં પરાક્રમ, યશમાં અભિરુચિ અને જ્ઞાનમાં વ્યસન એ સજ્જનતાની સાહજિકવૃત્તિ છે.

કુમારના શાંતિમય ઉદ્ગારે રાજાના અંગે-અંગ ક્રોધનો આતાપ વ્યાપી રહ્યો. તેણે ક્રોધની વિહ્વલતામાં જણાવ્યું; ધૃષ્ટ, પાપી, નિર્દય, નિર્લજ્જ, દુર્બુદ્ધિ, અને લુચ્ચો આ ખલપુરુષોના લક્ષણો છે. આ સભામાં ધીરતાથી બોલતો નિશ્ચે તું ચોર જ છે.'

'તલારક્ષક! આ દુષ્ટ, નિર્લજ્જને શૂળીએ આરોપણ કરો. જુવાનીના ઘમંડમાં કરેલ પાપનું ફળ લોકોને બતાવો કે અનાચાર તેમ જ ઉગ્રપાપનું ફળ તે જ ભવમાં પ્રાપ્ત થાય છે.'

રૂપસેનકુમાર નીડરતાપૂર્વક રાજાને કહે છે, 'હે રાજન્! મારી અંતિમ વિજ્ઞપ્તિ છે કે આ વેશ્યાગણ અને આ રક્ષકોને અભયદાન આપો. તો હું મારા દેહના બલિદાનને ધન્ય માનીશ.'

રાજાએ વેશ્યા અને રક્ષકોને મુકિત કર્યાં.

પરેશાન બનેલા તેઓને મૃત્યુના ઝંઝાવાતથી હૈયામાં શાંતિ વળી. અંતિમ પળે ઉગારનાર આગંતુકની અહેસાની તો બાજુ પર રહી પરંતુ તેને ધિકકારતાં પોતપોતાના સ્થાનકે ગયા. સભા વિસર્જન થઇ. સર્વત્ર આનંદ થયો. પુરવાસીઓ કહેવા લાગ્યા કે રાજાને ૧૦૦૦ મનુષ્યના વધનું પાપ તો ન લાગ્યું. જે થયું તે સારા માટે થયું. કેટલાક રૂપસેનકુમારની દયા ચિંતવે છે, તો કેટલાક તિરસ્કાર કરવા લાગ્યા કે પગ પર જાતે જ કુહાડો માર્યો.

કેટલાક સુજ્ઞાની વિચારે છે કે, 'આત્મા કર્માધીન છે. કર્મથી પ્રેરાયેલા માનવ સ્વર્ગ કે નર્કમાં જાય છે. મહાન આત્માઓને પોતાના કર્મના ફળનો વિપાક વેદવો પડયો તો આ કુમારનું શું ગજું?'

આ બાજુ તલારક્ષકે રૂપસેનકુમારને રાસવડે બાંધી શરીર પર પ્રહાર કરતાં કરતાં તેમજ મર્મવિઘાતક વાણીથી તર્જના કરતા નગરના એક એક ચોરે ને ચૌટે, શેરીએ ને ગલીએ ફેરવીને સાંયકાળ થતાં વધસ્થાન સમીપે લાવી મૂકયો.

આ જીવનના દીપને બુઝવનાર વધસ્થંભની આગળ આવ્યા છતાં રૂપસેનકુમારના દિલમાં ડરની અલ્પ પણ ધડક નથી.

કિસ્મતે પોતાની સિદ્ધિ કામયાબ બનાવી. એક માનવના જીવન પર આરૂઢ થઇને કામયાબ બનાવી. કુમારને શૂળી પર આરોહણ કર્યો. મૃત્યુનો પ્રખર ઝંઝાવાત તોફાને ચઢયો હોવા છતાં આત્મા પર સમતા અને ધીરજના પ્રકાશ ચાંદરણા પથરાયા હતાં. હજાર હજાર માનવના પ્રાણને ભેંકાર દુઃખમાંથી ઉદ્ધરી જીવનના શાંતિ આગારને વિષે સ્થાપન કર્યાના અદ્વિતીય રસ ઝરતા હતા. પ્રભુધ્યાન જ એક તારક છે એમ માની આત્માને પંચપરમેષ્ઠીના ધ્યાનમાં એકલીન બનાવી દીધો, કે જેથી મૃત્યુની ભયંકર યાતના એને દુઃખકર્તા બની શકી નહિ. પરોપકારની ભઠ્ઠીમાં પોતાના દેહનું બલિદાન આજે તેને ધન્ય લાગ્યું. મુખકાંતિ અખંડ સ્વસ્થતા અને જીવનદાનની ઔદાર્યતાએ ઝલકતી સર્વ નગરજનના મનને હેરત પમાડી રહી કે મૃત્યુના તેજ પણ આવા હોઈ શકે.

કર્મના સામ્રાજ્યે શાસન ચલાવી પોતાની અકલિત સત્તાનું નિદર્શન કરાવ્યું કે એકના અપરાધે હજારોને શિક્ષા અને હજાર હજાર માનવના બલિદાનના રક્તની તૃષા આજે એક જ માનવના રુધિરે તૃપ્ત બની.

(ક્રમશઃ)

# સાભાર સ્વીકાર

પ્રગટતાં પ્રકાશનોની સાભાર પૂર્વક ટુંક નોંધ અહિં અવાર-નવાર પ્રગટતી રહે છે. જેથી વાચકો નવાં પ્રકાશનોથી કાંઇક અંશે પરિચિત રહે.

★

**જિનચંદ્ર જીવન ચંદ્રિકા :** સંયો. પૂ. મુનિરાજશ્રી બુદ્ધિસાગરજી મ.પ્રકા. ઝવેરી મૂલચંદ હીરાચંદ ભગત. વ્ય. શ્રી જિનદત્તસૂરિ જ્ઞાનભંડાર મુંબઈ. વિ. ના ૧૭ મા સૈકાની શરૂઆતમાં થઇ ગયેલા શ્રી ખરતર ગચ્છના પ્રભાવક આચાર્યદેવશ્રી શ્રી જિનચંદ્રસૂરીશ્વરજીનું પ્રભાવક જીવન ચરિત્ર ટુંકમાં ફુલસ્કેપ ૫૮ પેજી ૪૪ પેજમાં પ્રસિદ્ધ થયું છે. દીલ્હીપતિ શહેનશાહ અકબર બાદશાહ તથા જહાંગીરના સમયે પૂ. આચાર્યદેવશ્રીનાં વરદ હસ્તે થયેલ પ્રભાવનાના ઉલ્લેખો અહિં પ્રાપ્ત થાય છે.

**યુગપ્રધાન શ્રી જિનદત્તસૂરિજી :** હિંદી લે. અગરચંદજી નાહટા તથા ભંવરલાલજી નાહટા. ગુર્જર અનુવાદક: દુર્લભકુમાર ગાંધી સંશો. સંપા. પૂ. મુનિરાજશ્રી બુદ્ધિસાગરજી ગણિ. પ્રકા. શેઠ ઝવેરચંદ કેશરીચંદ ઝવેરી, મહાવીરસ્વામી જૈનદેરાસર પાયુધુની મુંબઇ ક્રા. ૧૬ પેજી ૪૬-૭૮-૧૨૪ :

વિ. ના ૧૨ મા સૈકામાં થઇ ગયેલા મહાચમત્કારિક ખરતરગચ્છીય પ્રભાવક આચાર્ય દેવશ્રીનું વિસ્તૃત જીવનચરિત્ર આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થયેલ છે. ચૈત્યવાસીઓનો કાલ હોવાથી પૂ. આચાર્યદેવશ્રીએ પોતાના નિર્મલ ચારિત્રનો પ્રભાવ પાડી જૈનશાસનની વિસ્તૃત પ્રભાવના કરી છે. તે હકીકતો અત્રે રજૂ થઇ છે. ભાષાંતરમાં વ્યાકરણ દોષો રહી ગયા છે.

**દાદાશ્રી જિનકુશલસૂરિજી :** સંપા. પૂ. મુનિરાજશ્રી બુધ્ધિસાગરજી ગણિવર. મૂલ હિંદી લે. અગરચંદજી નાહટા, શ્રી ભંવરલાલજી નાહટા ગુજ. અનુ. મુનિરાજશ્રી કાંતિસાગરજી પં. શ્રી જિનદત્તસૂરિ જ્ઞાનભંડાર મૂ. ૪ આના. ક્રા. ૧૬ પેજી ૧૬-૧૦૬=૧૨૨ પેજ:

વિ. ના ૧૪ મા સૈકામાં થઈ ગયેલા ખરતરગચ્છીય પ્રભાવક પૂ. આચાર્યદેવશ્રી જિનકુશલસૂરીશ્વરજી મહારાજની પ્રભાવક જીવનકથા અહિં અનેક ઐતિહાસિક પ્રસંગોથી વિસ્તૃત રીતે પ્રસિદ્ધ કરેલ છે. તેઓશ્રીએ ૫૦ હજાર નૂતન શ્રાવકોને કર્યા હતા તે હકીકત અહિં પ્રસિદ્ધ થયેલ છે. ઉપરના તેમજ આ જીવનચરિત્ર ગ્રંથો તે કાલના ઇતિહાસને તથા સંયમી મહાપુરુષોના પ્રભાવનો ખ્યાલ આપે છે.

**મુનિશ્રી મોહનલાલજી :** લે. માવજી દામજી શાહ. પ્રકા. શ્રી જિનદત્તસૂરિ જૈન જ્ઞાન ભંડાર, પાયુધુની મુંબઈ ૩. મૂ. સદુપયોગ ક્રા. ૧૬ પેજી ૨૬ પેજ.

પૂ. મુનિરાજશ્રી મોહનલાલજી મહારાજનું ટુંક જીવનચરિત્ર અહિં પ્રસિદ્ધ થયું છે.

**આ. મ. શ્રી જિનયશ:સૂરીશ્વરજી મ. ની જીવનગાથા:** લે. પૂ શ્રી ગુલાબમુનિજી મ. સંસ્કારક ફુલચંદ હરિચંદ દોશી મહુવાકર. પ્રકા. શ્રી મહાવીર જૈનમંદિર; પાયધુની મુંબઇ. ક્રા. ૧૬ પેજી ૮+૫૮=૬૬ પેજ

ખરતરગચ્છના આચાર્ય મહારાજ શ્રી જિનયશ:સૂરીશ્વરજી મહારાજશ્રી કે જેઓને ખરતરગચ્છની સમાચારીનું પ્રવર્તન કરવાની જવાબ-

દ્વારી પૂ. મુનિરાજશ્રી મોહનલાલજી મહારાજે આપી હતી. જેઓ દીર્ઘતપસ્વી હતા. તેમની જીવન ઝરમર અહિં પ્રસિદ્ધ થઈ છે.

**રત્નપ્રભા** અનુ. પૂ. પંન્યાસજી મહારાજ શ્રી બુદ્ધિસાગરજી ગણિવર. પ્રયો. પુલચંદ હરિચંદ દોશી. પ્રકા. શ્રી જિનદત્તસૂરિ જ્ઞાનભંડાર પાયધુની મુંબઇ ક્રા. ૧૬ પેજી ૮+૧૨૪–૧૩૨ પેજ.

પૂ. મુનિરાજશ્રી મોહનલાલજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી રાજમુનિજીના વિદ્વાન શિષ્યરત્ન આચાર્ય મહારાજશ્રી જિનરત્નસૂરીશ્વરજી મહારાજશ્રીનુ સંસ્કૃત ચરિત્ર પૂ. ઉપાધ્યાયજી મ. શ્રી લબ્ધિમુનિજીએ રચેલું, તેના પરથી ગુજરાતી અનુવાદ તથા સંસ્કારિત રીતે અહિં પ્રસિધ્ધ થયેલ છે.

**મહામંત્રની આરાધના:** પ્રકા. શ્રી જૈન શ્વે. સંઘની પેઢી, પીપલી બજાર–ઇન્દોર. મૂલ્ય; ૭૬ ન. પૈ. ક્રા. ૧૬ પેજી ૧૧+૬૬–૭૭

જૈનશાસનના સારરૂપ સમસ્ત દ્વાદશાંગીના રહસ્યરૂપ શ્રી નવકારમહામંત્રની આરાધનાનો જે લઘુતપ તેને અંગેના વિધિ–વિધાનો તેમજ નવકારમંત્રના જાપને અંગે ઉપયોગી વિચારણા આ લઘુ પ્રકાશનમાં પ્રસિદ્ધ થયેલ છે. સાથે નવકારમંત્રના મહિમાને વર્ણવતા છંદો, પદો ઈત્યાદિનો સંગ્રહ છે. પ્રયત્ન સ્તુત્ય છે. જેકેટ દ્વિરંગી છે. અંદર નવકારમંત્રનું ધ્યાન કરવા માટે સુંદર ત્રિરંગી ચિત્ર છે. નવકારમંત્રની આરાધના કરનારને ઉપયોગી સાહિત્ય પ્રસિદ્ધ થયું છે.

**જ્ઞાન ગંગા** (હીંદી) પ્રકા. શ્રી જૈન શ્વે. જૈન સંઘની પેઢી પીપલી બજાર ઈંદોર સીટી. મૂલ્ય ૧ રૂા. ક્રાઉન ૧૬ પેજી ૧૦+૧૬૨

સંપાદક પૂ. મુનિરાજ શ્રી અભયસાગરજી મહારાજે પરિશ્રમ પૂર્વક તૈયાર કરેલ આ પ્રકાશન સર્વસંગ્રહરૂપ સર્વોપયોગી તથા ઉપકારક છે. અનેકવિધ તાત્ત્વિક, સાત્ત્વિક ચિંતન–મનનના નિષ્કર્ષરૂપે સુવાકયોનો સુંદર સંગ્રહ અહિં પ્રસિદ્ધ થયેલ છે. વિવિધ કલરોમાં છપાયેલું આ પુસ્તક સંગ્રહ કરવા જેવું છે. અનેકાનેક પ્રાસંગિક ચિત્રોથી આ પ્રકાશન સમૃદ્ધ બન્યું છે.

**શ્રી નમસ્કાર નિષ્ઠા** : લે. અને સંપા. શ્રી મફતલાલ સંઘવી ડીસા. પ્રકા. શ્રી સિદ્ધિધર્મ સંગ્રહ સાહિત્ય પ્રચારક સમિતિ–જૈન વિદ્યાશાળા, અમદાવાદ, ભેટ ક્રા. ૧૬ પેજી ૩૬+૨૦૮–૨૪૪.

મહામંગલકારી શ્રી નવકાર મહામંત્ર પ્રત્યે શ્રદ્ધા તથા સદ્ભાવ પ્રગટે તેમજ તે દ્વારા તેના સાધક મુમુક્ષુ જીવોનાં જીવનમાં તે અચિંત્ય ચિંતામણિ નવકારમંત્ર પ્રત્યે સમર્પણભાવ જાગૃત બને તેવા પ્રકારનું સાહિત્ય આ પ્રકાશનમાં સંગ્રહીત થયેલ છે. 'કલ્યાણ' માસિકમાં પ્રસિદ્ધ થયેલા લેખો આ રીતે ગ્રંથસ્થ બને છે, તે 'કલ્યાણ' પ્રત્યે, તેના લોકપ્રિય લેખક પ્રત્યે સમાજનો આદરભાવ પ્રતીત થાય છે. લેખમાળા શ્રી નવકારમંત્ર પ્રત્યે આત્માર્થી આત્માઓને નિષ્ઠા પ્રાપ્ત કરાવવામાં અવશ્ય ઉપકારક બનશે! લેખક તથા પ્રકાશક તરફથી આ લેખમાળા જે જે સામાયિકોમાં પ્રગટ થઈ હોય તેનો નામોલ્લેખ થવો જરુરી હતો.

**સંસ્કાર સોપાન** : લે. પૂ. પંન્યાસજી મહારાજશ્રી સુદર્શનવિજયજી ગણિવર, પ્રકા૦ જીવનસિંહ મહેતા વ્ય. શ્રી ભુવન–સુદર્શન જૈન ગ્રંથમાલા, ઉદયપુર ક્રા. ૨૦–૧૨૮=૧૪૮.

લેખક મહારાજશ્રીએ લખેલા તથા સંપાદિત કરેલા ૨૦ જેટલા લેખોનો સંગ્રહ અહિં પ્રસિદ્ધ થયો છે. જે લોકભોગ્ય હોઈ સર્વ કોઈને વાંચન મનનને યોગ્ય સામગ્રી પૂરી પાડે છે.

**જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ** : (ખંડ ૧) લે. પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડીયા પ્રકા. શાહ લાલચંદ નંદલાલ વકીલ વ્ય. શ્રી મુક્તિકમલ જૈન મોહનમાલા. વડોદરા મૂ. ૬–૦–૦ ક્રા. ૧૬ પેજી ૮૮+૪૬૮.

# અધિકાર, ફરજ અને અભ્યુદય ★

શ્રી ઉજમશીભાઈ જુઠાભાઈ
અમદાવાદ

**મા**નવ જીવનના મૂળભૂત લક્ષ્યને ભૂલી, કે તેની ઉપેક્ષા કરી, વિશ્વનો કોઈપણ માનવી પોતાનો અભ્યુદય (કલ્યાણ) સાધી શકે નહિ.

દુન્યવી અભ્યુદય તે વાસ્તવ અભ્યુદય નથી. આત્માની ઉત્ક્રાંતિ એજ ખરો અભ્યુદય છે. જે મૂળભૂત લક્ષ્યના વાસ્તવ ભાન વિના સંભવિત નથી.

જો કે, ઓઘે ઓઘે જેઓ વાસ્તવ રાહે ઢળે છે, તેઓનો અભ્યુદય થાય છે ખરો. પરંતુ, તદ્દન આંધળી દોટમાં જેઓ વિકાસનો ભ્રમ સેવે છે. તેઓ વિકાસ સાધી શકતા નથી. અને અને ઊલટાં નીચે વધુ પટકાય છે.

મૂળભૂત લક્ષ્યના ભાન વિના ફરજ અદા કરવાની નેમ પણ ઘણીવેળા ભયંકર અનર્થો નિપજાવે છે.

કુટુંબનું પાલન–પોષણ કરવું તે ગૃહસ્થની ફરજ છે. પરંતુ, જો ગૃહસ્થ માનવજીવનના મૂળભૂત લક્ષ્યનો ખ્યાલ કરે નહિ. અને ફરજ અદા–કરવાની ઘેલછા રાખે; તો તે ન કરવાનું કરે, તે સંભવિત છે.

ફરજ અદા કરવાની ઘેલછામાં તે લુંટ, ચોરી, છળ, કપટ, જૂઠ, દુરાચાર અનાચાર આદિ બધુંજ કદાચ સેવે, અને તેમ કરતો છતાં એ પ્રકારે પોતાની ફરજ અદા કરતો હોવાનું તે અભિમાન પણ ધરે.

જ્યારે, વાસ્તવમાં એ રીતે ફરજ અદા કરી ન કહેવાય. કેમકે, તે ગૃહસ્થ ત્યાં પોતાનો માનવ અધિકાર ચૂકી ગયો.

જે કોઈ વ્યક્તિ, પોતાના અધિકારનો ખ્યાલ ન કરે, તે પોતાની ફરજ અદા ન કરી શકે. અને જે, પોતાની ફરજ ચૂકી જાય તે અધિકારથી ભ્રષ્ટ થાય.

અધિકાર અને ફરજ તે ઉભયનો સમન્વય સાધ્ય વિના વ્યક્તિ અભ્યુદય સાધી શકે નહિ. તેમજ તે, વાસ્તવ ધર્મ સમજી શકે નહિ.

દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, અને ભાવ અનુસાર ફરજ અને અધિકાર અનેક પ્રકારે છે. જ્યાં, જે જે પ્રકારે, જે જે ફરજ અને અધિકાર હોય, ત્યાં, તે તે પ્રકારે, તે તે ફરજ અને અધિકારને અનુસરવું જોઇએ. યાદ રાખવું કે, માનવજીવનના મૂળભૂત લક્ષ્યના વાસ્તવ ખ્યાલ વિના ફરજ અને અધિકારનું ખરૂં ભાન સંભવિત નથી.

દાખલા તરીકે, વિશ્વમાં આજે રાષ્ટ્રવાદ જે પ્રકારે પ્રચાર પામ્યો છે, તે પણ મૂળભૂત લક્ષ્યના ભાનના અભાવનું કારણ છે. અને તે લોકની આંધળી દોટ છે. તે રાષ્ટ્રવાદની ઘેલછામાં એક બીજા રાષ્ટ્રો, એક બીજી રાષ્ટ્રની પ્રજા પ્રત્યે, દ્વેષ, ધિક્કાર અને-તિરસ્કારની દૃષ્ટિથી જુવે છે. પરિણામે ઘર્ષણો થાય છે અને વિગ્રહો જાગે છે.

જો, રાષ્ટ્રવાદીઓ માનવ જીવનના મૂળભૂત લક્ષ્યનો ખ્યાલ કરી પોતાની ફરજ અને અધિકાર અનુસાર રાષ્ટ્રવાદ પોષે તો, તેઓ ઈતર રાષ્ટ્રની પ્રજા પ્રત્યે પણ પ્રેમ અને અમી ભરી દૃષ્ટિ વેરી, વિશ્વની પ્રજાનું સહ અસ્તિત્વ ટકાવી શકે.

---

પ્રોફેસર હીરાલાલ કાપડીયાએ આ પ્રકાશનમાં જૈનાચાર્યોએ, જૈન મુનિઓ તથા અન્યાન્ય જૈન લેખકોએ જે જે અનેકવિધ વિષયમાં સંસ્કૃત ગ્રંથરચનાઓ કરી છે, તેનો શક્ય હોય તે રીતે વિસ્તૃત ઇતિહાસ અહિં રજુ કરેલ છે. વ્યાકરણ, છંદ, કોશ, છંદ, અલંકાર, કાવ્ય, નાટ્ય, કામ, નિમિત્ત, નીતિ ઇત્યાદિ શાસ્ત્રો પર જૈન લેખકોની કૃતિઓનો તથા અજૈન ગ્રંથો પરના જૈન વિવરણોનો પરિચય અહિં અપાયો છે. સંસ્કૃત સાહિત્યના અભ્યાસીઓને જૈન ગ્રંથકારોની રચનાઓ પ્રત્યે લક્ષ્ય જાગ્રત કરવા માટેનો આ પ્રયાસ સ્તુત્ય છે. અનેક પરિશિષ્ટોથી પ્રસ્તુત પ્રકાશન સમૃદ્ધ બન્યું છે. લેખકનો પરિશ્રમ સર્વદેશીય તથા અન્વેષણ પૂર્વકનો છે.

અ.

# ✲ આજની કેળવણીની પ્રથા ફેરફાર માંગે છે. ✲

**શ્રી નવીન કોઠારી (સીનીયર બી. એ.) જામનગર**

વર્તમાન કેળવણીની કેટલીક ખામીઓ સામે નિર્દેશ કરી કેળવણી વિષે યથાર્થ દૃષ્ટિબિંદુ દર્શાવતો આ લેખ વર્તમાન વાતાવરણમાં અવશ્ય ઉપકારક બનશે. **સં૦**

ગુજરાતીમાં સુંદર સુવાક્ય છે, 'વિદ્યા વગરનો માણસ પશુ સમાન છે.' સંસ્કૃતમાં પણ વિદ્યાની અગત્યતા સમજાવતું સુંદર સુભાષિત છે.

"रूपयौवनसंपन्ना विशालकुलसंभवा ।
विद्याहीना न शोभन्ते निर्गन्धा इव किंशुका :" ।।

આમ વિદ્યા અથવા કેળવણીની જીવનમાં કેટલી આવશ્યકતા છે, તેનો સામાન્ય ખ્યાલ આવે છે. સામાન્ય વ્યવહારમાં શાળામાં કે કોલેજમાં ભણેલાઓને કેળવણી પામેલા માનવામાં આવે છે. પણ શું ખરેખર આને જ કેળવણી કહી શકાય? શાળા અથવા કોલેજમાં ભણવાથી આધ્યાત્મિક જ્ઞાનની કેળવણી પ્રાપ્ત થાય છે ખરી કે? આજની કેળવણીનું દૃષ્ટિબિંદુ એ તરફ છે જ નહીં. કેળવણીનો અર્થ જ એ કે એનાં વડે માણસનાં જીવનનો સર્વાંગી વિકાસ થાય. આજની કેળવણીથી સર્વાંગી વિકાસ થાય છે કે નહીં? તે એક પ્રશ્ન છે.

કેળવણી તો એને જ કહેવાય કે જે જીવનનું ઘડતર કરે, ચારિત્ર્યનું ઘડતર કરે, સુસંસ્કારોને પ્રેરે. માનવીના જીવનમાં ડગલે ને પગલે ઉપયોગી નીવડે તેને જ ખરી કેળવણી કહેવાય. દરેક માનવીનાં જીવનમાં સુમતિ અને કુમતિ વચ્ચે હંમેશા તુમુલ યુદ્ધ મચ્યાં જ કરે છે, પણ જો એ ખરેખર કેળવાયેલો હોય તો સુમતિનો વિજય થાય છે અને કુમતિનો પરાજય. આ પરથી સ્પષ્ટ સમજાય છે કે કેળવણીથી ફક્ત બુદ્ધિમાં જ કે તર્કમાં વિકાસ ન થતાં, જીવનનાં હરેક ક્ષેત્રમાં તેના વડે વિકાસ થાય ત્યારે જ માનવીને ખરી કેળવણી મળી છે, અથવા તો તે કેળવાયેલો છે, તેમ કહી શકાય. કેળવણીની આવશ્યકતા માનવીનાં જીવનમાં, જેટલી આવશ્યકતા હવા, પાણી, અને ખોરાકની છે તેટલી જ બલ્કે આજના યુગને જોતાં કંઇક અંશે વધારે છે, પણ ઓછી તો નહિં જ.

સામાન્ય માનવી તો શું પરંતુ આજકાલ લગભગ દરેક જણ કેળવણીનાં અર્થને બહુજ સામાન્ય ઘટાવે છે. થોડુંક અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરવું, તર્કમાં કે બુદ્ધિમાં કુશળ થવું એટલે કેળવણી મળી ચૂકી એમ સાધારણતયા માનવામાં આવે [illegible] પણ એ ખોટી માન્યતા છે. કેળવણીની [illegible] શરૂઆત તો માતાનાં ગર્ભમાંથી જ થતી [illegible] છે. આપણા ઇતિહાસમાં એનાં અનેક ઉદાહ[illegible] હયાત છે. સતી મદાલસાએ લગ્ન કરતાં [illegible]લાં તેનાં પતિ સાથે શરત કરેલી કે [illegible] બાળકો પર મારો જ સંપૂર્ણ

---

માનવ જીવનનું મૂળભૂત લક્ષ્ય જે મોક્ષ. તે લક્ષ્ય સિદ્ધ કરવા એટલે કે, કર્મથી સર્વથા મૂકાવા જીવની જે તમન્ના તે આત્મજાગૃતિ છે. અને તે માનવ જીવનના મૂળભૂત લક્ષ્યનું ખરૂં ભાન છે.

જેઓનો આત્મા જાગ્રત છે. તેઓ નમાલાં કે વેવલા હોતા નથી, તેઓ વિનીત હોય છે. તેઓ ફરજ અને અધિકાર અનુસાર વિવેકયુકત રીતે વર્તનારા હોય છે. તેઓને મન કોઇ વેળા સામાન્ય એવી ફરજોનું પ્રાધાન્ય વધી જાય છે. કોઇ વેળા મોટી એવી ફરજો તેમને મન ગૌણ બની જાય છે. જો કે, એક પણ ફરજની તે વિવેકી ઉપેક્ષા કરતા નથી.

અધિકાર અનુસાર જીવનમાં એક પણ ફરજની ઉપેક્ષા ન કરવી, તે અભ્યુદયની મુખ્ય ચાવી છે. જો કે, તે માટે વિવેકચક્ષુ જોઈએ.

અધિકાર રહેશે. મદાલસાએ જયારે ગર્ભ ધારણ કર્યો ત્યારથી જ તેણે ઉત્તમ પુસ્તકોનું વાંચન-મનન શરૂ કર્યું તેનો લગભગ બધોજ સમય ધાર્મિક ક્રિયાઓમાં જ પસાર થવા લાગ્યો. બાળકનાં જન્મ પછી પણ બાળકને ખૂબજ સારાં સંસ્કારો પ્રાપ્ત થાય તેવું જ વાતાવરણ તેણે રાખ્યું. પરિણામે તેનાં પુત્રે યોગ્ય વયનો થતાં સંસારત્યાગ કર્યો. વાત તો બહુ લાંબી છે. પરંતુ આપણે તો એજ જોવાનું છે કે ખરી કેળવણીની શરૂઆત માતાનાં ગર્ભમાં આવ્યા ત્યારથી જ થઈ જતી હોય છે. અભિમન્યુએ માતાનાં પેટમાં જ યુદ્ધનું જ્ઞાન પ્રાપ્ત કર્યાની વાત બહુ પ્રસિદ્ધ છે. ત્યાર બાદ સંજોગ, વાતાવરણ, શિક્ષણ, શિક્ષક, શાળા, કોલેજ વગેરે મારફત કેળવણી પ્રાપ્ત થતી હોય છે.

દુઃખની વાત તો એ છે કે આજે કેળવણીના અર્થને ઘણોજ સંકુચિત બનાવી દેવામાં આવ્યો છે. આજની કેળવણીને વખોડવામાં આવે છે. પરંતુ કેળવણી કદિપણ ખરાબ હોઈ શકે જ નહીં. કેળવણીનો અર્થજ એ કે એ માનવોને દરેક રીતે ઉચ્ચ મહાન અને સંસ્કારી બનાવે. હાં! એ પ્રાપ્ત કરવાની અથવા તો એ આપવાની રીતમાં જરૂર દોષ હોઈ શકે. માટે આજની કેળવણી ખરાબ છે, યોગ્ય નથી એવું બધું કહેવા કરતાં આજની કેળવણી આપવાની પ્રથા યોગ્ય નથી એમ કહેવું વધારે યોગ્ય અને ન્યાય સંપન્ન થશે. ભારત સંસ્કૃતિમય દેશ છે. ભારતે અનેક મહાપુરુષોને જન્મ આપ્યો છે. જેઓ આ દેશમાં મહાન બન્યા છે, તેઓને યોગ્ય અને ખરી કેળવણીએ જ મહાન બનાવ્યા, ઉપરાંત તેઓને મહાન બનાવવામાં માતાપિતાનાં સંસ્કાર, વાતાવરણ, ઉચ્ચવિચારો, આધ્યાત્મિક જ્ઞાનની ઉત્કંઠા વગેરે તત્ત્વોએ અગત્યનો ભાગ ભજવ્યો છે. માટે આજની કેળવણીમાં ધરમૂળથી ફેરફાર કરવાની જરૂર છે.

**આજની કેળવણી આપવાની વિચિત્ર પ્રથા.**

વિચિત્ર વાતાવરણથી પહેલાંની અને આજની કેળવણીમાં ફેર લાગે છે. પરંતુ તેમાં કેળવણીનો દોષ નહિ પણ એની પ્રથાનો છે. કોઇ પણ કાળમાં કેળવણીનું ધ્યેય તો એજ હોઈ શકે કે તેના વડે માણસ ક્રમશઃ ઉંચે જ ચડતો જાય. આજની કેળવણીમાં આધ્યાત્મિક જ્ઞાનને તો સાવ બાકાત જ રાખવામાં આવ્યું છે. વિનય-વિવેકની વિદ્યાર્થીઓમાં મોટે ભાગે ખામી જોવામાં આવે છે. ઘણીવાર શાળા અથવા સંત સાધુનું વ્યાખ્યાન અથવા કોલેજ મારફત સીનેમાનો 'શો' રાખવામાં આવે છે. પણ કયારેય કોઇ મુનિરાજનું અથવા જેમાંથી સારા સંસ્કારો મળે એવા કોઈ પુસ્તકનું વાંચન અથવા જેનાથી વિદ્યાર્થીઓમાં સાત્ત્વિકતા વધે અને વૃત્તિ ઉચ્ચ બને એવો કોઈ કાર્યક્રમ ગોઠવવામાં આવે છે ખરો? આજનું વિચિત્ર વાતાવરણ, ઉચ્ચ વિચારોનો અભાવ, ભૌતિકવાદનું જોર, અશિષ્ટ વાંચન, ખુદ માતા-પિતાનાં સંસ્કારમાંજ ખામી અને અધમતાની કોટિએ લઈ જનાર સિનેમા વગેરે તત્ત્વોએ આજની કેળવણીની ખાનાખરાબી કરી નાંખી છે. આમાં બિચારો એકલો શિક્ષક કે પ્રાધ્યાપક શું કરે?

વિદ્યાર્થીના જીવનમાં શાળા અથવા કોલેજ ખૂબજ અગત્યનો ભાગ ભજવે છે. કારણ કે જીવનમાં ઉપયોગી ગણાતી એવી વિદ્યાની પ્રાપ્તિ અને પૂર્ણાહુતિ ત્યાં જ થાય છે. પરંતુ ફકત વિદ્યા પ્રાપ્ત કરી એટલે કેળવણી મળી ચૂકી, એ માન્યતા જ ખોટી છે. વિદ્યાની અવશ્ય જરૂર છે, પણ આવશ્યક વસ્તુમાંની એ એક છે, એ ન ભૂલવું જોઈએ. આજની કેળવણીથી મહત્ત્વાકાંક્ષા વધી છે, તર્કશકિત વધી છે, પણ એ એકાંગી વિકાસ છે.

વિદ્યાર્થીઓનો શિક્ષકો પ્રત્યે સંપૂર્ણ વિનય, વિવેક, આદર હોવો જોઇએ. જેનો આજ અભાવ જોવામાં આવે છે. જેથી વિદ્યાર્થીને આટલું પણ ન

મળે તે વિદ્યા શું કામની? જેની પાસેથી કાંઇક ગ્રહણ કરવું છે તેનાંજ પ્રત્યે માન ન હોય, વિનય-વિવેક ન હોય તો એ વિદ્યા ચડે પણ શી રીતે? શિક્ષકો પોતે પણ સાચા અર્થમાં કેળવાયેલા હોવા જોઇએ. ચારિત્રની દઢતા તેમનામાં હોવી જોઇએ. તો જ તેમનો પ્રભાવ પડે. શિક્ષકમાં તેના વિષયનું સંપૂર્ણ જ્ઞાન, પવિત્ર આચરણ અને શુદ્ધ હેતુ એ ત્રણ ગુણ હોવા જોઇએ. કેટલાંક કહે છે કે તેમનાં ખાનગી જીવનમાં આપણે શા માટે માથું મારવું જોઇએ? પરંતુ એ કથન યથાસ્થિત નથી. શિક્ષકનાં વર્તનની છાપ જરૂર પડે જ. ખુદ વ્યસની બીજાને વ્યસની બનતો શી રીતે અટકાવી શકે ! ડૂબતો બીજાને કેવી રીતે તારે? શાળામાં શિક્ષકનું અને ઘરમાં માતાપિતાનું જીવન એ જ તેમનો સંદેશ હોવો જોઈએ.

આજની પરિસ્થિતિનો અભ્યાસ કરતા લાગે છે કે આજની કેળવણી ઉપરથી ઘણી ભભકા ભરેલી પણ અંદરથી પોલી છે. ઘણી ખામી એમાં છે. 'માણુસને ભણતર અથવા કેળવણી ઘડે છે. જેમ એક ખાણનાં પથ્થરમાંથી સારો કારીગર, ટાંકણા વડે ઘડીને જાણે જીવતી જાગતી કોઈ વ્યકિત ન હોય તેવી મૂર્તિ અથવા બાવલું તૈયાર કરે છે. તેમ ભણતર એવું હોવું જોઇએ, કે માણસને પોતાનું જીવન કેવી રીતે સફળ કરવું જોઇએ અને આત્માને ઉર્ધ્વગતિગામી કઈ રીતે બનાવવો જોઈએ, તે ઉદ્દેશથી તેનું ઘડતર કરે !

⊙

**મોટર ચાલુ છે** **યાત્રાર્થે પધારો** **મોટર ચાલુ છે**

શ્રી જીરાવલા પાર્શ્વનાથજી મહાન પ્રાચીન ચમત્કારિક તીર્થની યાત્રા માટે પેઢીની પ્રાઇવેટ બસ આબુરોડ જૈન ધર્મશાળાની પાછળથી દરરોજ બપોરના ૨ા વાગે ઉપડી સાંજના પાંચ વાગે જીરાવલાજી પહોંચાડે છે. અને બીજે દિવસે ઉપડી બપોરે ૧ વાગે આબુ રોડ પહોંચાડે છે.

સ્વચ્છ હવા, હલકું પાણી, નૂતન ધર્મશાળા સારી એવી ભોજનશાળાની સગવડતા છે માટે દરેક યાત્રાળુ ભાઈ-બ્હેનોને આ પ્રાચીન તીર્થની યાત્રાનો અવશ્ય લાભ લેવા વિનંતી છે.

**પેઢીની બસ ચોમાસા અંગે બંધ હતી, તે તા. ૩૦-૧૦-૫૯થી શરૂ થઇ છે.**

નિવેદકઃ— મેનેજીંગ ટ્રસ્ટ કમીટી

**શ્રી જીરાવલા પાર્શ્વનાથજી જૈન પેઢી. પો. રેવદર (આબુરોડ થઈ)**

**जिनमंदिरोंके उपयोगी**

रथ, हाथी इन्द्रध्वजा गाडी, पालखी भंडारपेटी शास्त्रोक्त पद्धति अनुसार तीन प्रतिमाजी स्थापन करनेका सिंहासन, लकडेका कोतरकाम बनाके उसके पर सोने, चांदीके पतरे (चद्दर) लगानेवाले.

चांदीकी आंगीओ, पंचधातुकी प्रतिमाजी ओर परिकर बनानेवाले. चांदीकी चद्दर आपके यहां आके लकडे पर लगा देते है. ओर्डर हमारी दुकान पर देनेसे भी काम बनाके भेज सकते हे. मशीन (यंत्र) से चलनेवाले रथ ओर ईन्द्रधजाकी गाडी बनाने वाले.

**मिस्त्री ब्रिजलाल रामनाथ पालीताणा.**

**ता. क. मीलनेकी जरुर हो तो खर्च देनेसे आ सकते है.**

# પુનરુત્થાનના મંગલમાર્ગે

**કુમારી જ્યોત્સ્ના શાહ—મુંબઈ.**

સંયમની સાધનાના માર્ગે વળેલ આત્મા મોહની પરવશતાથી પતિત બને છે, અને સંસારમાં ગબડી પડે છે. અને અવસર આવતાં તે આત્મા ફરી કઇ રીતે ઉત્થાનના કલ્યાણકર માર્ગે પ્રગતિ કરે છે? તેનું કાવ્યની મધુર ભાષામાં સુંદર શૈલીયે અહિં આલેખન થયું છે.

( ૧ )

ચિલાતીપુત્રના પૂર્વભવોની વાત છે. એક સમયે તે કુમાર હતો. સુષિમા તેની પત્ની હતી. જીવનયાત્રાના બંને પથિકો પોતાનો સંસારરથ નિર્વિઘ્ને એ પંથ પર દોડાવ્યે જતા હતા. બંને વચ્ચેનું ઐક્ય અજબ હતું.

પૂર્વના સંયમના કો' પ્રબલ સંસ્કારને પરિણામે ગળાડૂબ ભોગવિલાસમાં ડૂબેલ હોવા છતાં તેનાથી પર હતા. આમ છતાં તેને પોતાની પત્ની પર અત્યંત સ્નેહ હતો. એ સ્નેહ ગાઢ હોવા છતાં આ સંયમમાર્ગ પરનું મમત્વ ત્યાગમાર્ગનું આકર્ષણ પણ તેના અંતરને આવરી લેતું એક જ ચમકારાની જરૂર હતી. એકદા એક ચિનગારી–વિરાગની ચિનગારી તેના હૈયામાં આવી પડી અને સાંસારિક સુખ–વૈભવોની લાલસાને સળગાવી મૂકી.

દૂર દૂર ક્ષિતિજમાંથી રવિના તેજોમય કિરણોનો જન્મ થતો ન હોય તેમ અંતરની કો' ક્ષિતિજતટે વૈરાગ્યના પુંજ વેરતા કોડકોડ કિરણોના હૃદય સાથે તેનો અંતરાત્મા ઝળહળી ઉઠયો. એ તેજોમય પ્રકાશમાં તેને કંઈક નવીન લાધ્યું, અને એની મીટ સંયમના સોપાન તરફ વળી. મુકિતનો સાદ તેને સતાવવા લાગ્યો. શિવરમણીને વરવા તે આતુર–અત્યંત આતુર બન્યો. એની આંખોમાં, એના બાહુમાં, એના સશકત લોહિયાળ પગોમાં અગમ્ય ચેતના આવી.

શિવરમણીના વિચારમાં તો તે ક્ષણિક તેની અત્યંત વ્હાલી, બનેલી સહચરીને પણ ભૂલી ગયો અને....અને એ ક્ષણ તેને માટે અપૂર્વ નીવડી. એ હંમેશ માટે ભૂલી જવા તૈયાર થયો સદ્ગુરુના ચરણકમળમાં જઈ ઝુકી પડયો. પોતાની જીવનદોરી ગુરૂના હાથમાં સોંપી દીધી. એકલા એ જ નહિ પરંતુ પોતાની પત્નીને પણ વિરાગનો સુવાસ આપી. આમ બંને જણાએ જીવનધોધ તે પુનિતપંથે વહેવડાવી દીધો.

જ્ઞાન–ધ્યાનની સંયમી જીવનની આત્મકલ્યાણકર સાધનામાં રકત બન્યા. દેહનો મમત્વભાવ દૂર કરી તપારાધનામાં તરબોળ બન્યા. મનોહર ચારિત્રના પાલનમાં પ્રમાદ ખંખેરી પ્રતિક્ષણ જાગૃત રહેવા લાગ્યા. જીવનને ઉજ્જવલ બનાવવાના કોડને મૂર્તસ્વરૂપ આપવા લાગ્યા.

પણ....પણ ભાવિનું રહસ્ય કોણ ઉકેલી શકયું છે? વર્તમાનના ઓથે છૂપાયેલું ભાવિ કયા માર્ગે દોરી જશે, તે કોણ કહી શકે? ભાવિની ભયંકરતા વર્તમાનની આબાદીને કકડભૂસ કરી દેતાં વાર લગાડતી નથી. સાધનાની પગદંડીએ દોડી જતાં આ મુનિ માટે પણ ભાવિ ભયંકર નીવડયું.

કોઇ દિવસ નહિ. કદાપિ નહિ અને આજે.... સંયમપંથે પગરણ માંડયા. બાદ આજ પહેલી જ વાર તેના અંતરમાં તેની પ્રિયતમાની મધુર યાદ આવી ગઈ, એનું અંતર એની આસપાસ વીંટળાઇ ગયું. બસ, થઈ રહ્યું. સંયમમાં દૂષણરૂપ અયોગ્ય વિચારવમળમાં તેનું મન અટવાઇ ગયું. મનની ચંચળ ગતિને તે કેમે ય રોકી શકયો નહિ. સાધનાપર્વત પર ચડતાં પગ લપસ્યો અને ગબડતો જ ગયો. ભૂલવા મથ્યો તેમ તેમ તાદ્દશ તેની આંખ સમક્ષ તરવરવા લાગી;

પ્રિયતમા અને એની સુંદર દેહલતા, કમળસમું એનું મુખારવિંદ, મૃગલોચનને શરમાવે તેવા એ વિશાળ નયનો–કોઇપણ પ્રકારે દૂર થયા નહિ. સંયમની વાટે દોડી જતાં તે અહીં પટકાયો. મોહરાજાની સ્વારી આગળ તે લાચાર બની ઉભો રહ્યો. અપાર પરિશ્રમે બનાવેલો ચારિત્ર-મહેલ જાણે કકઠભુસ થઇ તેની સામે અટ્ટહાસ્ય કરવા લાગ્યો મોહરાજવીના સૈનિકોએ તેનાં મનનો સંપૂર્ણ કબજો લઈ લીધો. અમૃત ભરેલાં જીવન પ્યાલામાં એક જ બિન્દુ ઝેરનું પડયું અને સમસ્ત જીવનપ્યાલો ઝેરમય બની ગયો.

તે ચમકયો....અરે, મહાવ્રતનો ભંગ કરનાર આ દુષ્ટ વિચારો! મહાવ્રતને શ્યામ બનાવનાર આ પાપી વિચારો! કયાં મારૂં સંયમ અને કયાં આ ભોગના વિચારો! કયાં એ શિવરમણી અને કયાં આ પ્રિયતમા! આમ છતાં તે જરૂર પટકાયો જ હતો. પવનવેગે દોડી રહેલા મનને રોકવા–માર્ગ તરફ વાળવા માટે તે અસમર્થ બન્યો હતો. આમ જ એની યાદમાં દિવસોની પરંપરા વીતવા લાગી અને મૃત્યુ આવીને ભેટી પડયું તો પણ ત્યાં સુધી આવા મહાન અપરાધનું પ્રાયશ્ચિત તે લઈ ન શકયો.

ભવિતવ્યતાએ તેની પત્ની માટે પણ તેમ બન્યું. આયુષ્યબંધના કારણે બંને સાથે દેવપણે ઉત્પન્ન થયા. દેવલોકના દિવ્યભોગોમાં રક્ત બન્યા. જાણે ધસમસતા–વાળ્યાં વળાય નહિ તેવા નદીના પૂર અવિરતપણે દોડયાં જતાં ન હોય તેમ સમયની વણજાર વણથંભી દોડતી જ રહી અને....તે દિવ્યભોગોનો પણ અંત આવ્યો.

(૨)

ત્યાંથી ચ્યવી તે કોઈ શેઠને ઘેર ચિલાતી નામની દાસીને ત્યાં પુત્રપણે ઉત્પન્ન થયો અને તેની પ્રિયતમાં કંઈક સમયાંતરે તેજ શેઠને ઘેર પુત્રીપણે ઉત્પન્ન થઇ.

પૂર્વભવના સ્નેહને કારણે બંને વચ્ચે જબ્બર આકર્ષણ થયું. ઘરના સંજોગ પણ એવા જાગ્યા કે ચિલાતીપુત્રને જ આ શેઠની પુત્રી સુષિમાને સંભાળવી પડી. તેની સારસંભાળ રાખવાની જવાબદારી ચિલાતીને શીરે આવી પડી. આ રીતે બંનેનું આકર્ષણ વધુ વધ્યું, બંને જણ આનંદ–પ્રમોદમાં તથા વાર્તા–વિનોદમાં અનેક પ્રકારની ગોષ્ટિ કરવા લાગ્યા. એવામાં એકદા શેઠની નજરે ચિલાતી પુત્ર, સુષિમા સાથે કુચેષ્ટા કરતા ચઢયો. શેઠને પારાવાર ક્રોધ આવ્યો આવા માનવીને હવે ક્ષણવાર પણ ઘરમાં કેમ રાખી શકાય! શેઠે તેજ ક્ષણે ચાલી જવા, ઘર છોડી જવા હુકમ કર્યો.

રાગની ઉત્કષ્ટતા કહો યા ભયંકરતા કહો ગમે તેમ, પણ રાગથી ઉત્પન્ન થતાં શેતાની કાર્યો તેના જીવનમાં પ્રવેશવા લાગ્યા. રાગ શું નથી કરાવતો? ભલભલાનાં મસ્તક પણ નીચા નમાવી દે છે અનેક વર્ષોનાં સંયમ–તપને ખીંટીએ વળગાડી દે છે. ખુનખાર યુદ્ધો પણ કયાં ઓછા થાય છે? ફકત એકની એની તૃપ્તિને કાજે! રાગ જ સદ્ગુણોને વટાવી દુર્ગુણોને આમંત્રણ આપી, સરળ રીતે ચાલતા જીવનપ્રવાહમાં હાથે કરીને ખાડાટેકરા ઉભા કરે છે.

ચિલાતી ઘર છોડી ચાલી તો નીકળ્યો પણ તેના હૃદય ઘરમાં તો સુષિમાની મૂર્તિ કોરાઈ ગઈ હતી. તે ચોરલુંટારૂના ટોળામાં જઈ ચઢયો લુંટફાટનો ધંધો કરતાં શીખ્યો. હૈયામાં એક જ રટણ કે કોઇપણ ભોગે સુષિમાને મેળવવી અને પત્ની બનાવવી. બસ, આ સાધ્યને સિધ્ધ કરવા તે લુંટફાટના ધંધામાં પાવરધો બન્યો અને ટૂંક સમયમાં તો લુંટારાનો સરદાર પલ્લીપતિ બની બેઠો. તેનું નામ સાંભળતાં ગામ આખું ત્રાસી ઉઠે એવી તો એની ધાક પેસી ગઈ હતી.

દિવસો વીતવા માંડયા. તે જે તકની રાહ જોતો હતો તે તક નજદીક આવવા લાગી. શેઠને ઘેર લાગ આવે અને ધાડ પાડવાના જે સ્વપ્ન સેવતો હતો તે સ્વપ્ન તેને સફળ થતું લાગ્યું. જે દિવસની પ્રતીક્ષા કરતો તે દિવસ આવી ચઢયો અને કેટલાક સશસ્ત્ર સાથીદારોને લઇ શેઠને ત્યાં ધાડ પાડવા ચાલી નીકળ્યો. ત્યાં જઇ ધાડ પાડી, માલમિલકત સાથીદારોને આપી પોતે ઉંઘતી સુષિમાને પકડી ઘોડાપર ચઢી નાશી છૂટયો. તીરવેગે ઘોડો હંકારી મૂકયો પણ પાછળ જ શેઠના માણસો પુરપાટ ઘોડા દોડાવી તેને પકડવા અથાગ પરિશ્રમ કરતા દોડયા. એ પરિશ્રમની કંઈક સફળતા થતી લાગી અને તેઓ તેની વધુ ને વધુ નજદિક પહોંચવા લાગ્યા, ખરેખરી રસાકસી જામી, છતાં પણ બંને વચ્ચેનું અંતર ઘટતું ચાલ્યું.

ચિલાતીપુત્રને લાગ્યું કે, હવે પોતે પકડાઈ જશે એ બીક-હેતુથી સુષિમાનું શું કરવું તેનો વિચાર કરવા લાગ્યો, પણ વિચાર કરવાનો સમય કયાં હતો ! પળ બે પળ બસ, વધારે સમય ન હતો. એ પળમાં કઇક વિચાર આવ્યો અને તરવારને એક જ ઝાટકે સુષિમાનું મસ્તક ધડથી જુદું કરી, ધડ ફેંકી દઈ આગળ વધ્યો. ધડ પડયું હતું ત્યાં માણસો આવી પહોંચ્યા. વિચાર્યું કે જેની ખાતર જતા હતા તેના તો પ્રાણની આહુતિ અપાઇ ગઇ છે, હવે શું ? એમ માની ધડ લઈ પાછા ફર્યા. શેઠને અસહ્ય કલ્પાંત થયો પણ થાય શું ? પુષ્પથી પણ કોમળ એવી સુષિમાને ખોઇ બેઠા.

આ બાજુ ચિલાતીપુત્ર દોડયે જ જાય છે. એક હાથમાં લોહી નીતરતી તરવાર અને બીજા હાથમાં રુધિરબુંદ વરસાવતું સુષિમાનું મસ્તક! ચિલાતીના અંગેઅંગમાં ક્રોધની જ્વાળા ભભૂકી ઉઠી છે. એનો અંતરાત્મા ભડભડતી એ જ્વાળામાં લાલબુંદ બની શેકાઈ રહ્યો છે. પણ તેની અત્યારે તેને પડી નથી. તેને તો સુષિમાને મેળવવી હતી પણ ન મેળવી શકયો એ અસહ્ય અજંપાને કારણે તેનું હૃદય કોરાઈ રહ્યું છે.

સુષિમા જતી રહી છે એ એક જ વિચારે જાણે તેના જીવન સર્વસ્વનું બલિદાન દેવાઇ ગયું. એનું જીવનધન લૂંટાઈ ગયું. આંખો વિકરાળ બની અને દેહ તો ધગધગતા લોખંડ જેવો ક્રોધજ્વાળાથી લાલચોળ બની ગયો છે. સુષિમાના પ્રાણ ખેંચનાર તરવાર અને હાથ રુધિરનું જાણે પાન કરી રહ્યા છે. અંગેઅંગમાંથી અંગારા વરસે છે, અને પૃથ્વીને ખેદાનમેદાન કરી નાંખું એવી મિથ્યા કલ્પનામાં આગળ દોડયે જાય છે. જગત આખું તેને ચકકર ચકકર ભમતું ભાસે છે.

આવી વિકટ પરિસ્થિતિમાં આવી પડ્યો છે, એકલો છે, ગાંડોતુર બની જાય એવી ભયંકર સ્થિતિ ઉપસ્થિત થવાને વાર નથી, છતા પણ પૂર્વે પાળેલા ચારિત્રનો પ્રભાવ કહો કે યત્કિંચિત્ આરાધનાનું ફળ કહો; ગમે તેમ, પણ તેના પુણ્યોદયે માર્ગમાં એક વૃક્ષ નીચે કાઉસ્સગ્ગ ધ્યાને ઉભેલા એક મુનિને તેણે દીઠા. તે તેની તરફ દોડી આવ્યો, ક્ષણભર થોભ્યો, ક્ષોભ પામ્યો તરત બોલી ઉઠયો. 'હૃદયને શાંત્વન આપે તેવો કોઈ માર્ગ બતાવ. તારી પાસે ઉપાય છે; બોલ, નહિ તો આ તરવારને ઝાટકે તારૂં મસ્તક ઉડાવી દઈશ. ક્રોધની જ્વાળા તો ડોકિયાં કરતી હતી પણ અંતરાત્માના પેટાળમાંથી ધર્મની રુચિ પ્રગટતી હતી. પશ્ચાત્તાપની સરણી ફુટતી હતી.

આત્મા ભયંકર પાપ કરતાં તો કરી નાંખે પણ જ્યારે તેનો તીવ્ર પશ્ચાત્તાપ થાય છે, એ તીવ્રતા એવી હોય છે કે ભયંકર પાપને પણ બાળીને ભસ્મ થઇ જવું પડે છે તે પ્રાયશ્ચિત જો આત્મસંવેદનાપૂર્વક હોય તો પાપને ખરતાં જરા પણ વાર લાગતી નથી. અને પ્રાયશ્ચિતના નીરમાં નિર્મળ બનેલાને પામતાં વાર કેટલી ? માટે જ કહેવાયું છે ને કમ્મે સુરા તે ધમ્મે સુરા !

ચિલાતી માટે પણ એમ બન્યું, સુષિમાને ગુમાવતા તેના હૃદયને એટલો સખત આઘાત લાગ્યો કે તેની જીવનનૌકા ભરદરિયે ભાંગીને ભૂકો થઇ ગઇ. જીવનનો રસ ઉડી ગયો. સુષિમા સાથે ભોગ ભોગવવાના જે સ્વપ્નો સેવ્યાં હતાં તે વેરવિખેર થઇ ને તેના અંતરના પ્રત્યેક ખૂણાંને ડામ આપવા લાગ્યા. સુષિમાને મેળવવા તેણે જે સાધના પ્રારંભી હતી તે સાધના સફળ ન થઈ અને પોતાના હાથે જ એ અત્યંત વ્હાલી સુષિમાનું ખૂન કરી નાખ્યું. આનાથી વધુ કરૂણતા કઈ હોઇ શકે?

વિચારોના વમળમાં અને સુષિમાના સ્મરણમાં તે વધૂને વધૂને દૂભવા લાગ્યો સારો યે સંસાર તેને ઘૂઘવતા સાગર જેવો ખારો ઉસ ભાસ્યો. સંસારપટની એક પણ વ્યકિત એવી ન હતી કે એને મન સુષિમાથી મહાન હોય. શું સંસાર! શું જગત! શું પ્રેમ! વિશ્વની વિરાટતા તેને તૃણવત્ લાગી ભર્યો ભર્યો સંસાર ફકત સુષિમાના જવાથી ખાલીખમ લાગ્યો. બસ, આ વિચારોના મંથનમાં ડૂબ્યો અને મુનિ પાસે અંતરને સાંત્વન આપવાની માગણી કરી.

(૩)

વિદ્યાધર મુનિએ પણ સમયોચિત કાઉસ્સગ્ગ પારી તેને કહ્યું: ભાઈ, 'ઉપશમ'. તેને સંતોષ ન થયેલો જોઈ મુનિ આગળ બોલ્યા, 'વિવેક' છતાં મુખ પર જિજ્ઞાસાવૃત્તિ ઓછી થઈ ન હતી, તેમ જાણી મુનિએ અંતમાં કહ્યું 'સંવર' આ ત્રણ શબ્દોમાં જૈનધર્મનો સમસ્ત સાર સંભળાવી દીધો હતો. 'સંવર' કહેતાની સાથે જ મુનિ આકાશમાર્ગે ઉડી ગયા, ચિલાતી જોતો રહ્યો, વિચારતો રહ્યો, મુનિને અદશ્ય થતાં જોઈ આશ્ચર્યમાં ડૂબ્યો, અને શું સાંભળ્યું તેનું મંથન કરવા લાગ્યો.

'ઉપશમ' 'ઉપશમ' એટલે શું? એક હાથમાં નગ્ન તલવાર છે અને બીજા હાથમાં સુષિમાનું લોહી નીતરતું મસ્તક છે અંગેઅંગમાં ક્રોધ વ્યાપેલો છે. છતાં 'ઉપશમ' શબ્દ શ્રવણગોચર થતાં, તેની ગહનતા સમજવા પ્રયત્ન કરવા લાગ્યો. 'ઉપશમ' શું તે કોઇ પદાર્થ છે? દ્રવ્ય છે? તેને કયાં અર્થ આવડતો હતો.? એને તો મુનિનાં વચન પર અડગ અતુલ શ્રધ્ધા હતી તેની વિવેકબુદ્ધિએ તેને જાગૃત કર્યો, અને ઉપશમની મધુરતાનો રસાસ્વાદ માણવા લાગ્યો. તેને સમજાયું, 'કયાં ક્રોધને વરસાવતો હું અને કયાં આ ઉપશમના રંગ! અરે, જો ઉપશમને મેં આમંત્ર્યો હોત તો ક્રોધની તાકાત ન હતી કે મારા મનનો કબજો લઈ શકે. ઉપશમ, સમતા ...હા....હા હવે તને ઓળખી. ઉપશમરસમાં જે સદા નિમગ્ન બન્યા છે તેજ શિવવધૂને વર્યા છે, ઉપશમ હૃદયમાં વ્યાપે પછી હાથમાં તલવાર રહે ખરી? તેણે તલવાર ફેંકી દીધી. એક હાથ જાણે બંધનમુકત થયો.

વિચારધારા આગળ વધી. મુનિએ બીજું શું કહ્યું હતું? 'વિવેક' હા, 'વિવેક' પણ 'વિવેક' એટલે શું? અરે, વિવેક હોત, સારાસારનો, હિતાહિતનો વિવેક હોત તો આવું અકાર્ય થાત જ નહિ. હું સાનભાન ભૂલ્યો. વિવેકને વિસાર્યો, ઉપશમને દેશવટો આપ્યો નથી જ, આવી ભયંકર સ્થિતિ સર્જાઇ. આ સુષિમાનું મોત નીપજયું. બસ, હવે આ પણ ન જોઇએ.' એમ બોલતાં તેણે બીજા હાથમાં રહેલું સુષિમાનું મસ્તક પણ ફેંકી દીધું. બંને હાથ ખાલી થયા. હાશ, હવે કેટલી શાંતિ લાગે છે. શરીર પર જયાં ત્યાં લોહીના બિંદુઓ છે. કપડાં પણ સુષિમાના લોહી નીતરતા મસ્તકને લીધે રક્તરંગી બનેલા છે, ને વિચારધારા તો વહે જાય છે.

ઉપશમ અને વિવેક–બેનો રસાસ્વાદ તો માણ્યો પણ....પણ 'સંવર' એટલે શું? તેની દષ્ટિ મુનિ ઉભા હતા તે સ્થાન પર ગઇ અને વિચાર સ્ફૂર્યા. 'હા, સંવર....સંવર એટલે તો કર્મબંધના ચાલુ પ્રવાહને રોકયો તે.' મુનિ

એથી એમને શો અનુભવ થયો એ અહીં એમના જ શબ્દોમાં જોઇએ.

૨૦૦૧ની સાલમાં મને કેન્સરનું જીવલેણ દર્દ થયું. એની પહેલાં છ મહિનાથી માથામાં ઘણો દુઃખાવો થતો. દાકતરોને રોમે બતાવેલું પણ કોઇ કળી શકયું નહિ. એક દિવસ કફમાં લોહી દેખાયું. મેં મારા ફેમિલી દાકતરને વાત કરી. એમણે તપાસીને કેન્સર થયાનું કહ્યું મોટા ડાકતરની સલાહ લેવાનું કહ્યું. ડો. કુપરને દેખાડયું. એમણે કહ્યું કે 'હમણાં પેનીસીલીનના ઈંજેકશનનો કોર્સ લો. એ પહેલાં કાંઇ ઉપચાર કરી શકાય તેમ નથી. ગળું અંદરથી તેમજ બહારથી સૂજી ગયું હતું. આ પહેલાં ખોરાક તો ઓછો થઇ ગયેલો, રોટલી પણ પાણીના ટુકડા સાથે મુશ્કેલીથી ઉતરતી. હવે ગળું એકદમ સંકોચાઇ ગયું. બીજે દિવસે ડો. કે. પી. મોદીનું એપોઈન્ટમેન્ટ લીધું. એમણે તપાસીને કહ્યું કે દરદ ઘણું જ વધી ગયું છે. ટ્રીટમેન્ટની વાત તો બાજુએ રાખો પણ અંદરથી કટકી કાપીને તપાસીને તપાસ કરી શકાય એવી સ્થિતિ પણ નથી રહી. મારા ફેમીલી દાકતરને બાજુએ લઈને એક બે'દિનો હું મહેમાન છું, એમ કહી દીધું. શાંતિથી આયુઃ પૂર્ણ થાય માટે ઘેનના ઈંજેકશન આપવા જણાવ્યું. અમે નિરાશ થઇ ઘેર પાછા ફર્યા. છેલ્લા ચાર પાંચ દિવસથી પાણી પણ ઉતરતું ન હતું. તરસ તો એવી લાગી હતી કે જાણે માટલે માટલા પાણી પી જાઉં. મેં મારા ફેમીલી દાકતરને કહ્યું કે, 'બીજું ભલે કાંઇ ન થાય પણ હું પાણી પી શકું એવું કાંઇક કરો.' એમણે આશ્વાસન આપ્યું કે, 'આજની રાત કાઢી નાખો કાલે સવારે એ માટેનો પ્રબંધ કરી શકીશું. નળીથી હું તમને પાણી આપીશ.' હું ઘેર આવ્યો. તરસની પીડા અસહ્ય બની હતી. એ સમયે મને એકાએક વિચાર આવ્યો કે, 'હવે છેલ્લી ઘડી છે. આ પેનીસીલીનના ઈંજેકશનો વિગેરે થીગડાં છે. વ્યાખ્યાનમાં સાંભળેલું કે આખી જીંદગી ભલે ધર્મ ન કર્યો હોય પણ જો અંતિમ સમયે સર્વે જીવોને ખમાવીને વૈર–વિરોધ ભૂલી જઇને જો નવકારમંત્રનું સ્મરણ કરે તો તેની જરૂર સદ્ગતિ થાય.' એ વચનો યાદ આવ્યા, આ વખતે સાંજના લગભગ ૭ાા વાગ્યા હશે મેં બહારથી કોઇ આવે નહિ, કંઇ દખલ ન થાય એટલા માટે ઘરના બારણાં બંધ કરાવ્યાં, કુંટુમ્બીઓને એકઠાં કરીને સૌને ખમાવ્યા. કોઇને મેં કોઈ પ્રસંગે દુભવ્યા હોય તેની ક્ષમા યાચી. જગતના સર્વ જીવોને ખમાવ્યા. खामेमि सव्व जीवे, सव्वे जीवा खमंतु मे। मित्ति मे सव्व-भूएसु, वेरं मज्झ न केणइ ॥ મૈત્રી ભાવનાની ઉદ્ઘોષણા કરી. જગતના સર્વ જીવો સુખી થાઓ, સુખી થાઓ; જગતના સર્વ જીવો નિરોગી થાઓ, નિરોગી થાઓ; સર્વ જીવોનું કલ્યાણ થાઓ, કલ્યાણ થાઓ; જગતના સર્વ જીવો કર્મથી મુકત બનો, મુકત બનો. અંતઃકરણના ઉંડાણમાંથી આ ભાવના કરી હું નવકારના ધ્યાનમાં લાગી ગયો.

'રખેને મારી દુર્ગતિ થઈ જાય' એ ભયથી ખૂબ જ જાગૃતિપૂર્વક હું નવકારમંત્રમાં લીન બન્યો. મને હવે સદ્ગતિની ધૂન લાગી હતી. મારે હવે બીજુ કાંઇ જોઇતું નહતું. બસ, મારી સદ્ગતિ થાય. એ માટે હું નવકાર અને ભાવના ૨૦–૨૫ નવકાર અને ફરી સર્વ જીવ પ્રત્યે મૈત્રીની પૂર્વોક્ત ભાવનામાં લાગી ગયો એમાં ચિત્ત પરોવાવાથી વેદનાને થોડી ભૂલ્યો. અગીયાર વાગે મને જબરદસ્ત ઉલ્ટી થઇ. આખું તપેલું ભરાઇ ગયું! હું બેહોશ થઈ ગયો. ઘરના માણસો સમજ્યા કે આ છેલ્લો ચાળો છે. રડારોળ થઇ ગઇ. થોડીવારે હું ભાનમાં આવ્યો. મને કાંઇક સારૂં લાગ્યું. મેં પાણી માગ્યું. બે-ત્રણ લોટા પાણી પી ગયો! પણ મને હજી એજ ધુન કે સદ્ગતિ ન ચૂકું. નવકાર અને ભાવના ચાલુ રાખ્યા. મારી બા કહે, થોડું દૂધ લેવાશે? મે કહ્યું: જોઉં, લાવો. મેં એક કપ દૂધ પણ પીધું. આ પહેલાં પાંચેક દિવસથી પાણીનું ટીપું પણ

ગળાની નીચે જતું ન હતું. નવકાર અને ભાવના તો ચાલુ જ છે. રાત્રે મને ઉંઘ આવી ગઈ! છેલ્લા છ દિવસથી ઉંઘ નહોતી આવી. પાંચ છ કલાક હું ઘસઘસાટ ઉંઘ્યો! ઘરના માણસો તો હજી એમજ માનતા હતા કે હું બે-ચાર ઘડીનો મહેમાન છું. સવારે હું ઉંઘ્યો, સ્ફૂર્તિ જણાઈ. જાણે નવજીવન ન મળ્યું હોય! મેં ચા-પાણી લીધા. હું ભાવના અને નવકાર મૂકતો નથી. ધીરે ધીરે હું દૂધ, રાબડી વગેરે બધો પ્રવાહી ખોરાક લેવા માંડયો. દૂધની કેવળ મલાઈ વગેરે પૌષ્ટિક ખોરાક મને આપવા લાગ્યા. એ બધું મને પચી જતું. એક અઠવાડીયામાં તો હું શીરો, વિગેરે લેતો પણ થયો! અમારા ફેમીલી દાકતરને સાથે લઈને મોટા દાકતરને બતાવવા અમે ગયા. એમને ઘણુંજ આશ્ચર્ય થયું. મેં બધી વાત કરી. એ કહે, 'તમે છેલ્લા ચાર-પાંચ દિવસથી તો કાંઈ ખાધું ન હોતું, ઉલ્ટી શાની થઈ? ગળું શાથી ખુલ્લી ગયું? તમે શું ઉપચાર કર્યા હતા? કોઈ દવા લીધી હતી? વૈદ્યાદિકની પણ કાંઈ દવા કરી હોય તો તે કહો, બીજા દરદીઓ ઉપર અજમાવી શકાય.' મેં કહ્યું કે, 'મેં કોઈ દવા લીધી નથી. પ્રભુનું નામ લીધું છે. મેં કોઈ પણ ઉપચાર કર્યો હોય તે કઢાવવા દાકતરે ઘણા પ્રશ્નો પૂછયા, પણ મારી પાસે બીજું કંઈ કહેવાનું હતું જ નહિ. દાકતરને લાગ્યું કે હવે કાંઈક ટ્રીટમેન્ટ કરવી જોઈએ. એમણે લાઈટ લેવાનું કહ્યું. મેં લાઈટ લેવાનું નક્કી કર્યું, ૨૮ સીટીંગ લાઈટ લીધી. પણ મને તો હવે ખાત્રી થઈ ગઈ હતી કે નવકારથી જ બધું મટી જશે એટલે લાઈટ લેવા જતાં રસ્તામાં-બસમાં-ઘેરથી નીકળતાં બધે જ ઠેકાણે નવકાર ચાલુ રાખતો. 'આરાધના માટે આ થોડો વખત મળી ગયો છે, ચાર છ મહિના કાઢીશ.' એમ મને લાગ્યું. તેથી હવે સદ્દગતિ ચૂકી ન જવાય એટલા માટે નવકાર અને ભાવનાનો કાર્યક્રમ ચાલુ જ રાખ્યો હતો. વચ્ચે વચ્ચે મનનું ચેકીંગ કરતો કે શું વિચાર ચાલે છે? બીજો કોઈ વિચાર મનમાં ઘુસી જશે. તો સદ્દગતિ અટકી જશે, એ બીકે મન ઉપર પાકો ચોકી પહેરો રાખતો. જેમ ઘરમાં કોઈ ચોર ડાકુ પેસી ન જાય તે માટે દરવાજે પહેરેગીર હોય છે, તેમ મનમાં એવા કોઈ ખરાબ વિચારો પેસી ન જાય તે માટે મન ઉપર સંત્રીની ચોકી મૂકી દેવી જોઈએ.'

'થોડા વખતમાં મને તદ્દન સારું થઇ ગયું. આજે એ વાતને પંદર વર્ષ વીતી ગયાં છે. મને તો કેન્સરે લાભ કર્યો. કેન્સર ન થયું હોત તો, હું ધર્મમાં કદાચ ન જોડાયો હોત. મને જીવાડનાર નવકાર છે, એમ હું માનું છું. તેથી નવકાર એ મારે મન સર્વસ્વ છે. ત્યારથી હું નિવૃત્ત જીવન ગાળું છું.

(૩)

આજે મારી દિનચર્યા આ પ્રમાણે છે, સવારે ૪ વાગ્યે ઉઠી જાઉં છું. પછી—

खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे ।
मित्ति मे सव्वभूएसु वेरं मज्झ न केणइ ॥

જગતના સર્વે જીવો સુખી થાઓ, સુખી; થાઓ; નિરોગી થાઓ; નિરોગી થાઓ; મુકત થાઓ; મુકત થાઓ; કોઈ પાપ ન આચરો એ પ્રમાણે ભાવના કરીને આત્મરક્ષાકર સ્તોત્રથી આત્મરક્ષા કરી, ૩ નવકાર ગણીને, પદ્દમાસને બેસીને હું હૃદયમાં એક શ્વેત કમળની ધારણા કરૂં છું. દરેક પાંખડી ઉપર સિદ્ધચક્રની ધારણા કરી અકેક પદ ઉપર અકેક નવકાર ગણું છું. પછી કર્ણિકાના ત્રણ ભાગ કલ્પી ત્યાં સિદ્ધચક્રની ધારણા કરી, ૧૨ ખાના પુરા કરૂં છું. એ રીતે ૧૦૮ નવકાર ગણું છું. પછી સિદ્ધચક્રની વાસક્ષેપની પૂજા કરૂં છું. પછી ઉવસગ્ગહરંની નવકારવાળી ગણી, ૧૨ નવકાર કાર્ડ ઉપર છાપેલા નવકારનાં શ્વેત અક્ષરો જાણે જોતો હોઉં એમ ગણું છું, પછી ૨૪ તીર્થંકરોના

નામ શ્વેત અક્ષરોમાં ચિત્તમાં જોઉં છું. પછી અરિહંતના શ્વેતવર્ણનું હૃદયમાં નિરીક્ષણ કરૂં છું. પછી સિદ્ધગિરિનું પૂજન, – માનસ પૂજન કરૂં છું. જાણે સંઘ બેઠો છે, અને હું પૂજાની બધી સામગ્રી લઇ પૂજા કરૂં છું. પછી મહાવીર પ્રભુને ધ્યાનસ્થ દશામાં ચિત્તમાં જોઉં છું. 'પ્રભુ! આપના જેવું ધ્યાન મને કયારે મળે.' એ પ્રાર્થના કરૂં છું. છેલ્લે હું આત્મસ્વરૂપનું ચિંતન કરૂં છું, કે હું અનંતજ્ઞાનનો, અનંત શકિતનો માલિક છું. એ ત્રણ મીનીટ એ રીતે ધ્યાન કરૂં છું. ત્યાં પાંચ વાગે છે. મને અદ્ભુત શાંતિનો અનુભવ થાય છે. પછી સામાયિક લઈ પ્રતિક્રમણ કરૂં છું.

પછી ગામના બધા દહેરાસરે જાઉં છું. અમારા ગામનાં દહેરાસરો ઘણા રમણીય છે, પ્રતિમાજી પ્રાચીન છે, તેના દર્શન કરી આવી નવકારસી કરૂં છું ત્યાં ૯/૯ાા થાય છે. વ્યાખ્યાન હોય તો વ્યાખ્યાન સાંભળું છું. દશથી અગીયાર સુધી ભાભા પાર્શ્વનાથ પાસે સવારે ઉઠીને ૪–૫ માં જે કાર્યક્રમ છે તે આખો કાર્યક્રમ કરૂં છું. મને અહીં અનેરી શાંતિ મળે છે. પૂજા કરીને જમવાનો સમય થઈ જતાં જમી લઉં છું. પછી અર્ધો કલાક, ધાર્મિક વાંચન કરૂં છું, પછી થોડીવાર આરામ કરી ૨–૩ સામાયિક કરૂં છું. એમાં નવતત્ત્વ, વગેરેનો થોડો અભ્યાસ, ધ્યાનાદિ કરૂં. સાંજે ભોજનનો સમય થતાં ભોજન કરી દહેરાસરે દર્શન કરી આવી પ્રતિક્રમણ કરૂં છું. બાદ મહારાજ હોય તો વૈયાવચ્ચ, ભકિત કરી ઘેર આવું છું, સર્વ જીવોને ખમાવી, ભાવના ભાવી, નવકાર ગણતાં ગણતાં ઊંઘી જાઉં છું. બે ચાર નવકાર ગણતાં જ એવી ઉંઘ આવી જાય છે કે, કયાં ઊંઘ્યા એની ખબર પણ નથી પડતી. ઊંઘમા ॐ ह्रीँ अर्हं नमः કે नमो अरिहंताणं એ એક પદનો જાપ તાલબદ્ધ પણે ઘડીઆળના ટક ટક અવાજની સાથે ચાલ્યા કરે છે.

હાલતાં ચાલતાં, ઊઠતાં બેસતાં, બસમાં, ગાડીમાં, જ્યાં ટાઈમ મળે ત્યારે नमो अरिहंताण કે ॐ ह्रीँ अर्हं नमः નો જાપ ચાલુ જ રાખું છું. અને અડધા અડધા કલાકે જરા અટકીને મનની તપાસ કરૂં છું કે શું વિચાર ચાલે છે? છેલ્લા દસ વર્ષથી આ કાર્યક્રમ ચાલે છે. તે પહેલાં પાંચ વર્ષ આવો કોઈ નિયત કાર્યક્રમ ગોઠવ્યો ન હતો. પણ થોડો વખત આરાધના માટે મળી ગયો છે. એનો પુરો ઉપયોગ કરી સદ્ગતિ સાધી લેવી એ હેતુથી નવકાર અને ભાવના, ફરી ભાવના અને નવકાર, એ પ્રમાણે દિવસ અને રાત રટણા રાખેલી. પછી મેં ઉપર મુજબ એક કાર્યક્રમ નકકી કરી લીધો.

આથી મારો રોગ તો ગયો, એટલું જ નહિ, મારી આર્થિક સ્થિતિ પણ સુધરી. માનસિક વિકાસ થયો. શરીર પણ ઘણું જ સારૂં થઇ ગયું, લાઇટ લીધા પછી અમુક અમુક મુદતે હોસ્પીટલમાં બતાવવા જતો, એક વખત વજન કરવાના કાંટા ઉપર નવો માણસ આવેલો. વજન કરાવવા મારૂં નામ પોકારાયું "અમરચંદ...." હું જઈને ઊભો. "તુમ કયા આયા patient (દરદી) કો ખડા કરો" "મૈં હિ patient હું" એવું મારૂં શરીર થઇ ગયું હતું કે હું દરદી હોઈશ એવી કોઈને કલ્પના પણ ન આવે. આજે હું બધો જ ખોરાક લઇ શકું છું કોઈ પરેજી પાળતો નથી. હું સંપૂર્ણ તંદુરસ્ત છું. આર્થિક સ્થિતિમાં પણ ઘણોજ સુધારો થઇ ગયો છે. અને મારો માનસિક વિકાસ પણ ઘણો થઈ ગયો છે, આજે હું બે હજારની સભામાં "માઇક" ઉપર નિડરતાથી બોલી શકું છું, અને મારા વિચારો સભાને ઠસાવી શકું છું. મારો અભ્યાસ બહુ ઓછો છે, અને આજ સુધી સભામાં કેમ બોલવું એનો કોઇની પાસે અભ્યાસ કે માર્ગદર્શન લીધું નથી. છતાં એવા એક કે બે પ્રસંગો ઉપસ્થિત થયા ત્યારે હું ૨૦૦૦ માણુસની સમક્ષ સારી રીતે બોલી શકયો હતો, વળી મને અંદરથી એમ થાય કે

અમુક વ્યકિતને ઘણા દિવસથી મળાયું નથી, મળવું છે. તો હું ઘેરથી બહાર નીકળું-દાદર ઊતરૂં ત્યાં એ વ્યકિત સામે મળી જતી! કામમાં કોઇ ગુંચ પડી હોય-કંઇ સૂઝતું ન હોય કે આમાં શું કરવું? તો હું ત્રણ નવકાર ગણીને વિચારું, કે એમાં મને યોગ્ય માર્ગદર્શન મળી જાય છે! આર્થિક પરિસ્થિતિમાં એમ લાગે કે આટલી જરુર છે તો સામેથી કોઈ એવી પાર્ટી મળી જાય કે 'હમણાં અમારા આટલા નાણાં સાચવજો!' અમુક સ્ફુરણાઓ થાય કે અમુક કાર્યમાં અમુક રીતે વર્તવું. એકવાર મને વિચાર આવ્યો કે મુળજી જેઠા મારકેટમાં દુકાન લઇએ. મારા ભાઇઓ કહે કે ૫૦ હજાર પાઘડીના આપતા પણ મુળજી જેઠા મારકેટમાં દુકાન મેળવવી મુશ્કેલ છે, વળી ત્યાં દુકાન ખોલીએ તો એકાદ લાખની મૂડી જોઇએ, એટલે એ અશકય લાગે છે. થોડા દિવસમાં મારી ધારણા પ્રમાણે બન્યું! દુકાન મળી ગઈ! હમણાં થોડા મહિના ઉપર અમે મુંબઇના પરામાં રહેઠાણ માટે મકાનની શોધમાં હતા. એક જૈનભાઈને એક મકાન ભાડે આપવાનું હતું. અમને એક જણે વાત કરી, અમે અરજી કરી. ત્રણસો અરજીઓમાંથી અમારી અરજી પાસ થઇ! સારી સગવડવાળું નવું મકાન વગર પાઘડીએ મળી ગયું! બે મિનિટમાં સ્ટેશનનો રસ્તો અને પાંચ મિનિટે દહેરાસર પહોંચી જવાય એવા અનુકુળ સ્થળે મકાન મળ્યું. આવા નાના મોટા ઘણા અનુભવો આવા થાય છે.


પૂજાની પેટીમાં સમાઈ શકે તેવી .....દ્વિરંગી છપાઇ વેલ્વેટ બાઇન્ડીંગમાં

મ ↓ હા ↓ મં ↓ ગ ↓ લ ↓ કા ↓ રી

એક નકલના | **નવસ્મરણ સ્તોત્રાદિ સંગ્રહ** | સો નકલના

રૂા. ૨-૦૦ | સાઈઝ ૨"×૨" | રૂા. ૧૨૫-૦૦

જેમાં-નવસ્મરણ, પદ્માવતી કવચ, નવગ્રહ મંત્રાક્ષર, શ્રી ગૌતમસ્વામ્યષ્ટકમ્, શ્રી વજ્રપંજર સ્તોત્રમ્, શ્રી મહાલક્ષ્મી અષ્ટક, શ્રી સરસ્વત્યષ્ટક, શ્રી ઘંટાકર્ણ મહામંત્ર, શ્રી પંચિંદિય સૂત્ર-તેમજ સરસ્વતી, શાંતિનાથ, અંબિકાદેવી, પાર્શ્વનાથ, અજિતનાથ, પદ્માવતી, મહાલક્ષ્મી વગેરેના સોળ ચિત્રો આપવામાં આવેલ છે.

પ્રાપ્તિ માટે-**શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર**
બુકસેલર્સ ० પબ્લીશર્સ
કીકા સ્ટ્રીટ—ગોડીજી ચાલ—**મુંબઈ ૨.**

**पवित्र सुगंधी अगरबत्ती, जैन बाइओना हाथे वणेली.**

मंदिरमां ने घेर वापरवा लायक तेमज घणा वरसोथी जाती देखरेख नीचे ऊत्तम चीजोथी बनावेली ज अगरबत्ती दक्षिण, महाराष्ट्र, सौराष्ट्र, गुजरात, मारवाड, मुंबई, कच्छ, खानदेश, कलकत्ता, मद्रास, मध्यप्रदेश, मध्यभारत वगेरेना मोटा शहेरोमां कायम अमारी अगरबत्ती, वासक्षेप अने धुप वपराय छे.

अढार अभिषेकनी पुडीओ, गंगाजल, शत्रुंजयनदीनुं, सुरजकुंडनुं जल तथा भगवान प्रवेशनो तथा शान्तिस्नात्रने लगतो सामान, केसर,-सुखड-बरास-वाळाकुंची-वरख-बादला (सोनेरी-रुपेरी) वगेरे मले छे:

जयेन्द्रकुमार रमणिकलाल जैन सुगंधी भंडार ६८/७१ गुरुवार पेठ पुना. २

# સમાચાર સાર

## શ્રી સિદ્ધક્ષેત્રની પુણ્યભૂમિમાં ઉજવાયેલ ભાગવતી દીક્ષા મહોત્સવ.

માંગરોલ નિવાસી હાલ કોટ–મુંબઇમાં રહેતા લાલજી કેશવજી ચિનાઈના સુપુત્રી બાલ બ્રહ્મચારિણી કુ. બહેન હંસાનો દીક્ષા મહોત્સવ પાલીતાણા ખાતે શ્રી સિધ્ધક્ષેત્રની પુણ્યભૂમિમાં ભવ્ય સમારોહપૂર્વક પોષ વદ ૬ના રોજ આરિસા ભુવનમાં ઉજવાઇ ગયો. લાલજી કેશવજી ચિનાઈ મુંબઇ જૈન સમાજના કાર્યકર હતા. સેવાભાવી તથા ધગશવાળા હતાં, તેઓના સુપુત્રી ભાગ્યશાલી બ્હેન હંસા ધાર્મિક મનોભાવનાવાળા અને બાલ્યકાળથી સંસ્કાર સંપન્ન હતા, તેમણે ઉપધાનતપ, અઠ્ઠાઈ આદિ ધર્માનુષ્ઠાનો આચરેલા છે. ખંભાત ખાતે ૨૦૧૫ના ચાતુર્માસમાં પૂ. પંન્યાસજી મહારાજશ્રીની દેશનાથી તેમની વૈરાગ્યભાવના વધુ જાગ્રત થઇ તેમનો ધાર્મિક અભ્યાસ કર્મગ્રંથ અને સંસ્કૃતની એક બુક સુધીનો છે. વ્યવહારિક જ્ઞાનમાં તેઓ મેટ્રીક પાસ છે. હંસા બ્હેનની ભાવના દૃઢ જાણીને તેઓના માતુશ્રી જડાવબ્હેન તથા ભાઇ હિંમતલાલ અને મુલરાજભાઇએ શ્રી સિધ્ધગિરિરાજની છત્ર છાયામાં તેઓને દીક્ષા અપાવવાનો શુભ નિર્ણય કર્યો. મુંબઇ ખાતે કોટ જૈન સંઘ તરફથી શેઠ જગજીવન ઓતમચંદના પ્રમુખપણા નીચે તેમજ માંગરોળ જૈન સંઘ તરફથી તથા અન્ય અનેક સંસ્થાઓ તરફથી શેઠ કાંતિલાલ ઇશ્વરલાલ જે. પી. ના પ્રમુખપણા નીચે કુ. બ્હેન હંસાને અભિનંદન આપવાને માટે ભવ્ય મેળાવડાઓ થયેલ, જેમાં હજારો ભાઈ–બ્હેનોની હાજરી રહેલી. દીક્ષાર્થી બ્હેનને સૌએ શુભાશિષો આપેલ. મુંબઈથી તેમને ભારે સમારોહપૂર્વક વિદાયમાન આપેલ. સિદ્ધક્ષેત્ર ખાતે પોષ વદ ૫ના ઠાઠપૂર્વક કુ. હંસાબ્હેનનો વર્ષીદાનનો વરઘોડો નીકળ્યો હતો. વરઘોડાની શોભા અદ્વિતીય હતી. પ્રભુજીનો ચાંદીનો રથ, ઈંદ્રધ્વજા, બેંડો તથા પૂ. પાદ આચાર્યાદિ મુનિવરો અને સાધ્વી સમુદાયથી વરઘોડાનો દેખાવ અપૂર્વ બન્યો હતો, વદિ ૬ના સવારે આરિસાભુવનના ભવ્ય વ્યાખ્યાન હોલમાં પૂ. પાદ પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજયજંબૂસૂરીશ્વરજી મ. તથા પૂ. પાદ પ્રશાંતમૂર્તિ પંન્યાસજી મહારાજશ્રી કનકવિજયજી ગણિવરશ્રીનાં વરદહસ્તે દીક્ષા પ્રદાનની ક્રિયા થઇ હતી. વાંકાનેરવાળા કુ. મંજુલાબ્હેનની પણ દીક્ષા તે અવસરે થઈ હતી. કુ. હંસાબ્હેનના ભાઈ મૂલરાજે પોતાનાં હસ્તે બ્હેન હંસાને ધર્મધ્વજ વહોરાવ્યો હતો. દીક્ષાની ક્રિયા સુંદર રીતે પૂર્ણ થયા પછી નૂતન દીક્ષિત બ્હેન હંસાનું શુભ નામ સાધ્વીજી શ્રી હર્ષરેખાશ્રીજી રાખી તેમને પ્રશાંત વિદુષી સાધ્વીજીશ્રી દર્શનશ્રીજીના શિષ્યા તરીકે પ્રસિદ્ધ કરેલ. નૂતન દીક્ષિતના કુટુંબીઓ તરફથી પેંડાની પ્રભાવના થઈ હતી. અને તેઓના તરફથી વદિ સાતમના દિવસે આરિસાભુવનના શાંતિનાથના જિનાલયમાં પંચકલ્યાણકની પૂજા ઠાઠમાઠથી ભણાવાઈ હતી. એકંદરે ભાગ્યશાલી બેન હંસાનો દીક્ષા મહોત્સવ સિદ્ધક્ષેત્ર ખાતે અભૂતપૂર્વ ઉજવાઇ ગયો. તેમના માતુશ્રી જડાવબ્હેને પોતાની પુત્રી પ્રત્યેનો મોહ ત્યજી વિવેકપૂર્વક જે આ પ્રસંગ ઉજવ્યો તે તેમના ધૈર્યને અભિનંદન. તદુપરાંત ભાઈશ્રી હિમ્મતલાલ તથા તેમના મામા અને બ્હેનો બનેવી આદિએ જે આ પ્રસંગે ઔચિત્ય જાળવી ઉદારતાપૂર્વક યથાશક્તિ આ પ્રસંગને જે રીતે ઉજવ્યો છે તે ખરેખર પ્રશંસાર્હ છે.



## લીંચમાં ઉજવાયેલો ભવ્ય દીક્ષા મહોત્સવ

શ્રી નાથાલાલ પીતાંબરદાસનાં સુપુત્રી શ્રી શારદાબેન તથા શ્રી પોપટલાલ ત્રિભોવનદાસનાં સુપુત્રી શ્રી વસુમતિ બેને પૂ. પંન્યાસજી માનતુંગવિજયજી મહારાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજશ્રી તથા પૂજ્ય મુનિરાજશ્રી આદિની નિશ્રામાં મહા શુદિ ૧૦ ના શુભદિને ભાગવતિ પ્રવ્રજ્યા અંગીકાર કરી હતી. વાગડવાળા સાધ્વી શ્રી નર્મદાશ્રીજી તથા સાધ્વી શ્રી નંદાશ્રીજીનાં શિષ્યા તરીકે અનુક્રમે સાધ્વી શ્રી નયધર્મશ્રીજી તથા સાધ્વીજી શ્રીનંદોત્તરાશ્રીજી તરીકે જાહેર કર્યા હતા. બહારગામથી ૭૦૦ ભાઈ બહેનો પધાર્યા હતા, વ્યવસ્થા સુંદર હતી. અઠાઈ મહોત્સવ સુંદર રીતે ઉજવાયો હતો. છેલ્લે દિવસે શ્રીફળની પ્રભાવના થઈ હતી, નોમ તથા દશમના સંઘ સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

મહા શુદિ ૮ ના રોજ બંને બેનોનું સન્માન કરવા કાજે શ્રી મણીલાલ ઝીણાભાઈ ધોરાજીવાળાના પ્રમુખ સ્થાને જૈન યુવક મંડળ તરફથી સત્કાર સમારંભ યોજવામાં આવ્યો હતો.

વરસીદાનનો વરઘોડો ધામધૂમથી ચઢ્યો હતો. ઉંઝાથી બેન્ડ મંગાવ્યું હતું. એકંદર દીક્ષાનો શુભ પ્રસંગ સારી રીતે ઉજવ્યો હતો અને અનેક ભાઈ બહેનોએ લાભ લીધો હતો.



જેઓશ્રી ગત માગસર વદિ બીજના દિવસે શ્રી સિદ્ધાચલજીની પુણ્યભૂમિમાં ભ. શ્રી આદીશ્વર દાદાના ધ્યાનમાં સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા છે. તે પ્રશાંત મૂર્તિ પ્રવર્તિની સાધ્વીશ્રી

**દયાશ્રીજી મહારાજ**

**વડી દીક્ષા અપાઇ**–પ્રશાંત વિદુષી સાધ્વીજી શ્રી દર્શનશ્રીજીના શિષ્યા નૂતન દીક્ષિત સાધ્વીજી શ્રી હર્ષરેખાશ્રીજી કે જેઓની પોષ વદિ ૬ ના શ્રી સિધ્ધક્ષેત્ર ખાતે દીક્ષા થઈ હતી. તેઓની–વડી દીક્ષા માહ સુદિ ૧૪ ના શુભ દિવસે શેઠશ્રી નરશીનાથાની ધર્મશાળાના ચોકમાં વિશાલ મંડપમાં પૂ. પાદ પંન્યાસજી મહારાજશ્રી ભક્તિવિજયજી ગણીવરશ્રી તથા પૂ. પાદ પંન્યાસજી મહારાજશ્રી કનકવિજયજી ગણિવરશ્રીનાં વરદ હસ્તે થઇ હતી. તે પ્રસંગે તેમના સંસારી કુટુંબીજનો તરફથી પ્રભાવના થશે.

**તૈલ ચિત્રો ખૂલ્લાં મૂકાયાં**–મહા વદિ ૨ તા. ૧૪–૨–૬૦ ના બપોરે ૩ા વાગ્યે અત્રે શ્રી સિધ્ધક્ષેત્ર જૈન શ્રાવિકાશ્રમ સંસ્થાના વિશાલ ચોકમાં સાવરકુંડલા નિવાસી ઉદાર ચરિત ધર્માનુરાગી શેઠ અમરચંદ કુંવરજીના ધર્મ પરાયણ ધર્મપત્ની શ્રી હરકોરબ્હેનનું તૈલ ચિત્ર કલકત્તા નિવાસી શેઠ મણિલાલ વનમાલીદાસનાં શુભ હસ્તે ખૂલ્લું મૂકાયેલ. તે પ્રસંગે ઉદારદિલ શેઠ મણિભાઈએ પોતાના માતુશ્રીના સ્મરણાર્થે તેમના નામથી રૂા. ૧૦૦૧ આપી સંસ્થાના પેટ્રન તરીકે નામ નોંધાવેલ. તેમજ કલકત્તા નિવાસી દોશી વૃજલાલ ડાહ્યાભાઈએ પોતાના ધર્મપત્નીના નામથી રૂા. ૧૦૦૧ આપી સંસ્થાના પેટ્રન તરીકે નામ નોંધાવેલ. શેઠ અમરચંદભાઇએ પોતાના માતુશ્રીનાં નામે રૂા. ૨૫૧) આપી એક તિથિ નોંધાવી હતી. મહા વદ ૭ ના પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજશ્રીનું તૈલચિત્ર સિસોદરાનિવાસી શ્રી હીરાચંદભાઇનાં શુભ હસ્તે ખૂલ્લું મુકાયેલ. તે અવસરે સંસ્થાને તેમના તરફથી યોગ્ય રકમ આપવાની જાહેરાત થયેલ.

**શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘની સ્થાપના**

સાવરકુંડલા ખાતે કલકત્તા નિવાસી ઉદારદિલ શેઠ મણિલાલ વનમાલીદાસ તથા શ્રી વૃજલાલ ડાહ્યાભાઈ દોશીના શુભ પ્રયાસથી શ્વેતાંબર મૂર્તિપુજક જૈન સંઘની પેઢીની શ્રી ધર્મદાસ શાન્તિદાસ જૈન પેઢીના નામથી સ્થાપના કરવામાં આવી છે. ફાગણ સુદિ ત્રીજના શુભ મુહૂર્તે પેઢીનું ઉદ્ઘાટન શેઠ અમરચંદ કુંવરજીના શુભ હસ્તે થયું છે. તે વેળા સાધરણ ખાતામાં લગભગ ૧૫૦૦ની ઉપજ થયેલી. જૈનસમાજનો ઉત્સાહ અમાપ હતો. સવારે સ્નાત્ર ઠાઠમાઠથી ભણાવાયેલ બપોરે શ્રીનવપદજીની પૂજા ભણાવાઈ હતી. અને સાંજે શ્રીખંડપૂરીનું સાધર્મિક વાત્સલ્ય થયેલ. સંઘના પ્રમુખ તરીકે સર્વાનુમતે શેઠ અમરચંદ કુંવરજીની વરણી થઈ છે. દેરાસર, આયંબિલખાતું તથા પાઠશાળા ઈત્યાદિનો વહિવટ આ પેઢીના નામથી સંઘહસ્તક ચાલશે. જેના સેક્રેટરીઓ તરીકે શેઠ છોટાલાલ મણિલાલ તથા દોશી દલીચંદ રાયચંદ કાંટાવાળાની વરણી થઇ છે.

**આયંબિલ ખાતાના મકાનનુ ખાતમુહૂર્ત**–સાવરકુંડલા ખાતે શેઠ મણિલાલ વનમાલીદાસના શુભ હસ્તે આયંબિલ ખાતાના નવા મકાનનું ખાત મુહૂર્ત થયેલ છે. તે પ્રસંગે તેઓએ રૂા. ૧૧ હજારની સખાવત કરી હતી.

**સફળ ઓપરેશન**–ભાવનગર ખાતે સર તખ્તસિંહજી હોસ્પીટાલમાં પૂ. પંન્યાસજી મહારાજશ્રી કનકવિજયજી ગણિવરશ્રીના શિષ્ય રત્ન સેવાભાવી પૂ મુનિરાજશ્રી મહિમાવિજયજી મહારાજશ્રીને ફાગણ સુદિ ૧૦ ના વધરાવળનું ઓપરેશન ડૉ. વ્યાસના હાથે થયું છે. તેઓશ્રીની તબીયત સારી છે. તેમજ પૂ. સ્વ. આચાર્ય મહારાજશ્રી વિજયક્ષમાભદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીના વયોવૃદ્ધ શિષ્ય મુનિરાજ શ્રી લાભવિજયજીને સારંગાંઠનું ઓપરેશન ડૉ. વ્યાસના હાથે સફળ રીતે થયેલ છે. તેઓશ્રીની તબીયત સારી છે. પૂ. પંન્યાસજી મહારાજશ્રી સપરિવાર દાદા સાહેબ જૈન દેરાસરની બાજુ જૈન ઉપાશ્રય તખ્તેશ્વર પ્લોટ ખાતે બિરાજમાન છે. તેઓશ્રીના જમણા પગના અંગૂઠા પર થયેલ ફ્રેકચરને અંગે

હાર્ટવૈદ ડૉ. ભુવાની ટ્રીટમેંટ ચાલે છે ફાગણમહિના બાદ તેઓશ્રી તલાજા બાજુ પધારવા વકી છે.

## પુનામાં શ્રી હીરાલાલ ગુલાબચંદનું થયેલ અપૂર્વ બહુમાન

પુના આંગણે પૂ. આ. દેવ વિજયધર્મસૂરીશ્વરજી તથા પૂ. મુનિરાજ યશોવિજયજી આદિ મુનિમંડળની નિશ્રામાં પરમ સેવાભાવી, ધર્મ શ્રધ્ધાળુ અને છેલ્લાં ત્રીસ વર્ષથી સમ્યગ્જ્ઞાન, દાન કરી રહેલા શિક્ષક શ્રી હીરાલાલભાઈ નવસારીવાળાનું બહુમાન કરવા અર્થે એક ભવ્ય મેળાવડો યોજવામાં આવ્યો હતો.

પ્રારંભમાં ગીતોનો આદિ કાર્યક્રમ થયા બાદ પૂ. આચાર્યદેવશ્રી ધર્મસૂરીશ્વરજીએ તથા સાહિત્યપ્રેમી મુનિ યશોવિજયજીએ પ્રસંગોચિત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, 'જૈન સમાજનું અહોભાગ્ય છે કે આજે ઘણાં ગામોમાં ધાર્મિક શિક્ષણ માટે કલ્પવૃક્ષ સમાન પાઠશાળાની વ્યવસ્થા કરવામાં આવે છે. તેમાં વળી પુનાની જૈન જનતાનું સદ્‌ભાગ્ય છે કે શ્રી હીરાભાઈ જેવા પરમ સેવાભાવી, બાળકો ઉપર અનુપમ વાત્સલ્ય ધરાવનાર વિદ્વાન શિક્ષક પ્રાપ્ત થયા છે. આજ સુધીમાં અમોએ ગામો ગામ ઘણી પાઠશાળાઓ જોઇ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ પણ જોયા પણ પૂનામાં એક નવું જ આશ્ચર્ય જોવા મળ્યું અને તે શ્રી હીરાભાઇમાં પુત્રવાત્સલ્ય પણ ઝળકે છે. અને હીરાભાઇનું વિદ્યાર્થીઓ પ્રત્યેનું ઉદાત્ત વલણ હોવાથી વિદ્યાર્થીઓમાં પણ શિક્ષક પ્રત્યે પ્રેમ, બહુમાન અને આત્મિયતાની લાગણી જન્મી છે. એની અમને પ્રત્યક્ષ પ્રતીતિ થઇ છે.

અમો જે જે ગામોમાં હવે પછી વિહાર કરીશું ત્યાં ત્યાં શ્રી હીરાભાઈનું જ્વલંત ઉદાહરણ મૂકી કહીશું કે, ગુરુ અને શિષ્ય વચ્ચેનો આદર્શ સંબંધ આજના સાંપ્રતકાળમાં પણ જોવો હોય તો પુના જાવ જ્યાં એક શિક્ષકની દોરવણી હેઠળ ૧૭૫ જેટલા આધુનિક કેળવણી લીધેલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.

સાચે જ શાસનભક્તિ કરી રહેલા હીરાભાઈ ધન્યવાદને પાત્ર છે. આવી જ સેવા કાયમ ચાલુ રહે અને સમાજને તેનો લાભ મળે તેવી શાસનદેવને પ્રાર્થના.'

ત્યારબાદ બીજા પણ અગ્રગણ્ય માણસોનાં ભાષણો થયા હતા. અને શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠના માનદ મંત્રી શ્રી બાબુલાલ એન. મોદીએ રૂા. ૧૦૧ અર્પણ કર્યા હતા. અને અત્રે ચાલી રહેલી શ્રી જ્ઞાનોત્તેજક ધાર્મિક પાઠશાળામાં તેઓશ્રીની સેવા હરહંમેશ પ્રાપ્ત થાય એવી ઇચ્છા પ્રદર્શિત કરી હતી.

'પરમ પૂજ્ય પંન્યાસજી પ્રવીણવિજયજી મહારાજના સંસારી ભાઈ તરીકેનો-ગૌરવપ્રદ સંબંધ શ્રી હીરાભાઇએ ઉજ્જવલ કર્યો છે.' આવા વાક્યો બોલતાં બોલતાં 'જૈનં જયતિ શાસનમ્' ના મંગલ સૂરો વચ્ચે જૈન જનતા વિખરાઈ હતી.

**પાઠશાળા ખાતે સારી રકમ ભરાઈ**–સાવરકુંડલા ખાતે જૈન પાઠશાળાનો મેળાવડો યોજાતાં શેઠ અમરચંદ કુંવરજી, શેઠ મણિલાલ વનમાળીદાસ, દોશી વૃજલાલ ડાહ્યાભાઇ આદિ તરફથી સારી રકમ ભરાતાં સારૂં ફંડ થયું હતું.


દહેરાસરો માટે સ્પેશીયલ સુવાસિત

**દિવ્ય અગરબત્તી**

તથા

**કાશ્મીરી અગરબત્તી**

પવિત્ર અને સુંદર વાતાવરણ સર્જે છે.

★

–નમુના માટે લખો–

**ધી નડીયાદ અગરબત્તી વર્કસ**

ઠે. સ્ટેશન રોડ, **નડીઆદ** (ગુજરાત)

**સન્માન સમારંભ યોજાયો**–મુંબઈ નિવાસી શેઠ દેવચંદ ગુલાબચંદભાઇના પ્રમુખપણા નીચે સાવરકુંડલાવાળા તે મૂલ સાવરકુંડલા નિવાસી પણ વ્યાપારાર્થે કલકત્તા ખાતે રહેતા ઉદારદિલ સેવા પરાયણ ધર્મશીલ શેઠ મણિલાલ વનમાળીદાસ તથા દોશી વૃજલાલ ડાહ્યાભાઇના સન્માર્થે જૈન સંઘ સમસ્ત તરફથી એક ભવ્ય સમારંભ તાજેતરમાં ઉજવાયો હતો. જેમાં શેઠ મણિભાઈની ઉજ્જવળ કારકીર્દિ તથા કુંડલા ખાતે તેમણે કરેલ સખાવતો અને ધાર્મિક મહોત્સવો તેમજ કલકત્તા ખાતે ગુજરાતી જૈન સંઘની તેમણે બજાવેલી સેવા ઈત્યાદિનો ઉલ્લેખ કરી તેમજ ભાઈ વૃજલાલ દોશીની અનેકવિધ સેવાઓનો ઉલ્લેખ કરી શ્રી સંઘે તેમને અભિનંદન–પત્ર આપેલ આ પ્રસંગે તેઓએ શ્રી સંઘમાં સારી સખાવતો જાહેર કરી હતી.

**એ ક્રૂરતાભરી હિંસાને અટકાવો**–મુંબઇ સરકાર તરફથી ગિરના જંગલમાં સિંહો જોવા માટેની પ્રવાસીઓ માટે ચાર્જ લઇને સગવડ કરાઈ છે. જેમાં અનેક ભેંસો, પાડા આદિ જીવોનો વિનાશ કરવામાં આવે છે. કેવલ પ્રવાસીઓના મનોરંજનાર્થે આવી ક્રૂરતા ભરી હિંસા મુંબઈ સરકારે શરૂ કરી છે, જે અહિંસા અને સત્યની વાતો કરનારા કોંગ્રેસી તંત્રની શરમ જ કહી શકાય આ યોજનાનું ઉદ્ઘાટન જૈન પ્રધાન શ્રી રસિકભાઈ પરીખના હાથે થયું છે, તે પણ સમયની બલિહારી જ કહેવાયને? પ્રત્યેક જૈને અને અહિંસામાં માનનાર પ્રત્યેક નાગરિકે આવા ઘાતકી મનોરંજનોનો વિરોધ નોંધાવો ઘટે. અહિંસા પ્રેમી અને જીવદયામાં માનનાર વર્ગની લાગણી દુભાવનારા આવા ક્રૂર કાર્યનો વિરોધ કરવો એ સર્વની ફરજ છે. એક બાજુ લોકસભામાં પશુઓ પર ગુજરતી ક્રૂરતા માટે બીલ આવી રહ્યું છે, ને બીજી બાજુ મુંબઈ સરકાર કેવલ પૈસા ભેગા કરવા પશુઓને સિંહોના મુખમાં ધકેલવાના આ નાટકો ભજવી રહેલ છે.

**સન્માન કર્યું**–સિદ્ધક્ષેત્ર ખાતે પોતાની સુકૃતની સંપત્તિનો સદ્વ્યય ઉદાર હાથે કરનાર કચ્છ–ગોધરા નિવાસી સ્વ. શેઠ શિવજી વેલજીભાઈના ધર્મપત્ની ઝવેરબાઇ કે જેમણે ઉદ્યાપન મહોત્સવ તથા પ્રભુપ્રતિષ્ઠા મહોત્સવ અભૂતપૂર્વ ઉજવ્યો. તેમનો તેમના સ્નેહી–સ્વજનો તરફથી સાધર્મિક ભાઈ–બ્હેનો તરફથી સન્માન સમારભ યોજાયો હતો, અનેક પહેરામણીઓ થઈ હતી, ઝવેરબેન તરફથી પણ અહીં સ્વજનોને તથા સાધર્મિક ભાઈ–બહેનોને સોનાની વીંટી, સોનાની માળા, ચાંદીની વાટકી, થાળી, ઇત્યાદિ દ્વારા ભકિત થઇ હતી. અને ઔચિત્ય જળવાયું હતું.

**પ્રભુજીનો પ્રવેશ**–બોડેલીથી ત્રણ માઈલ પર આવેલ સાલપુરા ગામે શેઠશ્રી જીવતલાલ પ્રતાપશીભાઈ તરફથી તૈયાર થયેલ દેહરાસરજીમાં ફાગણ શુદિ ૩ ના શુભ દિને પ્રભુજીનો પ્રવેશ ધામધૂમપૂર્વક થયો હતો. પૂ. મુનિરાજશ્રી ત્રૈલોકયસાગરજી મહારાજ તથા પૂ. મુનિરાજશ્રી કસ્તુરસાગરજી મહારાજ પધાર્યા હતા. પૂજા–સ્વામિ વાત્સલ્ય વગેરે થયું હતું.

**સત્કાર સમારંભ**–મુંબઇ શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ–મુંબઈના ઉપક્રમે તા. ૬–૩–૬૦ના રોજ દાદર જૈન જ્ઞાનમંદિરમાં પૂ. આચાર્યશ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ. તથા પૂ. મુનિરાજશ્રી કીર્તિવિજયજી મ. નું 'શ્રી નમસ્કાર મહામંત્ર' એ વિષય ઉપર જાહેર પ્રવચન રાખવામાં આવ્યું હતું. તેમજ તેઓશ્રીની શુભ નિશ્રામાં 'શ્રી નમસ્કાર નિષ્ઠા' પુસ્તકના લેખક શ્રી મફતલાલ સંઘવીને (નવા ડીસાવાળા) શુભેચ્છકો તથા પ્રશંસકો તરફથી શેઠશ્રી કેશવલાલ બુલાખીદાસના શુભ હસ્તે સન્માનપૂર્વક સુવર્ણચંદ્રક અર્પણ કરવામાં આવ્યો હતો. તેમજ તે અંગે શ્રી કેશવલાલ મોહનલાલ શાહે શ્રી સંઘવીનો પરિચય આપ્યો હતો. તથા શેઠશ્રી ભાઈચંદભાઇ નગીનચંદ ઝવેરી, પ્રો. બિપીનચંદ્ર ઝવેરી,

માટુંગા વિમેન્સ કોલેજના પ્રિન્સીપાલ શ્રી મંગેસરાય જે. પાઠક, શ્રી ધીરજલાલ ટોકરશી શાહ, કુ. છાયા કે. શાહ, શ્રી ફતેહચંદ ઝવેરભાઈ શાહ અને શ્રી કેશવલાલ બુલાખીદાસ વગેરે વક્તાઓએ પ્રાસંગિક વક્તવ્યો કર્યાં હતાં. છેવટે શ્રી મફતલાલ સંઘવીએ 'શ્રી નવકાર મહિમા' પર અસરકારક પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે સારી સંખ્યામાં ભાઇ-બ્હેનોની હાજરી હતી.

**ઉદ્યાપન મહોત્સવ**-લુણાવા (મારવાડ) ખાતે પૂ. આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રી આદિની નીશ્રામાં મહા સુદ ૧૩ ના માંગલિક દિને શ્રી ઉદ્યાપન મહોત્સવની શરૂઆત શ્રી મન્નાલાલભાઈ તથા શ્રી ચુનીલાલભાઇ તરફથી થઇ હતી. રોજ પૂજા, આંગી, ભાવના, પ્રભાવના, રોશની વિગેરે સારા પ્રમાણમાં થયું હતું. આંગી માટે મુંબઈથી શ્રી રમણીકલાલ મણિલાલ શાહને ખાસ બોલાવવામાં આવ્યા હતા. બન્ને દહેરાસરમાં પ્રભુજીને રોજ હીરા-મોતીથી અંગરચના થતી હતી. હજારો ભાઈ-બ્હેનો દર્શનાર્થે આવતા હતા. મહા વદ ૬ ના રોજ અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. સાંજના સ્વામિવાત્સલ્ય થયું હતું શેઠ શ્રી મન્નાલાલભાઈ અને શેઠ શ્રી ભભુતમલભાઈને અભિનંદન અર્પવા એક સમારંભ યોજવામાં આવ્યો હતો.

**ઉદ્‍ઘાટન**-કડી જૈન ઉપાશ્રયનું ઉદ્‍ઘાટન શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈના કુટુંબીજનોના હાથે થયું હતું. તે નિમિત્તે પૂ. મુનિરાજ શ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજની નિશ્રામાં અઠાઈ મહોત્સવ ઉજવાયેલ. પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજે વિદ્યાર્થી ભવનના વિદ્યાર્થીઓની સમક્ષ 'સાચુંજ્ઞાન' એ વિષય પર મનનીય પ્રવચન કર્યું હતું.

**અઢાર અભિષેક**-ડભોઇ શ્રી લોઢણુવા પાર્શ્વનાથ ભ. ને લેપ કરાવ્યાથી છેલ્લા અઢી વર્ષથી પૂજા બંધ હતી. શ્રી સંઘ તરફથી મહોત્સવ થયો હતો અને અઢાર અભિષેક તથા શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું અભિષેકના દિવસે અમી ઝર્યાં હતા. પૂ. મુનિરાજશ્રી કસ્તુરસાગરજી મહારાજ શુભ પ્રસંગ પર પધાર્યા હતાં.

**પ્રતિષ્ઠા મહોત્સવ**-અંજારના જૈન દહેરાસરમાં પૂ. આચાર્યશ્રી કનકસૂરીશ્વરજી મહારાજ પૂ. પંન્યાસજી દીપવિજયજી મહારાજ તથા પૂ પંન્યાસજી સુદર્શનવિજયજી ગણિવર આદિની નીશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવ સારી રીતે ઉજવાયો હતો, શ્રીફળની પ્રભાવના થઈ હતી. મહા સુદિ ૧૦ ના નવકારશી થયેલ.

**ઈનામી મેળાવડો**-વરકાણા શ્રી પાર્શ્વનાથ વિદ્યાલયના વિદ્યાર્થીઓની ધાર્મિક પરીક્ષા શ્રી રામચંદ્રભાઈ ડી. શાહે તા. ૨૮ ફેબ્રુ. થી ૨ જી માર્ચ સુધી લીધી હતી. ૨૭૫ વિદ્યાર્થીઓ લગભગ પરીક્ષામાં બેઠા હતા. ઇનામી મેળાવડો હાઇસ્કુલના પ્રીન્સીપાલ સાહેબના પ્રમુખસ્થાને હાઈસ્કુલના લેકચર હોલમાં યોજાયો હતો. શરૂઆતમાં વિદ્યાલયના ગૃહપતિ શ્રી ભણશાલીજીએ વકતવ્ય કર્યું હતું. ત્યારબાદ જુદા જુદા વક્તાઓએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતા. રૂા. ૧૦૧ નાં ઈનામો વહેંચાયાં હતાં.

ફાગણ શુદિ ૯ ના શાહ પુનમચંદજી, શ્રી વનેચંદજી, શ્રી જગરૂપજી મંડવાડીયાવાળા તરફથી શ્રી કેશરીયાજી તીર્થનો સંઘ અહી આવેલ. સંઘમાં બારસો ભાઈ-બ્હેનો હતાં અને ચોવીસ મોટરો હતી. શ્રી સંઘવીજી તરફથી દહેરાસરજીમાં રૂા. ૫૦૧, તથા વિદ્યાલયમાં રૂા. ૭૦૧, આપેલ અને વિદ્યાલયની પ્રશંસા કરી હતી.

**ઉમ્મેદાબાદ** (ગોળ) શ્રી જૈન પાઠશાળાની ધાર્મિક પરીક્ષા શ્રી કાંતીલાલ ભાઈચંદ પરીક્ષકે લીધી હતી. પરિણામ ૯૦ ટકા આવ્યું હતું. તેનો ઈનામી મેળાવડો રાખવામાં આવેલ. ચરવળા, કટાસણાં, વગેરે દર્શન-જ્ઞાન અને ચારિત્રનાં ઉપકરણો વહેંચવામાં આવેલ માસ્તર

ઉમેદચંદભાઇ ક્રિયારૂચી અને શ્રદ્ધાવાન છે.

**પાઠશાળા ચાલુ કરી**–દેપલા (સૌરાષ્ટ્ર) મહા શુદિ ૧૧ ના જૈન પાઠશાળા પૂ. મુનિરાજ શ્રી જમ્બૂવિજયજી મહારાજશ્રીના સદુપદેશથી શરૂ થઈ છે. જૈનોનાં ફક્ત પાંચ જ ઘર છે, શ્રાવિકાશ્રમમાંથી શિક્ષિકા બેનને બોલાવવામાં આવેલ છે.

શ્રીયુત હીરાલાલ ગુલાબચંદ



જેઓશ્રીનું પુના ખાતે બહુમાન કરવામાં આવ્યું હતું.

**લાસ** (મારવાડ) પૂ. પંન્યાસજી માનવિજયજી મહારાજ આદિની નિશ્રામાં ભાઈ મગનલાલની ભાગવતિ દીક્ષા મહા શુદિ ૧૦ ના થઇ હતી તે નિમિત્તે વરઘોડો, શાંતિસ્નાત્ર, આંગી પૂજા, ભાવના વગેરે સુંદર થયું હતું. પૂ હર્ષવિજયજી મહારાજના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. પૂજા–ભાવના માટે મુંબઈથી શ્રી મહાવીર સંયુક્ત મંડળને બોલવવામાં આવેલ. પ્રભુ ભક્તિમાં સુંદર જમાવટ થઇ હતી.

**ખુલાસો**–ગતાંકમાં 'સ્વર્ણલતા અને પુર્નજન્મ' અંગે જે લેખ પ્રગટ થયો છે તેના લેખક તરીકે જે નામ મૂક્યું છે તે લેખક નહિ પણ પ્રેક્ષક છે.

**ભેટ મળશે**–શ્રી વીતરાગ સ્તોત્રમૂળ તથા ભાષાંતર ફારમ ૧૦ નું પુસ્તક પૂ. સાધુ–સાધ્વી મહારાજોને ભેટ આપવાનું છે અને શ્રાવકને નવા ૫૦ પૈસા મોકલવાથી ભેટ મળશે. મંગાવવાનું સીરનામું શાંતિલાલ પી. મહેતા, ૯ બ્રોડવે, મદ્રાસ–૧.

**પ્રતિષ્ઠા મહોત્સવ**–રાજપીપળા ખાતે પૂ. પંન્યાસજી રંજનવિજયજી મહારાજ તથા પૂ. મુનિરાજ શ્રી ભદ્રાનંદવિજયજી મહારાજની નિશ્રામાં મહા શુદિ ૧૧ ના પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. ઉપજ સારી થઈ હતી. લોકોએ સારી સંખ્યામાં લાભ લીધો હતો.

**સ્વર્ગારોહણ નિમિત્તે**–ખીમત (મારવાડ) ખાતે પૂ. પ્રવર્તક શ્રી કનકવિમલજી મહારાજના સદુપદેશથી આચાર્ય શ્રી રંગવિમલસૂરીશ્વરજી મ. ના સ્વર્ગારોહણ નિમિત્તે શ્રી સંઘ તરફથી અઠાઇમહોત્સવ તથા શ્રી શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. મહાશુદિ ૧૧ ના બન્ને ટંકની નવકારશી શેઠશ્રી ધરમચંદ પેથાજી તરફથી થઈ હતી. મહોત્સવના નવે દિવસ પૂજા, આંગી રોશની, ભાવના અને પ્રભાવના વગેરે સારા પ્રમાણમાં થયું હતું. બહારગામથી સારા પ્રમાણમાં ભાઇ બ્હેનોની સંખ્યા આવી હતી. આચાર્યશ્રીના નામ સમેત જૈન સેવા મંડળની સ્થાપના થઈ હતી, અને એક મેળાવડો યોજવામાં આવ્યો હતો.

**દીક્ષા મહોત્સવ** લીંબોદરા [ગુજરાત] નિવાસી શ્રી બાબુલાલભાઇ માનચંદ ૨૯ વર્ષની યુવાનવયે ભાગવતિ પ્રવ્રજ્યા અંગીકાર કરવા ઉત્સુક થતાં પૂ. આચાર્યશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. પંન્યાસજી ભાનુવિજયજી

મહારાજ આદિ પધાર્યા હતા અને સ્વાગત–સામૈયુ સારી રીતે થયું હતું. બહારગામથી તેમના કુટુંબીજનો વગેરે સારા પ્રમાણમાં આવ્યા હતા અને ઉત્સાહથી દીક્ષા મહોત્સવમાં ભાગ લીધો હતો. દહેરાસરની બહાર ભવ્ય મંડપ બાંધી અઠાઈ મહોત્સવ તથા શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. દીક્ષા નિમિત્તે ખાસ દર્શન જ્ઞાન અને ચારિત્રના ઉપકરણોનું ઉજમણું યોજાયું હતું. પૂજા, આંગી, ભાવના, રોશની પ્રભાવના અને નવકારશી વગેરે સારાં પ્રમાણમાં થયું હતું. પૂજા ભણાવવા માટે વડનગરથી ગવૈયા રમણિકલાલ અને અમદાવાદથી જૈનધર્મ આરાધક મંડળ શ્રીયુત ચતુરભાઈની આગેવાની નીચે આવેલ. પૂજા ભાવનામાં પ્રભુભક્તિની જમાવટ સારી થઈ હતી. મહા શુદિ ૯ ના બપોરે દીક્ષાર્થી ભાઈનો વરસીદાનનો તથા રથયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. શ્રી પ્રભુજીને તથા શ્રી બાબુભાઈને આખું ગામ નિહાળી રહ્યું હતું. મહા શુદિ ૧૦ ના પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌ના વરદ હસ્તે ધામધૂમથી દીક્ષા થઈ હતી. મુનિરાજ શ્રી નરરત્નવિજયજી મ. ના શિષ્ય તરીકે જાહેર કર્યા હતા અને મુનિરાજશ્રી વિનયચંદ્રવિજયજી મ. નામ રાખવામાં આવ્યું હતું.

**સ્વર્ગારોહણતિથિ** પૂ. શાંતમૂર્તિ શ્રી બુધ્ધિવિજયજી મહારાજની મહા શુદિ ૧૧ ના દિવસે સ્વર્ગારોહણ તિથિ હોવાથી તે નિમિત્તે પૂ. પંન્યાસજી ભુવનવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજશ્રી મહિમાવિજયજી મ. ના સદુપદેશથી કલકત્તાવાળા શેઠ જીવરાજજી રામપુરીયા તરફથી મોતી સુખીયાની ધર્મશાળામાં પૂજા–આંગી થયું હતું.

**પ્રતિષ્ઠા મહોત્સવ**–માંડવગઢ તીર્થમાં પૂ. તપસ્વી ધર્મસાગરજી ગણિવર્ય અને પૂ. મુનિરાજશ્રી અભયસાગરજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો. આ મહોત્સવ પર દશથી પંદર હજાર ભાઈ-બહેનો પધાર્યા હતા અને દરેકને જમવાની રહેવાની વગેરે સુવિધા સારી રીતે સચવાઈ હતી. ઈલાચીકુમાર તથા શ્રી સુપાર્શ્વનાથ ભ. ના પાંચ કલ્યાણકની રચનાઓની ગોઠવણી સુંદર થઈ હતી. મૂળનાયકજી બિરાજમાન કરવાનો આદેશ રૂ. ૬૫૦૧ બોલી બદનાવરવાળા શેઠશ્રી ચાંદમલજી ચોપડાએ લીધો હતો. એ સિવાય બીજી બોલીની ઉછામણી પણ સારા પ્રમાણમાં થઈ હતી. માંડવગઢ તીર્થની યાત્રા કરી મહા સુદ ૧૧ ના રોજ સૌ વિખરાવાની તૈયારી કરતા હતા. સુંદર રીતે ઉજવાયેલા મહોત્સવની સૌ કોઈ અનુમોદના કરતા હતા.

**પ્રકાશન સમારોહ**–અમદાવાદ ખાતે શ્રી લલીતવિસ્તરા નામના મહાન ગ્રંથ ઉપર પૂ. પંન્યાસજી ભાનુવિજયજી મહારાજશ્રીએ વિવેચન કરી ગૂર્જર ભાષામાં 'પરમતેજ' ગ્રંથરૂપે તૈયાર થયેલ, તેનો પ્રકાશન સમારોહ ઉજવવામાં આવ્યો હતો. મુંબઈ નિવાસી શેઠશ્રી અમૃતલાલ કાલીદાસના વરદહસ્તે ગ્રંથનું પ્રકાશન થયું હતું. 'પરમતેજ' નો વરઘોડો કાઢી શ્રુતભકિત કરી હતી અને પ્રાસંગિક ઘણા વકતાઓએ પ્રવચન કર્યાં હતાં.


**પૂજામાં પહેરવાની રેશમી**

મૂલ્ય ૧૭-૦૦ **પૂજા જોડ** **ધોતી ખેસ**

ટકાઉ, કુમાશદાર અને રેશમી પૂજાની જોડ પડતર કિંમતે જ આપવાનું ઠરાવ્યું છે.

**૧ ત્રિકમલાલ વાડીલાલ શાહ**
માણેકચોક–**અમદાવાદ**

**૨ સોમચંદ ડી. શાહ—પાલીતાણા**

# ✻ નવા સભ્યોની શુભ નામાવલી ✻

રૂા. ૨૧, શ્રી શીવજી વેલજી હા. ઝવેરબેન કચ્છ ગોધરાવાળા શ્રી શત્રુંજય ગિરિરાજના પવિત્ર છાયામાં શ્રી ઉદ્યાપન તથા પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે પૂ. પંન્યાસજી કનકવિજયજી મહારાજશ્રીના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી મહિમાવિજયજી મહારાજની શુભપ્રેરણાથી.

રૂા. ૧૧, શ્રી લાલજીભાઈ કેશવજી ચિનોઈ મુંબઈ શ્રી હંસાકુમારી બેનની ભાગવતિ પ્રવ્રજ્યા નિમિત્તે સાધ્વી શ્રી દર્શનશ્રીજી મ. ની શુભપ્રેરણાથી.

રૂા. ૧૧, શ્રી સંસ્કાર મંડળ સાધ્વીશ્રી દયાશ્રીજી મ.ના સ્મરણાર્થે સાધ્વીશ્રી દર્શનશ્રીજી મહારાજની શુભપ્રેરણાથી.

રૂા. ૧૧, શ્રી પી. એસ. બાટલીવાળા સોપ ફેકટરી પુના સહકાર નિમિત્તે શ્રી રતિલાલ હ. શાહની શુભપ્રેરણાથી.

રૂા. ૧૧, શ્રી મોતીચંદ ભારમલ. મુંબઈ.

રૂા. ૧૦૧, અ. સૌ. શ્રી સવિતાબેન સુરેન્દ્રનગર શ્રી ચંપકલાલ ચુનીલાલ માસ્તરની શુભપ્રેરણાથી.

રૂા. ૧૧, સંઘવી માણેકચંદ ગુલાબચંદ સાવરકુંડલા શ્રી અમરચંદ કુંવરજી શેઠની શુભ પ્રેરણાથી.

રૂા. ૧૧, શ્રી કાંતિલાલ ભૂરાભાઈ શાહ સુરેન્દ્રનગર શ્રી ચંપકલાલ ચુનીલાલ માસ્તરની શુભપ્રેરણાથી.

રૂા. ૧૧, શ્રી શીવલાલ નાગજીભાઈ શાહ સુરેન્દ્રનગર ઉપર મુજબની શુભપ્રેરણાથી.

રૂા. ૧૧, શ્રી વૃજલાલ ભોગીલાલ શાહ મુંબઈ નીચેના સભ્યો શ્રી વૃજલાલ હરજીવનભાઈની શુભપ્રેરણાથી થયેલા છે.

રૂા. ૧૩, શ્રી પ્રવીણાબેન રંગુન

રૂા. ૧૧, શ્રી મહેતા બ્રધર્સ માટુંગા

રૂા. ૧૧, શ્રી ચીમનલાલ એન્ડ બ્રધર્સ મુંબઈ

રૂા. ૧૧, જૈન વિશાશ્રીમાલી બોર્ડીંગ અમરેલી

રૂા. ૧૧, જૈન પાઠશાળા ગાંધીનગર બેંગલોર શ્રી પાનાચંદ ઝુંઆભાઈની શુભપ્રેરણાથી

રૂા. ૧૧, શ્રી ચંદુલાલ વીરચંદ શાહ કમાલપુર શ્રી સેવંતીલાલ હ. શાહની શુભપ્રેરણાથી

રૂા. ૧૧, શ્રી શીવલાલ હાથીચંદ કોલ્હાપુર શ્રી ચીમનલાલ રતનચંદ સાંકસાની શુભપ્રેરણાથી

રૂા. ૧૧, મહેતા વસંતલાલ અમુલખ વાવ શ્રી અનોપચંદની સરૂપચંદની શુભપ્રેરણાથી

રૂા. ૧૧, વીરવાડીયા ચીમનલાલ ખેતસીભાઈ ભાટવર ઉપર મુજબની શુભપ્રેરણાથી

રૂા. ૧૧, શેઠ શ્રી નાનચંદ મુલચંદ માટુંગા

રૂા. ૧૧, શ્રી કનૈયાલાલ કોચર શીવની

રૂા. ૧૧, શ્રી ધન્નાલાલ મોતીલાલ સોખડા

રૂા. ૧૧, શ્રી રતિલાલ ત્રિકમલાલ ઝવેરી મુંબઈ

રૂા. ૧૧, શેઠ પમા તારાની પેઢી મહુવા પૂ. આ. શ્રી જિનેન્દ્રસૂરીશ્વરજી મ. શુભ પ્રેરણાથી

રૂા. ૧૧, શ્રી શાંતિલાલ જમનાદાસ મોરારજી હિન્દુ સેનેટેરીયમ લોનાવલા શ્રી નેમીદાસભાઈ અભેચંદભાઈની શુભપ્રેરણાથી

રૂા. ૧૧, શ્રી રમણલાલ કરમચંદ શાહ ગોરેગાંવ શ્રી રતિલાલ હ. શાહની શુભપ્રેરણાથી થયેલા સભ્યોના નામો નીચે મુજબ.

રૂા. ૧૧, પંડિત શ્રી મીલાપચંદજી કોટાવાળા મુંબઈ

રૂા. ૧૧, શેઠ શ્રી પી. એસ. બાટલીવાળા સોપ ફેકટરી પુના

રૂા. ૧૧, શ્રી ત્રીકમલાલ ડાહ્યાલાલ મલાડ

રૂા. ૧૧, શ્રી પોપટલાલ મોતીચંદ દોશી મુંબઈ શ્રી વેલજી મેઘજી ગુઢકાની શુભ પ્રેરણાથી

રૂા. ૧૧, શ્રી ચંદુલાલ બી. શાહ મુંબઈ ઉપર મુજબની શુભપ્રેરણાથી

રૂા. ૧૧, શ્રી માણેકલાલજી મોટા-લાયજા

રૂા. ૧૧, શ્રી ફુલચંદ પુનમચંદ વાપી શ્રી ચંપકલાલ લાલુરામ બોરડીની શુભપ્રેરણાથી

રૂા. ૧૧, શ્રી વર્ધમાન કલ્યાણજીની પેઢી ભદ્રેશ્વર શ્રી પ્રીયકાંતભાઈ પી. શાહ ધ્રાંગધ્રાવાળાની શુભપ્રેરણાથી

Regd. No. B 4925 KALYAN


## વરસી તપનાં પારણા ઉપર સમ્યગ્જ્ઞાનનાં સુંદર પુસ્તકોની પ્રભાવના કરી અમૂલ્ય લાભ ઉઠાવો.

સામાયિક સૂત્ર મૂળ-ગુજરાતી
૧૦૦ ના રૂા. ૧૨-૦૦

સામાયિક સૂત્ર મૂળ—હિન્દી
૧૦૦ ના રૂા. ૧૫-૦૦

બે પ્રતિક્રમણ મૂળ-ગુજરાતી
૧૦૦ ના રૂા. ૪૦-૦૦

આરાધના સંગ્રહ-ગુજરાતી
૧૦૦ ના રૂા. ૩૫-૦૦

અક્ષયનિધિ તપની વિધિ
૧૦૦ ના રૂા. ૧૫-૦૦

સ્થાપનાજી અને આત્મભાવના
૧૦૦ ના રૂા. ૮-૦૦

નેમનાથનો શ્લોકાદિ સંગ્રહ
૧૦૦ ના રૂા. ૧૦-૦૦

નવાણું યાત્રાની વિધિ
૧૦૦ ના રૂા. ૧૦-૦૦

અનાનુપૂર્વિ ગુજરાતી
૧૦૦ ના રૂા. ૭-૦૦

શત્રુંજય ઉદ્ધાર રાસ
(શત્રુંજય લઘુ કલ્પ-મહાકલ્પ સાથે)
૧૦૦ ના રૂા. ૨૦-૦૦

બે પ્રતિક્રમણ વિધિ સહિત
૧૦૦ ના રૂા. ૭૫-૦૦

સ્નાત્ર પૂજા વિધિ સહિત
૧૦૦ ના રૂા. ૧૫-૦૦

નવસ્મરણ ગુજરાતિ
૧૦૦ ના રૂા. ૪૦-૦૦

દર્શનચોવીસી અનાનુપૂર્વિ
૧૦૦ ના રૂા. ૬૫-૦૦

આત્મભાવના સંગ્રહ
૧૦૦ ના રૂા. ૧૦-૦૦

નવકાર મહિમા (૧૦૮ ખમાસમણ)
૧૦૦ ના રૂા. ૧૫-૦૦

સ્થાપનાજી-પાકા
૧૦૦ ના રૂા. ૧૨-૫૦

નમસ્કાર ગીતગંગા
૧૦૦ ના રૂા. ૫૫-૦૦

દેવપાલ કથા
૧૦૦ ના રૂા. ૧૦-૦૦

બાર વ્રતની ટીપ
૧૦૦ ના રૂા. ૧૫-૦૦

અક્ષય તૃતીયા
૧૦૦ ના રૂા. ૪૫-૦૦

અંત સમયની આરાધના
૧૦૦ ના રૂા. ૧૦-૦૦

આપનું નામ વગેરે છાપવું હશે તો છાપી શકાશે. અગાઉથી જણાવો.

**સોમચંદ ડી. શાહ :** ઠે૦ જીવન નિવાસ સામે **પાલીતાણા.** [સૌરાષ્ટ્ર]


તંત્રી, મુદ્રક, પ્રકાશક : સોમચંદ ડી. શાહ : મુદ્રણસ્થાન : શ્રી જશવંતસિંહજી પ્રીન્ટીંગ વર્કસ
વઢવાણ શહેર : કલ્યાણ પ્રકાશન મંદિર માટે પ્રકાશિત કર્યું.